CMYK

Website : www.rakhewaldaily.com    Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : 33 ● અંક : ૨૯
તા.૦૬-૦૩-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૩ ફાગણ સુદ - ૦૯
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૫૯    સૂર્યાસ્ત : ૦૬:૪૩

તાપમાન
ડીસા ૩૪
અમદાવાદ ૩૩.૪
ગાંધીનગર ૩૩
વડોદરા ૩૪.૨
સુરત ૩૪
નલિયા ૩૪

ચાંદી : ૪૩૦૦૦    સોનું : ૨૯૫૦૦

P.R.No. GBK/06/2015-17    RNI No 20508/71    Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ    પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭    જનસેવાની પરંપરાના ૩૧ વર્ષ...

# મોંઘવારી ભથ્થામાં ૨-૪ ટકા સુધી વધારો કરવા તૈયારી

## ૫૦ લાખ કર્મીઓ અને ૫૮ લાખ પેન્શનરોને મોટી રાહત થશે : મોંઘવારીની અસર ઓછી કરવાના હેતુસર મહત્વપૂર્ણ પહેલ કરીને નિર્ણય આ મહિનાના અંતમાં જ લેવામાં આવશે : શ્રમિક સંગઠનો હજુય નાખુશ

નવી દિલ્હી

કેન્દ્ર સરકાર મોંઘવારી ભથ્થામાં ૨૦૪ ટકાના વધારાની જાહેરાત કરવાની તૈયારીમાં છે. આના પરિણામ સ્વરૂપે ૫૦ લાખ કર્મચારીઓ અને ૫૮ લાખ પેન્શનરોને સીધી રીતે ફાયદો થશે. આ મહિનામાં મોડેથી આની જાહેરાત કરવામાં આવનાર છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે હાલમાં આની ગણતરી ચાલી રહી છે. તેમની કમાણી ઉપર ફુગાવાની થઈ રહેલી અસરને ઘટાડવાના હેતુસર કર્મચારીઓ અને પેન્શનરોને મોટી રાહત આપવાના ભાગરૂપે મોંઘવારી ભથ્થાને ગણવામાં આવે છે. મેંન્ટ એમ્પલોઈઝના પ્રમુખ કેકેએન કુટ્ટીએ કહ્યું છે કે કેન્દ્ર દ્વારા તૈયાર કરવામાં આવેલી યોજના મુજબ ભથ્થાને વધારવાનો નિર્ણય કરવામાં આવી ચુક્યો છે. માત્ર જાહેરાત કરવામાં આવનાર છે. પહેલી જાન્યુઆરી ૨૦૧૭થી અમલી બને તે રીતે આની જાહેરાત કરવામાં આવશે. જોકે કુટ્ટીએ આ વધારાને લઈને વધુ વાત કરી નથી. બીજી બાજુ આર્થિક નિષ્ણાતોનું કહેવું છે કે જેના આધાર ઉપર મોંઘવારી ભથ્થા વધારવા માટે નિર્ણય કરવામાં આવ્યો છે તે બેચમાર્ક કન્ઝયુમર પ્રાઈઝ ઈન્ડેક્ષ ફોર ઈન્ડસ્ટ્રીયલ વર્કર સાથે આ વધારાને લઈને કોઈ આંકડા તાલમેલ ખાતા નથી. કેન્દ્ર સરકાર દ્વારા રીટેઈલ ફુગાવાને ધ્યાનમાં લઈને ભથ્થામાં સામાન્ય રીતે વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓના મૂળભૂત પગારના એક હિસ્સા તરીકે મોંઘવારી ભથ્થાની ચૂકવણી કરવામાં આવે છે. નેશનલ કાઉન્સિલની આગામી બેઠકમાં આ મુદ્દે વિસ્તારપૂર્વક રજુઆત કરવામાં આવનાર છે. નેશનલ કાઉન્સિલ ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનીંગ હેઠળ કામ કરનાર સર્વોચ્ચ મંચ તરીકે છે. અત્રે નોંધનિય છે કે આ વર્ષની શરૂઆતમાં સરકારે ડીએમાં ૬ ટકાનો વધારો કર્યો હતો. આની સાથે જ તેને વધારીને બેઝીક પગારના ૧૨૫ ટકા સુધી લઈ જવાયો હતો. મોડેથી આ ડીએનએ મૂળભૂત પગાર સાથે મર્જ કરાયો હતો. સાતમાં વેતન પંચને અમલી કરવામાં આવ્યા બાદ મૂળભૂત પગારમાં આને મર્જ કરવાનો નિર્ણય લેવાયો હતો. હાલમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો બે ટકાના મોંઘવારી ભથ્થા મેળવવા બંધાયેલા છે. પહેલી જુલાઈ ૨૦૧૬થી આને અમલી કરવાનો નિર્ણય લેવાયો હતો. ડીએમાં આ વધારો કરવાથી સીધો ફાયદો ૫૦ લાખથી વધુ કર્મચારીઓ અને ૫૮ લાખ પેન્શનરોને મળશે. આની જાહેરાતને લઈને કર્મચારીઓ અને નિવૃત્ત કર્મીઓમાં ઉત્સુકતાપૂર્વક રાહ જોવાઈ રહી છે.

## ૧૨ કલાકથી વધુ સમય ચાલેલી અથડામણનો અંત

# છુપાયેલા બંને આતંકવાદી ઠાર મરાયા : જવાન શહીદ

### કાશ્મીરના ત્રાલમાં ત્રાસવાદીઓ સાથે ભીષણ અથડામણ થઈ : ઠાર ત્રાસવાદી પૈકીનો એક પાકિસ્તાની આતંકવાદી

શ્રીનગર

દક્ષિણ કાશ્મીરના ત્રાલમાં સુરક્ષા દળો અને ત્રાસવાદીઓ વચ્ચે ચાલી રહેલી અથડામણનો અંતે અંત આવી ગયો છે. જેમાં એક જવાન શહીદ થયા છે અને બે ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. જમ્મુ-કાશ્મીર પોલીસના ડીજીપી એસ.પી. વૈદ્યએ માહિતી આપતા કહ્યું છે કે બે ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવાયા છે. આ બે ત્રાસવાદીઓ પૈકી એક ત્રાસવાદી પાકિસ્તાની છે. જમ્મુ-કાશ્મીર પોલીસ અને સુરક્ષા દળો દ્વારા સંયુક્ત રીતે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ઓપરેશન હવે પૂર્ણ થઈ ચુક્યું છે. અથડામણમાં હિઝબુલ મુજાહીદ્દિનના ત્રાસવાદી આકીબ ભટ ઉર્ફે અકબી મૌલવી અને અન્ય એક ત્રાસવાદી સૈફુલ્લા ઉર્ફે ઓસામાને ઠાર મારી દેવામાં આવ્યો છે. આકીબ છેલ્લા ત્રણ વર્ષથી દક્ષિણ કાશ્મીરના ત્રાલમાં સક્રિય હતો અને તે ભરતીની પ્રક્રિયામાં પણ સામેલ હતો. જ્યારે આતંકવાદી સૈફુલ્લા ઉર્ફે ઓસામા પાકિસ્તાની ત્રાસવાદી હતો અને જૈશે મોહંમદ માટે કામ કરી રહ્યો હતો. પોલીસ અધિકારીએ કહ્યું હતું કે આ અભિયાનનું નેતૃત્વ કરનાર પોલીસ કોન્સ્ટેબલ મુજુર અહેમદ નાયક શહીદ થયા છે. આ ઓપરેશનની શરૂઆત ગઈકાલે સાંજે સાત વાગે કરવામાં આવી હતી અને આ ઓપરેશન આજે સવારે ૬.૩૦ વાગ્યા સુધી ચાલ્યું હતું. છુપાયેલા ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે ત્રાસવાદીઓને ચારેબાજુ ઘેરી લેવાયા બાદ કાયવાહી હાથ ધરવામાં આવી હતી.

સુરક્ષા દળોને બે ત્રાસવાદીઓ એક કારપેન્ટરના ઘરમાં છુપાયા હોવાની માહિતી મળી હતી ત્યારબાદ પોલીસ, સેના અને સીઆરપીએફએ ઓપરેશન સાથે મળીને હાથ ધર્યું હતું. સુરક્ષા દળોએ સાંજે સાત વાગ્યા સુધી ત્રાસવાદીઓને નિહાળી લીધા બાદ બંને પક્ષો તરફથી ગોળીબાર શરૂ થયો હતો.

## વિચાર વૈભવ...

આપણામાં શકિત- તાકાત ન હોય છતાં આપણે ખોટા ખર્ચ કરી, પડોશી- સંબંધીઓનાં ખોટા અનુકરણ કરી, ગાડી બંગલા- ભૌતિક સાધનો- મકાન વગેરે બેન્ક લોન કે વ્યાજે પૈસા લઈ ખરીદ કરીએ, સટ્ટાના મોહમાં મોટી ઉધાર થાય, વ્યાજ ભરી ન શકાય, પછી પરિવાર સાથે ઝેર ઘોરવાનો વારો આવે! 'આત્મહત્યા' થાય છે. પોતાની ચાદર જેટલા જ પગ લાંબા કરવા...

એક બાજ પક્ષી ઘેટાંના ટોળાં પર મંડરાતું હતું. તેની નજર નાના બચ્ચા- ઘેટા પર હતી. એક ઝાડ પર બેઠેલો કાગડો એ બાજ પંખીનું ધ્યાનથી નિરીક્ષણ કરતો હતો.

બાજને તક મળી અને ઘેટાના બચ્ચાને જરા જૂથથી અલગ પડેલું જોયું કે તરત ચીલઝડપ કરી નાના બચ્ચાને બે પગ વચ્ચે ભરાવી ઉપાડી ગયું. કાગડાએ આ આખો બનાવ ધ્યાનથી જોયો.

કાગડાને ચાનક ચઢી, એણે પણ આ યુકિત અજમાવવા નક્કી કર્યું. આજે બુદ્ધિશકિત- યાદશકિત પૈસા વિના પણ વાલીઓ પોતાના સંતાનને ડૉકટર- ઈજનેર બનાવવા ચાનક ચઢાવે છે, તેમ કાગડાને પણ ચાનક ચઢી. ઊડ્યો અને સરરર કરતો એણે પણ ઘેટાના બચ્ચાના પગેથી ઉપાડવા પ્રયત્ન કર્યો. કાગડાના પગ ઘેટાના ઘાટા વાળમાં ભેરવાઈ ગયા. કાગડાએ ખૂબ પાંખો ફફડાવી, ફસાઈ ગયો....

જિંદગીમાં દેખાદેખીથી ખોટા નિર્ણય લેવાથી ફસામણ થાય છે.

- સુરેશ પ્રા.ભટ્ટ

## સાર સમાચાર...

### ૮ માર્ચના દિને સ્વચ્છ શક્તિ સપ્તાહ ઉજવાશે

અમદાવાદ

સાર્વત્રિક સ્વચ્છતાને અનુલક્ષીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તા. ૦૨.૧૦.૨૦૧૪ના રોજ સ્વચ્છ ભારત મિશનનો શુભારંભ કરાવ્યો હતો. જેના ઉપક્રમે રાજયમાં કમિશનર, ગ્રામ વિકાસની કચેરી દ્વારા તા. ૧ થી ૮ માર્ચ દરમિયાન રાજયમાં સ્વચ્છ શકિત સપ્તાહનું આયોજન કરાયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં દેશભરની ૭૦૦૦ મહિલા સરપંચોની હાજરીમાં તેની ઉજવણી કરવામાં આવનાર છે. ગ્રામ વિકાસની કચેરી દ્વારા સ્વચ્છ શકિત સપ્તાહ દરમિયાન ગ્રામ્ય સ્તરે ખુલ્લામાં જાજરૂ જતા ગ્રામજનો સાથે સમજાવટ અને સંવાદ, ગ્રામ પંચાયત, આંગણવાડી, આરોગ્ય કેન્દ્રના જાજરૂ તથા પીવાના પાણીની ડંકીની આસપાસની સફાઈ તથા સફાઈ અંગે શાળાના બાળકો અને મહિલાઓ વચ્ચે રંગોળી સ્પર્ધા અને ગ્રામગૌરવ યાત્રાનું આયોજન કરાયું છે. ૩૩ જિલ્લાઓમાંથી ૨૩ જિલ્લાઓમાં ૨૦૧૨ના બેઝલાઈન સર્વે બાકી હતા તે તમામ શૌચાલયની કામગીરી પૂર્ણ કરી છે.

# વારાણસીમાં મોદીએ બધી તાકાત લગાવી : રોડ શોમાં લોકો ઉમટ્યા

### ભારે ભીડના પરિણામ સ્વરૂપે વડાપ્રધાનનો કાફલો ખૂબ ધીમી ગતિએ આગળ વધ્યો : પાંડેપુરથી રોડ શોની શરૂઆત : અભૂતપૂર્વ સલામતિ વ્યવસ્થા રખાઈ

વારાણસી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સતત બીજા દિવસે વારાણસીમાં જોરદાર રોડ શો યોજીને મતદારોને પોતાની તરફેણમાં કરવાના તમામ પ્રયાસ કર્યા હતા. મોદીના રોડ શોમાં ગઈકાલની જેમ જ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. રોડ શોને લઈને સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. વડાપ્રધાન મોદી રોડ શોવાળી પોતાની ગાડીમાં ફુલ ઉઠાવીને લોકોની તરફ ફેંકી રહ્યા હતા. લોકો પણ ફુલોનો વરસાદ કરી રહ્યા હતા. ભારે ભીડના પરિણામ સ્વરૂપે મોદીનો કાફલો ધીમી ગતિએ આગળ વધ્યો હતો. પોતાના સંસદીય વિસ્તાર વારાણસીમાં રોડ શોનું આયોજન કરાયું હતું. વડાપ્રધાને લોકોનું અભિવાદન પણ સ્વીકાર્યું હતું. વારાણસીમાં મોદીના બીજા રોડ શોને લઈને પહેલાથી જ તૈયારી કરાઈ હતી. સુરક્ષા વ્યવસ્થા પણ ખૂબ જ



મજબૂત રાખનવામાં આવી હતી. પાંડેપુરમાં પહેલાથી જ જમા થઈ ગયા હતા. મોદી મોદી અને વંદે માતરમના નારા લગાવવામાં આવ્યા હતા. અગાઉ મોદી વારાણસીમાં પોલીસ લાઈન પહોંચ્યા હતા. જ્યાંથી મેગા શોની શરૂઆત કરવામાં આવી હતી. અત્રે નોંધનિય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંસદીય મતવિસ્તાર વારાણસીમાં ગઈકાલે પણ મેગા રોડ શો યોજ્યો હતો જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. મોદીના શક્તિ પ્રદર્શનને લઈને ભાજપના કાર્યકરોમાં પણ અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. મોદીના રોડ શોમાં હર હર મોદી ઘર ઘર મોદીના નારા લાગ્યા હતા. ભારત માતા કી જયના નારા પણ લાગ્યા હતા. ચારેબાજુ કેસરિયા રંગ જોવા મળ્યો હતો. મોદીના રોડ શોને લઈને સમગ્ર વારાણસીમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. વડાપ્રધાનના રોડ શોને લઈને કાર્યકરોમાં ભારે ઉત્સાહ રહ્યો હતો. અંતિમ તબક્કામાં આઠમી માર્ચના દિવસે સાત જિલ્લાની ૪૦ બેઠકો માટે મતદાન યોજાનાર છે. વારાણસીની મોટાભાગની બેઠકો પર પ્રભુત્વ જમાવવા માટે ભાજપના તમામ નેતાઓ અને મોટા સ્ટાર પ્રચારકો વારાણસીમાં ઉમટી પડ્યા છે.

## અમદાવાદમાં પારો ઘટીને ૩૩.૪ ડિગ્રી નોંધાયો

# અમદાવાદ સહિત રાજ્યમાં મહત્તમ તાપમાનમાં ફેરફાર

### બપોરના ગાળામાં લોકોએ બહાર નિકળવા માટેનું ટાળ્યું

અમદાવાદ

અમદાવાદ શહેર અને ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં આજે મહત્તમ તાપમાનમાં આંશિક ફેરફાર જોવા મળ્યો હતો. અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન શનિવારની સરખામણીમાં ઘટીને ૩૩.૪ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી રહ્યું હતું. સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ તીવ્ર ગરમી જોવા મળી રહી છે. આજે મહત્તમ તાપમાન સૌથી વધુ ભુજમાં ૩૬ ડિગ્રી નોંધાયું હતું. રાજ્યના કેટલાક ભાગમાં આજે પણ પારો ૩૫થી ઉપર રહ્યો હતો. જેમાં અમરેલી, રાજકોટ, પોરબંદર, વેરાવળ, દીવ, સુરેન્દ્રનગર, મહુવાનો સમાવેશ થાય છે. હવામાન વિભાગ તરફથી હીટવેવ માટેની કોઈ ચેતવણી અપાઈ નથી પરંતુ ઠંડીની શરૂઆત થતા લોકો હવે ગરમીથી બચવા માટેના પ્રયાસોમાં લાગી ગયા છે. આજે રવિવાર હોવાના કારણે બપોરના ગાળામાં લોકો ઘરની બહાર નીકળ્યા ન હતા અને ઘરમાં આરામ કરવાનું પસંદ કર્યું હતું. તબીબોના કહેવા મુજબ ગરમીની આ સિઝનમાં બહારની ચીજવસ્તુઓને ટાળવાની જરૂર છે. અમદાવાદની સાથે સાથે રાજ્યના જુદા જુદા ભાગોમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન વધતા માસુમ બાળકોને તકલીફ થઈ રહી છે. બાળકો અને મોટીવયના લોકો બીમારીના સકંજામાં આવી ગયા છે. આવી સિઝનમાં બહારની ચીજવસ્તુઓને ટાળવાની સલાહ તબીબો આપી રહ્યા છે.

## ગતકડું...!

- દેવેન વ્યાસ



યુ.પી.ની પ્રજાને જાત જાતના વચનો આપો છો, પરંતુ મને આપેલા વચનોનું પાલન કયારે કરશો ?

# ડીસા ધારાસભ્યનો નવતર અભિગમ : ગામના વિકાસ માટે ચાર ટ્રેક્ટરની ફાળવણી

### ધારાસભ્યની ગ્રાન્ટમાંથી વડાવળ, ઝેરડા, શેરપુરા અને ટેટોડા ગ્રામ પંચાયતને ટ્રેક્ટરની ફાળવણી

ડીસા

ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ ગ્રામિણ વિકાસ માટે નવતર અભિગમ દાખવી ચાર ગ્રામ પંચાયતોને ટ્રેક્ટરની ફાળવણી કરી નવી પ્રેરણા પુરી પાડી છે. જેમાં વડાવળ, ઝેરડા, શેરપુરા અને ટેટોડા ગ્રામ પંચાયતને ગઈકાલે ટ્રેક્ટર અર્પણ કર્યા હતા. રાજ્ય સરકાર દ્વારા શહેરી વિકાસ માટે નગરપાલિકાને વિવિધ ગ્રાન્ટો સહિત વાહનોની ફાળવણી કરવામાં આવે છે પરંતુ ગ્રામિણ કક્ષાએ કોઈ વાહન ફાળવાતુ નથી. જેથી ગામડાઓનો વિકાસ રૂંધાય છે. ત્યારે ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ ગ્રામિણ વિકાસના હિતને ધ્યાનમાં લઈ નવી પહેલ કરી છે. તેઓએ




તેમની એટીવીટીની ગ્રાન્ટમાંથી ટ્રેક્ટરની ખરીદી કરી તેમના મત વિસ્તારના વડાવળ, ઝેરડા, શેરપુરા અને ટેટોડા ગ્રામ પંચાયતને સુપ્રત કર્યા હતા. જે પ્રસંગે ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ ગામના ગરીબ ખેડૂતોને નફો નહી નુકસાનના ધોરણે ખેતીના કામ માટે ટ્રેક્ટર ભાડે આપવા ગ્રામ પંચાયતોને અનુરોધ કર્યો હતો. જેથી ખેડૂતો વ્યાજબી ભાવે ખેતીનુ કામ કરી શકે. તેમજ ગામમાં સ્વચ્છતા અને સફાઈ માટે ટ્રેક્ટરનો ઉપયોગ કરવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે આ ચારેય ગામના ગ્રામજનોએ ધારાસભ્યના આ અભિગમને બિરદાવ્યો હતો.

**બનાસકાંઠા જિલ્લા કોલ્ડ સ્ટોરેજ એસોસિએશન**

*ખેડૂત મિત્રો તથા વેપારી ભાઈઓ...*

સવિનય જણાવવાનું કે, છેલ્લા ચાર - પાંચ દિવસથી બટાટાના પ્રતિષ્ઠીત વેપારી ફૂલચંદભાઈ દેવચંદભાઈ માળીના નામની તેમને બદનામ કરવાની અને પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાની પત્રિકા સોશ્યલ મીડીયામાં (વોટસઅપ) પર વાયરલ થયેલ છે. જે પત્રિકામાં લખેલ વિગતો તદ્દન ખોટી છે. બનાસકાંઠા કોલ્ડ સ્ટોરેજ એસોસિએશન આ પત્રિકાનો સખ્ત વિરોધ કરે છે અને સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે.

**ગણપતલાલ એલ. કચ્છવા**
પ્રમુખશ્રી,
બનાસકાંઠા કોલ્ડ સ્ટોરેજ એસોસિએશન

**સાબરકાંઠા - અરવલ્લી કોલ્ડ સ્ટોરેજ એસોસિએશન**

ખેડૂત મિત્રો

છેલ્લા ચાર-પાંચ દિવસથી બટાટાના વેપારી શ્રી ફુલચંદભાઈ માળી (તિરૂપતિ કોલ્ડ સ્ટોરેજ-રણાસણ) ના નામની તેમને બદનામ કરવાની પત્રિકા સોશીયલ મીડીયામાં (વોટસ અપ) પર ફરતી થયેલ છે. જે પત્રિકામાં લખેલ વિગતો તદ્દન પાયા વિહોણી છે. તો સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના કોલ્ડ સ્ટોરેજ એસોસિએશન આ પત્રિકાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે.

**સુમંતભાઈ આર. પટેલ**
**પ્રમુખ**
સાબરકાંઠા - અરવલ્લી કોલ્ડ સ્ટોરેજ એસોસિએશન

CMYK

સૂર્યોદય -૬.૫૯ સૂર્યાસ્ત - ૬.૪૩

## તિથિદર્શન

ફાગણ સુદ ૯ સોમવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૮, નામ સંવત્સર :દુર્મુખ નામ વીર જૈન સંવત ૨૫૪૩ ફાગણ સુદ નોમ સોમવાર નક્ષત્ર:મૃગશીર્ષ રાત્રે ૭.૪૨ પછી આદ્રા યોગ : પ્રિતી કરણ:બાલવ આજે જન્મેલા બાળકની વૃષભ (બ.વ.ઉ.) સવારે ૮.૨૨ પછી મિથુન (ક.છ.ઘ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**દીનાં દીનમુખૈસ્તથૈ વ**
**શિશુકૈરાકૃષ્ટ જીર્ણામ્બરાં ક્રોશાદ્ધિઃ**
**ક્ષુધતૈર્નિન્નવિધુરાં પશ્યેન્ન ચેદ્‌ગેહિનીમ્‌**
**યાંચા ભંગભયેન ગદગદ દગ**
**ઋયદ્વિલીનારં કોઈ દેહીતિ વદેત્સવ**
**દગ્ધજઠરસ્યાર્થે મનવી જનઃ**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'ઉદર ભરવાનો રોગ' (ભૂખ) નો આ શ્લોક છે:

ભૂખ્યાં અને ગરીબડાં જેવા બાળકો, માતા કે જેણે તદ્દન જીર્ણ વસ્ત્રો પહેર્યા છે, જે ખેંચતાં જ ફાટી જાય એવાં છે તેને ખેંચી રહ્યાં છે, અને એવી જેના ઘરમાં -ઝૂંપડામાં અન્નનો એક દાણો પણ નથી એ સ્ત્રી પોતાનાં બાળકોને ભૂખથી બેહાલ થતાં જોઈ રહી છે, એવી સ્ત્રીના પતિ- મનસ્વી જન- પોતાના નિષ્ફળ સંસારને જોઈ, હતાશના ભયમાં- લોચા વાળતી જીભે- અસ્પષ્ટ વાણીમાં કરગરી- ગદ્‌ગદ સ્વરે પોતાના બળેલા પેટ માટે 'આપો' શબ્દ લાચાર થઈને ન બોલે તો શું કરે?! લૂંટારા- ચોર- ભિક્ષુકોનું સર્જન આપણે જ કરીએ છીએ. અસમતોલ સમાજ, અસહિષ્ણુ સમાજ માત્ર ને માત્ર સ્વાર્થ સાધી માનવતા તરફ આંખ મિંચામણા કરે ત્યારે ન્યાય અને સત્યને દાબી દઈ 'શોષણ' કરવા લાગે ખેડૂતની જમીન છીનવી લે, વેપારી વ્યાજથી શોષણ કરે, ત્યારે દબાયેલા- કચડાયેલા સમાજની સહનશક્તિની હદ આવી જાય છે અને લૂંટ- ચોરી કે 'ભીખ' ને રવાડે ચડી જાય છે. કોઈ પણ સ્વમાની ભિક્ષા માટે ઈચ્છુક હોતો નથી. આ સમાજનો દોષ છે. પત્ની-બાળકોની ભૂખની પરિસ્થિતિથી જ માનવીને 'ભીખ' માગવા લાચાર બનાવે છે.

## ભાભર મુકામે નિઃશુલ્ક દાંતના ચોકઠા નાંખવાના કેમ્પનો પ્રારંભ

ભાભર

દાંતની તકલીફ હોય અને ચોકઠા નાંખવાની જરૂરીયાત હોય તેમના માટે આજથી ભાભર મુકામે નિઃશુલ્ક કેમ્પ શરૂ કરવામાં આવ્યો છે. આ કેમ્પની આરોગ્ય રાજયમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ મુલાકાત લઈ વડીલોને મળ્યા હતા. તેમણે રાજય સરકારની આરોગ્ય વિભાગની યોજનાઓનો લાભ લઈ સુખી અને તંદુરસ્ત જીવન જીવવા જણાવ્યું હતુ.

આ પ્રસંગે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના અધ્યક્ષશ્રી નંદાજી ઠાકોર, અગ્રણીઓ સર્વશ્રી ઉમેદદાન ગઢવી, શ્રી ગુમાનસિંહ ચૌહાણ, શ્રી ખેમજીભાઈ પટેલ, શ્રી લાલજીભાઈ ચૌધરી સહિત અગ્રણીઓ, બનાસ ડેરીના બોર્ડ ઓફ ડિરેકટરશ્રીઓ સહિત વિશાળ સંખ્યારમાં લોકો ઉપસ્થિ ત રહ્યા હતા.

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર અને કાવ્યરચનાની લલિતકલાઓમાં સર્વોત્કૃષ્ટ કૃતિઓનું સર્જન કરનાર માઈકલ એન્જેલોની જન્મ જયંતિ છે. એમનો જન્મ તા. ૬-૩-૧૪૭૫ ના રોજ ઈટાલીના કેપ્રીઝમાં થયો હતો. કાવ્યરચનાના બે સીમાસ્તંભોની વચ્ચે એન્જેલોની કલાસાધના વ્યાપક ફલક પ્રસરાવીને પડી છે. સાત વર્ષના ભગીરથ પુરૂષાર્થ પછી 'લાસ્ટ જજમેન્ટ' નામનું જગપ્રસિધ્ધ ચિત્ર (ફિસ્કો પેઈન્ટિંગ્સ) શરૂ કર્યું પણ તે પુરૂ થયું નહી.

એમાં ઈ.સ. ૧૫૬૪માં ૯૦ વર્ષની વયે અવસાન થયું. એમણે એમનું વસિયતનામું ત્રણ વાકયમાં લખેલું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

આ સપ્તાહ દરમ્યાન સંબંધો મજબુત બનતા અનુભવાય. નાણાંકીય રોકાણનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. કોઈ વિશિષ્ટ મૂલ્યવાન વસ્તુની ખરીદી થાય અથવા પ્રાપ્તિ થાય, આર્થિક ક્ષેત્રે મિશ્ર ફળદાયી સમય છે. તેમ છતાં તમને મહેનતના પ્રમાણમાં સારોએવો નાણાંકીય લાભ મળી રહે, અગત્યના કાર્યમાં વિલંબ બાદ સફળતા મળે પરંતુ મિલન-મુલાકાતમાં અણધારી સફળતા મેળવશો. આ સમય દરમિયાન વ્યર્થ જીદ ટાળવી હિતાવહ.

**વૃષભ**

આ સપ્તાહ દરમિયાન તમે તેમારી પ્રવૃત્તિઓમાં આગળ વધી શકશો. દ્રઢ મનોબળ અને મક્કમતાથી મળતા ઉત્સાહ વધે. આ સમય દરમિયાન કોઈપણ પ્રકારના સાહસમાં નાણાં ન રોકવા હિતાવહ. નુક્શાની અને વ્યયના યોગ છે. શેર-સટ્ટાથી દૂર રહેવું, નોકરીમાં સફળતા મળે. જીવનસાથી સાથે લાગણીનું ઘર્ષણ થાય. પરંતુ મનને શાંત રાખવા કોશિષ કરવી અને ધીરજથી કામ લેવું. અકસ્માતથી સાચવવું, તબિયત એકંદરે સારી રહે.

**મિથુન**

ભૌતિક કાર્યમાં મિશ્ર પરીણામો પ્રાપ્ત કરી શકશો. મનમાં ચંચળતા રહશે તેથી અગત્યના કાર્યોમાં નહીંવત સફળતા મળે તેવો સંભવ છે. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાણી ઘર્ષણ ટાળવો, નાણાંનો લાભ રોકી શકવામાં નિષ્ફળ રહે. પારિવારીક સુખમાં ઓટ આવેલી અનુભવાય. અલબત્ત જીવનસાથી તરફથી વિશેષ લાગણી પ્રાપ્ત કરી શકશો. ખોવાયેલી વસ્તુ અચાનક મળી જવા સંભવ છે.

**કર્ક**

આ સપ્તાહ દરમિયાન કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વ્યસ્ત રહેવાય. સફળતા માટે મહેનત વધારવી અનિવાર્ય છે, ધીરજપૂર્વક કાર્ય કરવો હિતાવહ. આવક-જાવકનું પાસુ આ સમય દરમિયાન સરભર રહે. સાસરાપક્ષ તરફથી નાનો લાભ મળે. ભાઈ-બહેનના કાર્યમાં સફળતા મળે. આધ્યાત્મિક ક્ષેત્રે આ સમય દરમિયાન અભિરૂચી વધે.

**સિંહ**

આ સમય દરમિયાન પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ રાખવો જરૂરી બને અન્યથા નુક્શાની ભોગવવી પડે. પારિવારીક સુરક્ષા માટે જાગ્રુતિ કેળવવી હિતાવહ છે. વિરોધી વર્ગ પ્રબળ બને. કાર્યબોજમાં વધારો થાય, આર્થિક સમસ્યા હળવી બને પરંતુ નાણાંકીય રોકાણ ટાળવું હિતાવહ. પ્રવાસ-મુસાફરીના યોગ નકારી શકાય નહીં. જૂના રોકાયેલા નાણાં છૂટા થાય. માનસિક તનાવમાંથી સપ્તાહના અંતે મૂક્ત થઈ શકશો.

**કન્યા**

આ સમય દરમિયાન નોકરીયાત વર્ગને અધિકારી વર્ગ સાથે વાદ-વિવાદ થાય. ધંધાદારી વર્ગને સમસ્યા રહે. રચનાત્મક કાર્યમાં પ્રગત્તિ થાય.જીવનસાથી સાથે મતભેદ રહે. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પારિવારીક કાર્યમાં વ્યસ્ત રહેવાય. સ્વજનથી મનદુઃખ રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય.

**તુલા**

આ સપ્તાહ દરમિયાન વિરોધી વર્ગથી સાવધ રહેવું. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ. વાણી સંયમ જાળવવું અને કાર્યક્ષેત્રમાં રહેવું. જમીન-જાયદાદને લગતા કાર્યમાં સફળતા મળતી જણાય. જીવનસાથી સાથે સમસ્યા ટળી શકશે.

**વૃશ્ચિક**

આ સપ્તાહ દરમિયાન વ્યવસાયિક લાભના પ્રયાસોમાં સફળતા મેળવી શકશો. જીવનસાથીના આરોગ્ય અંગે સાવચેતી રાખવી. મનમાં પ્રસન્નતા રહે. નાણાંકીય સંજોગો સુધરતા જણાય. ધીરજપૂર્વક કાર્ય કરતા રહેવાથી સફળતા મેળવી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મેળવી શકશો. વ્યર્થ પરેશાનીમાંથી મૂક્તિ મળે. આત્મવિશ્વાસમાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદ મળે.

**ધન**

આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય છે. મનની મનોકામના સિધ્ધ થાય. જૂના સંબંધો લાભ આપી જાય. કોઈ ગેરસમજના ભોગ ન બની જવાય તેની તકેદારી રાખજો. કોઈ સંકટ દૂર થાય. નવા કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સંતાન વર્ગ અંગે ચિંતા રહે. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. જીવનસાથી કે વડીલવર્ગના આરોગ્ય અંગે ચિંતા રહે. અનિચ્છનીય યાત્રા-મુસાફરી કરવી પડે.

**મકર**

આ સપ્તાહ દરમિયાન પારિવારીક કાર્યમાં બોજો ઘટે. મનમાં પ્રફુલિતતા રહે. વડીલવર્ગની સાહસિક કાર્યમાં મદદ મેળવી શકશો. નવિન યોજનાના આયોજનમાં સ્નેહિજનોની મદદ મળે. જીવનસાથી તરફથી અગત્યના કાર્યોમાં સહયોગ પ્રાપ્ત કરી શકશો. સામાજિક ક્ષેત્રે કાર્યમાં પ્રબળતા રહે. મોસાળ પક્ષ તરફથી અનેરો લાભ થાય. નાણાંકિય પરિસ્થિતિમાં ધરખમ સુધારો થતો જોવા મળે. આનંદ-પ્રમોદમાં વિશેષ લાભ રહે.

**કુંભ**

આ સપ્તાહ દરમિયાન મહત્વની બાબતો અંગે માનસિક ટેન્શન જણાય. આમ, વિશ્વાસ ડગી જાય મનની મુરાદ બર ન આવે. જો કે, જીવનસાથી તરફથી ભરપૂર સહયોગ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં અતિ વ્યસ્ત રહેવાય. અપયશના ભાગીદાર ન બનાય તેની સાવચેતી રાખશો. યાત્રા-પ્રવાસ દરમિયાન હાનિનો સંભવ છે જેથી બને તેટલી સાવચેતી રાખવી અન્યથા તેના ગંભીર પરીણામો ભોગવવા પડે.

**મીન**

આ સમય દરમિયાન મકાન-વાહન સંબંધિત ચિંતા દૂર થાય. સંપત્તિને લગતી સમસ્યાનો ઉકેલ મળે. પારિવારીક જવાબદારીમાં વધારો થતો જોવા મળે. તમારી અપેક્ષા પ્રમાણે આર્થિક લાભ મેળવી શકશો. નવા રોકાણ, નવા સાહસ, નવા કાર્યના પ્રારંભ કરવા માટે સાનુકૂળ સમય છે. ધાર્મિક કાર્યમાં મન પરોવાય. વિરોધીવર્ગ પ્રબળ બને પરંતુ તેને ધારી સફળતા ન મળે. અનૈતિક કાર્યો તરફથી મન ખેંચાય પરંતુ એ પ્રકારના કાર્યોમાં સફળતા નહિંવત મળે તેથી ટાળવા હિતાવહ.

- **કનકચંદ્ર સી. વ્યાસ**

## કંબોઈ ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા મહા શિવરાત્રિની ઉજવણી



સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય શિહોરી દ્વારા કંબોઈ પ્રા.શાળા ખાતે ચાલતી ગીતા પાઠશાળામાં તા. ૩/૩/૨૦૧૭ ના રોજ મહાશિવરાત્રિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મહેસાણાથી પધારેલ રાજયોગીની બ્રહ્માકુમારી સરલાબેનની ઉપસ્થિતિમાં બ્રહ્માકુમારીઝ બહેનો દ્વારા વિવિધ કાર્યક્રમો થકી ભક્તિરસ પીરસવામાં આવ્યો હતો. સરલાબેને આધ્યાત્મિક જ્ઞાન પીરસ્યુ હતું. આ પ્રસંગે ડીસાના બ્રહ્માકુમારી સુરેખાબેન સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

## સામઢી લોકનિકેતન શાળામાં દિક્ષાંત સમારોહ યોજાયો



ચંદુભાઈ મકવાણા

પ્રતિનિધિ સામઢી

ગત તા. ૦૪/૦૩/૨૦૧૭ ના રોજ શ્રી લોકનિકેતન વિનય મંદિર સામઢીમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના વિદ્યાર્થીઓના દિક્ષાંત સમારોહની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ગામના સરપંચ, ડેપ્યુટી સરપંચ તથા ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓમાં નંબર મેળવેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના ગુરૂજીઓએ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વિજ્ઞાન શિક્ષક રમેશભાઈ પી. સોલંકીએ કર્યુ હતું.

## શ્રી જે.ડી.અજબાણી સર્વોદય પ્રા.શાળામાં 'સાયન્સ ડે' ની ઉજવણી

ડીસા

ડીસાની નામાંકિત શ્રી જે.ડી. અજબાણી સર્વોદય પ્રા.શાળામાં ગત તા.૨૮/૦૨/૨૦૧૭ ને મંગળવારના રોજ 'સાયન્સ ડે' ની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે તે હેતુથી સાયન્સ ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૬ થી ૮ ના વિદ્યાર્થીઓમાંથી ત્રણ ટીમો બનાવવામાં આવી હતી. ત્રણેય ટીમના વિદ્યાર્થીઓ પોતાની પૂર્વ તૈયારીઓ સાથે પ્રશ્નોના યોગ્ય ઉત્તરો આપતા હતા. ભાગ લીધેલ સ્પર્ધકનો જવાબ સાચો પડે ત્યારે અન્ય બાળકો તાળી પાડી પ્રોત્સાહિત કરતા હતા. 'ડૉ.અબ્દુલ કલામ' ગ્રુપના સ્પર્ધકો પ્રથમ નંબરે રહ્યા હતા. 'સાયન્સ ક્વિઝ' નું આયોજન અનિલભાઈ પટેલ અને મશરૂભાઈ પાણ દ્વારા કરવામાં આવ્યું હતું. નિર્ણાયકની ભૂમિકા નારણભાઈ જોષી અને કાકરેચી ભરતભાઈએ નિભાવી હતી. શાળાના આચાર્ય કિશોરભાઈ બી. ત્રિવેદીએ ૨૮ ફેબ્રુઆરી દિવસનું મહત્વ સમજાવી સી.વી. રામનના જન્મદિવસની માહિતી આપી હતી.

## દાંતીવાડાના શિકરીયા ગામે માતૃ વાત્સલ્ય કાર્ડનું વિતરણ



ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

દાંતીવાડા તાલુકાના શિકરીયા ગામમાં 'માતૃવાત્સલ્ય યોજના' ના કાર્ડ વિતરણના કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાધરોળમાંથી વિજયભાઈ એમ. કલાણીયા (મ.પ.હે.વ), ભાવિકાબેન જે. સાકરીયા (ફિ.હે.વ.) તથા શિકરીયા ગામના સેવાભાવી ઈશ્વરભાઈ પી. દેસાઈ દ્વારા ગામના લોકોને માતૃવાત્સલ્ય યોજનાના કાર્ડ તથા આ કાર્ડ કયા કયા દવાખાનામાં ચાલશે. તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. ગામના અગ્રણીઓ દ્વારા આવા કેમ્પનું આયોજન બદલ ડૉ.જી.બી.ગઢવી (મેડીકલ ઓફિસર વાધરોળ) તથા ડૉ.પી.આર. મીના (તાલુકા હેલ્થ ઓફિસર દાંતીવાડા) નો આભાર માન્યો હતો.

## લાખણી તાલુકાના લિમ્બાઉ ગામે મફત રોગ નિદાન કેમ્પ યોજાયો

**વિવિધ રોગોના ૩૦૦ થી વધારે દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો**

પ્રતિનિધિ ગેળા

લાખણી તાલુકાના લિમ્બાઉ ખાતે શ્રી સનાતન સાર્વજનિક ટ્રસ્ટના સહયોગથી જુની પ્રાથમિક શાળાના મકાનમાં સર્વરોગ મફત નિદાન કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં ડૉ.કરશનભાઈ પટેલ (એમ.ડી.), ડૉ.તિલકભાઈ પ્રજાપતિ (એમ.એસ.), ડૉ.વૈભવ રાવલ (પોક્ટોલોજીસ્ટ), ડૉ.આશિષ પટેલ (પીડીથાટ્રીક), ડૉ.પ્રકાશ ચૌધરી (દાંતના સર્જન) વગેરે નિષ્ણાંત ડૉક્ટરોએ કેમ્પમાં સેવા પુરી પાડી હતી. લિમ્બાઉ તથા આજુબાજુના



નરસિંહ પ્રજાપતિ

વિસ્તારમાંથી ૩૦૦ થી વધારે દર્દીઓએ આ સેવા કેમ્પનો લાભ લીધો હતો. આ સર્વરોગ નિદાન કેમ્પને સફળ બનાવવા સનાતન સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી અરવિંદભાઈ દવે તેમજ મનોજભાઈ, મુકેશભાઈ સહિતના લોકોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ સેવા કેમ્પનો લાભ લેનાર તમામ દર્દીઓએ સંતોષ વ્યક્ત કરી સંસ્થાની આવી સરાહનીય કામગીરીને બિરદાવી હતી

## યુવાનોએ દેશને કોંગ્રેસ મુક્ત કરવાનો સંકલ્પ કર્યો છે : જિલ્લા યુવા મોરચા પ્રમુખ

**વડગામ તા. યુવા ભાજપ દ્વારા અભિવાદન સમારોહ યોજાયો**

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ તાલુકા સહકારી સંઘના સભાંખડમાં તાલુકા યુવા ભાજપના અભિવાદન સમારોહમાં અધ્યક્ષ સ્થાને યુવાનોને સંબોધતાં બ.કાં.જિ. યુવા મોરચા પ્રમુખ હરેશભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે આ દેશના યુવા શક્તિએ કોંગ્રેસ મુક્ત ભારત નિર્માણ કરવાનો સંકલ્પ કર્યો છે. ૨૦૧૭ ની વિધાનસભા ચૂંટણીમાં બનાસકાંઠાની તમામ નવ બેઠકો ઉપર ભાજપના કમળનો વિજય નક્કી જ છે. ખભેખભા મિલાવી પાર્ટીના સંગઠન કાર્યક્રમમાં સક્રિય થવા તેઓએ યુવાનોને હાકલ કરી હતી.




પુષ્કર ગોસ્વામી

જિલ્લા ભાજપ મહામંત્રી ભરતસિંહ ભટેસરીયા, અમૃતભાઈ દવે, માર્કેટયાર્ડ ચેરમેન કે.પી. ચૌધરી, બનાસડેરી ડિરેક્ટર ફલજીભાઈ વિ.પટેલ જિ.પં. પૂર્વ પ્રમુખ વિજયભાઈ ચક્રવર્તી, ગજેન્દ્રભાઈ સકસેના તા. ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ રાણા, યુવા મહામંત્રી રામસિંહ રાજપૂત, પ્રકાશજી ઠાકોર, ગોવિંદભાઈ ચૌધરી (નાંદોત્રા), અશ્વિનભાઈ સકસેના, કાંનજીભાઈ જી. ધુળીયા (કિસાન પ્રમુખ), મુકેશભાઈ બાજીગર (મજાદર) વગેરેએ પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું.

તા. યુવા મોરચા પ્રમુખ પરેશભાઈ ગોળે (જલોત્રા) સ્વાગત પ્રવચન કર્યું હતું. તા. યુવા મહામંત્રી વિજયસિંહ દેવડા (નળાસર) એ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. પ્રકાશભાઈ પટેલ (કોદરામ), મંત્રી શ્રવણસિંહ ડાભીએ જયઘોષ બોલાવી વાતાવરણ ગજવ્યું હતું. જિલ્લા યુવા અગ્રણી ડી.વી. સોલંકી, શતિષભાઈ જે. ભોજક, સામંતસિંહ સોલંકી, વગેરે મહાનુભાવો સહિત યુવા મોરચો, તથા જુદા જુદા સમાજોના આગેવાનો- યુવાનોએ જિલ્લા ભાજપના નવનિયુક્ત પ્રમુખ-મહામંત્રીઓનું સન્માન કર્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાનો- અતિથિ વિશેષ તમામનું વડગામ યુવા ભાજપની ટીમ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન વડગામ તાલુકા યુવા મોરચા દ્વારા કરવામાં આવ્યું હતું.

## છત્રાલા શાળાને ઠાકોર સેનાની ભૌતિક સાધનોની ભેટ



જમીલ મેમણ

પ્રતિનિધિ ભીલડી

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના છત્રાલા ગ્રામ સમિતિ દ્વારા છત્રાલા ગામની પ્રાથમિક શાળામાં પ્રાર્થના માટે સાધનો જેમાં ઢોલ, તબલા અન્ય વાદ્યની શાળાના આચાર્યને ક્ષત્રિય સેનાના કાર્યકરોએ રૂબરૂ જઈ અર્પણ કર્યા હતા. જેમાં સેનાના પ્રમુખ વિક્રમસિંહ સોલંકી છત્રાલાના તમામ હોદ્દેદારો હાજર રહ્યા હતા. શાળાના આચાર્યએ ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરોનો આભાર વ્યક્ત કર્યો હતો. આમ અનેકવિધ ઠાકોર સેનાના કામોને ગ્રામજનોએ બિરદાવ્યા હતા.

## દુઃખદ અવસાન



ડીસા

જય બજરંગ સેવા ટ્રસ્ટ-ગૌશાળા ગેળાના આદ્ય સ્થાપક-સામાજીક કાર્યકર એવા રાજપુત કલ્યાણજી માદેવજીનું તા.૪/૩/૧૭ ના રોજ દુઃખદ અવસાન થયું હતું. સદગત ખૂબ જ માયાળુ સ્વભાવના અને ધાર્મિક વૃત્તિવાળા તેમજ હસમુખા હતા.તેમના અવસાનથી સ્નેહીજનોમાં શોકની લાગણી છવાઈ હતી. ઈશ્વર સદગતના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

## શ્રી ધાન્ધાર મોઢ- મોદી જ્ઞાતિ સમાજનો ચતુર્થ સ્નેહમિલન તથા શૈક્ષણિક ઈનામ વિતરણ સમારોહ



ભરત સુંદેશા

ડીસા

શ્રી ધાન્ધાર મોઢ- મોદી- જ્ઞાતિ સમાજ- ડીસા રાજપુર પરિવાર દ્વારા સ્નેહમિલન તથા શૈક્ષણિક ઈનામ વિતરણ કાર્યક્રમ ગતરોજ શ્રી ચી.હં.દોશી પ્રા.શાળા- ડીસા ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં કાર્યક્રમના અધ્યક્ષ તરીકે મફતલાલ કે. મોદી (સમાજસેવક), અતિથિ વિશેષ ડૉ.ચિરાગભાઈ સી. મોદી (આંખના સર્જન), ડૉ.ઉર્વશી સી. મોદી - (આરોગ્ય વિભાગ, હિંમતનગર), સુમિત દિનેશચંદ્ર મોદી, કલ્પેશ બાબુલાલ મોદી- કાર્યક્રમના મુખ્ય દાતા તથા ડીસા રાજપુર સમાજના પ્રમુખ કિર્તીભાઈ મોદી, મંત્રી અશ્વિનભાઈ મોદી

**અનુસંધાન પાના નં.૬**

## નારાયણ પરિવાર ચિડિયાઘરમાં એલિયન્સના યજમાન બનવા માટે સુસજ્જ છે



આ સપ્તાહમાં ચિડિયાઘરમાં નારાયણ પરિવાર તેમના ઘરમાં નવા સભ્યોના યજમાન બનવા માટે સુસજ્જ છે. આ સભ્યો બીજું કોઈ નહીં પણ બહારી અવકાશના જીવો છે. ચિડિયાઘરમાં નારાયણ પરિવારમાં આ નવા સભ્યોને જરૂર જુઓ, સોમવારથી શુક્રવાર, રાત્રે ૯, ફક્ત સોની સબ પર.

સરકાર અને અમુક નામાંકિત વિજ્ઞાનીઓએ વારાણસીમાં એક અવકાશયાન ઊડતું દેખાય ત્યારે એલિયનનું અવકાશયાન ગમે ત્યાં ઉતરાણ કરી શકે એવી ચેતવણી તેઓ આપે છે. અમુક ટેકનિકલ કારણોસર તેઓ એવો દાવો કરે છે કે આ યાન વારાણસીમાં જ ઉતરાણ કરી શકે છે.આ એલિયન પાછળની સચ્ચાઈ શું છે? શું બાબુજી સત્તાવાળાને આ વિશે જાણ કરશે? શું તેમનો પૃથ્વી કે ચિડિયાઘરમાં આવવો કોઈ છૂપો એજન્ડા છે?આ વારતા વિશે બાબુજીની ભૂમિકા ભજવતો રાજેન્દ્ર ગુપ્તા કહે છે, આ વારતા જોવાની બહુ મજા આવશે, કારણ કે ચિડિયાઘરમાં પહેલી વાર અમુક એલિયન આવી રહ્યા છે, જેઓ નિશ્ચિત જ દર્શકોને આશ્ચર્યચકિત કરીને રહેશે. દરેક સીનમાં રહસ્ય છે અને આ વારતામાં જાદુ ગૂંથવામાં આવ્યો છે.

# ભાભરમાંથી બે જગ્યાએથી દેશીદારૂ અને દારૂ પીધેલ ઈસમ ઝડપાયો


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

જિલ્લા પોલીસ વડાની ભાભર તાલુકામાંથી દારૂ- જુગારની પ્રવૃત્તિ સદંતર બંધ નેસ્ત નાબુદ કરવાની સુચનાના આધારે ભાભર પી.એસ.આઈ. એમ.જે. ચૌધરી અને સ્ટાફ ગઈકાલે ભાભર ટાઉનમાં પ્રોહિબિશનના કેસો શોધવા પેટ્રોલિંગમાં હતા. દરમ્યાન બાતમી આધારે બે જગ્યાએથી દેશી દારૂ, વોશ પકડી પાડ્યો હતો, તેમજ એક ઈસમને દારૂ પીધેલ ઝડપી પાડતા આવા ધંધા સાથે સંકળાયેલા ઈસમોમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસે દિનુભા બાબુભા રાઠોડના ઘરેથી દેશી દારૂનો વોશ ૧૫૦ લીટર, જગતબા મહેન્દ્રસિંહ રાઠોડના ઘરેથી દેશી દારૂ- ૨ લીટર, તેમજ દારૂ પીધેલ મહેન્દ્રભાઈ હાંહજી ઠાકોર રહે. અંબાળા સામે કાર્યવાહી હાથ ધરી હતી.

# ભાભર મુકામે રાજયમંત્રીના અધ્યક્ષસ્થાને દૂધ દિનની ઉજવણી અંતર્ગત મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

### પશુપાલકોને દૂધના પુરતા ભાવ આપવા બનાસ ડેરી કટીબધ્ધ છે - શંકરભાઈ ચૌધરી

પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના ભાભર મુકામે ગુજરાત કો.ઓ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશન આણંદ અને બનાસ ડેરી પાલનપુરના સંયુક્ત ઉપક્રમે આરોગ્યમ અને પરિવાર કલ્યાશણ તથા શહેરી વિકાસ રાજયમંત્રી અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઇ ચૌધરીના અધ્યક્ષસ્થાન દૂધ દિનની ઉજવણી અંતર્ગત મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતુ કે દૂધના વ્યવસાય સાથે જોડાયેલ બહેનોને માર્ગદર્શન આપવા દર વર્ષે મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવે છે. તેમણે



કહ્યું કે પશુપાલકોને દૂધના પુરતા ભાવ આપવા બનાસ ડેરી કટીબધ્ધ છે એટલે જ આ વર્ષે શિયાળાની સીઝનમાં દૂધના ભાવ ઘટાડવાના બદલે ભાવ વધારવામાં આવ્યા હતા. ચેરમેનએ કહ્યું કે પાણીની બોટલ બીસ્લરી, પેપ્સીસ અને કોકા-કોલા પીનારાને તે બધી વસ્તુઓ ખરીદવી પરવડે છે તો પછી દૂધના ભાવ કેમ વધારે લાગે છે તેમ તેમણે જણાવ્યું હતું.

મંત્રી શંકરભાઇ ચૌધરીએ જણાવ્યું કે બનાસ ડેરીના આધસ્થાપક સ્વ.ગલબાકાકાની જન્મજયંતિની ઉજવણી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની ઉપસ્થિતિમાં ડીસાથી શરૂ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે સ્વ.ગલબાકાકાએ આ જિલ્લાને પશુપાલનના વ્યવસાયમાં

અનુસંધાન પાના નં.૬

# વિઠોદર નજીક કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ડીસા

જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરની સુચનાથી પાલનપુર એલ.સી.બી.ના ઈન્ચાર્જ પી.આઈ.જે એચ સિંધવના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. ટીમના એ.એસ આઈ ખુમાનસિંહ પ્રકાશભાઈ, બિલાલભાઈ, ગણપતલાલ, બલવંતસિંહની ટીમે બાતમીના આધારે ડીસા તાલુકાના વિઠોદર બાઈવાડા રોડ ઉપર નાકાબંધી ગોઠવી હતી. જે સમયે ફોર્ડ કાર નં.જીજે૧૮એસી૯૪૯૯ ને ઉભી રખાવી તલાસી લેતા કારમાંથી રૂા.૬૦,૪૦૦ નો બોટલ નં.૫૧૬ મળી આવી હતી. પોલીસે


ભરત સુંદેશા

કાર સહિત કુલ ૧,૬૦,૪૦૦/- ના સાથે મોહનલાલ રત્નારામ વિસ્નોઈ રહે.ભાટિબ (રાણીવાડા)ને ઝડપી લીધો હતો જયારે કાર ચાલક પ્રભુરામ સીમતારામ વિસ્નોઈ રહે.કાંકાની (જોધપુર) વાળો ફરાર થઈ જતા ડીસા તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સામરવાડા નજીક અજાણ્યા વાહનની ટક્કરે ત્રણ બાઈક સવારો ઘવાયા

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરાથી ત્રણ યુવાનો ગઈકાલે મોડી સાંજે બાઈક લઈને રામસણ ગામ તરફ જઈ રહ્યા હતા. ત્યારે સામરવાડા નજીક કોઈ અજાણ્યા વાહન ચાલકે બાઈકને ટક્કર મારતા ત્રણે યુવાનો રોડ ઉપર પટકાયા હતા. જેથી તેમને ગંભીર ઈજા થતાં ૧૦૮ વાન મારફત સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં મુકેશ લીલાભાઈ


એન.કે.મોદી

ઠાકોર ઉ.વ.૧૮, રહે.વાલેર, ધોખાજી પોપટજી ઠાકોર ઉ.વ.૨૫ તથા ગુલાબજી દેવાજી ઠાકોર ઉ.વ.૩૦ રહે.રામસણવાળાઓને બંને ઈજા થઈ હતી.

# પાલનપુરમાંથી જુગાર રમતા ચાર ઈસમો ઝડપાયા

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરની સૂચનાથી તથા નાયબ પોલીસ અધિકારી એ.આર.જનકાન્ત - પાલનપુર દ્વારા પાલનપુર શહેરમાં દારૂ અને જુગારની બદી દૂર કરવા ગતરોજ આઈ.સી.પો.ઈ. ડી.યુ.વારડની સૂચનાથી ડી પોલીસ સ્ટાફના માણસો પેટ્રો લિંગમાં હતા ત્યારે મળેલી બાતમીના આધારે પાલનપુર ગોબરી રોડ, જૈન દાદાવાડી મંદિરની પાછળ કેટલાક ઈસમો જુગાર રમતા હતા ત્યારે પંચો સાથે પોલીસે રેડ કરતાં (૧) નટુજી કાળુજી ઠાકોર, (૨) અશોકજી મોતીજી


સંજય જોષી

ઠાકોર, (૩) અશ્વિનભાઈ જવાનજી ઠાકોર અને (૪) રમેશભાઈ શીવાભાઈ વાલ્મીકી (તમામ રહે.પાલનપુર) ને ઝડપી પાડી રોકડ રૂા. ૧૭૯૦ જપ્ત કરી ચારે જણા વિરૂધ્ધ જુગારધારા કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# ધાડા ગામમાં સરકારી જમીનમાંથી વૃક્ષોના નિકંદન બદલ મામલતદારને રજૂઆત

ડીસા

ડીસા તાલુકાના ધાડા ગામે સરકારી જમીન ઉપર મોટા પ્રમાણમાં લીલા વૃક્ષો ઉગેલા છે. પરંતુ ગામના સરપંચ અકલબા બાબરસિંહ વાઘેલા દ્વારા પરવાનગી લીધા વગર દુર ડેરી માટે આવેલી સરકારી જમીન માંથી અંદાજે ૩૫ થી ૪૦ વૃક્ષોનુ ગેરકાયદેસર નિકંદન કર્યુ હોવાના આક્ષેપ સાથે ગામનાજ એક અરજદારે ડીસા મામલતદારને લેખિત રજૂઆત કરી છે. જેમાં જણાવ્યું છે કે વર્તમાન સરપંચે પોતાના હોદ્દાનો દુર ઉપયોગ કરી કોઈ પણ પરવાનગી વગર વૃક્ષો કાપી સૌરાષ્ટ્ર પ્રિસેન્સ એક્ટનો ભંગ કર્યો છે. આથી તેનુ પંચનામુ કરી કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી છે.

## ગુજરાત ઈકોલોજી કમિશન અંતર્ગત

# વાવના દેથળી ગામે પર્યાવરણ અભિયાનનો કાર્યક્રમ યોજાયો

### લોકમાતા નર્મદાના પાણીનો બગાડ ન કરવો જોઈએ : શંકરભાઈ ચૌધરી

તાલુકા પ્રતિનિધિ વાવ

ગુજરાત ઈકોલોજી કમિશન વન અને પર્યાવરણ વિભાગ ગુ-જરાત સરકાર આયોજીત પર્યાવરણ અનુરૂપ જીવનશૈલીનો કાર્યક્રમ ગઈકાલે તા. ૫/૩/૧૭ ના રોજ રાજ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને વાવ તાલુકાના દેથળી મુકામે યોજાયો હતો. જે પ્રસંગે મંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે પર્યાવરણ અનુરૂપ જીવનશૈલી કેવી રીતે જીવી શકાય તેવો વિષય લઈને ગામડે- ગામડે છેવાડાના માનવી સુધી આ વિષય પહોંચે અને જીવન સૃષ્ટિને કેવી રીતે બચાવી શકાય. પર્યાવરણને


વિષ્ણુ પરમાર

બચાવવામાં માનવીની શું ભૂમિકા? જે જીઈસી કમિશનના માધ્યમથી સમજાઈ હતી. વધુમાં રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે નર્મદા એ આપણી સૌની લોકમાતા છે. જેથી કરીને નર્મદાના પાણીને માના દુધની જેમ વાપરવું જોઈએ. જેનો બગાડ ન થવો જોઈએ. ટપક સિંચાઈ, ફુવારા પધ્ધતિ અપનાવો, ''પ્લાસ્ટિક અને પોલીથીન મુક્ત ગુજરાત બનાવો'' અને પર્યાવરણ બચાવો. જે પ્રસંગે મંત્રી શંકરભાઈ ચૌધરી, પૂર્વ મંત્રી પરબતભાઈ પટેલ, સચિવ અરવિંદ અગ્રવાલ સહિત અધિકારી મિત્રો કાર્યકર મિત્રો, પત્રકારમિત્રો, ગ્રામજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# દાંતીવાડા તાલુકાના ભીલાચલ ગામે ઉંટડી ચરાવવા બાબતે મારામારી


ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

દાંતીવાડા તાલુકાના ભીલાચલના રબારી અને કોળી સમાજના લોકો વચ્ચે ઊંટડિયા ચરાવવાને લઇ મારામારી થઇ હતી. જેમાં ભીલાચલ ગામના રબારી મહાદેવભાઈ ચમનાજી અને તેમની સાથે અન્ય માણસો સાથે રાજકોટ ગામની સિમમાં ઊંટડીઓ ચરાવવા ગયા હતા તે દરમિયાન રાજકોટ ગામના ઠાકોર અરજણ તેમજ તેનો કાકો રામજી ઠાકોર બન્ને જણ આવી ઊંટડિયા ચરાવતા મહાદેવભાઈ રબારીને અપશબ્દો બોલી માથાના ભાગે કુહાડી મારી ઈજા પહોંચાડી હતી. જે બાદ જોડે રહેલા લોકો દ્વારા ઘટનાની જાણ પરીવાર જનોને થતા ઘાયલ રબારી માહદેવભાઈ ને વધુ સારવાર માટે પાલનપુર સિવીલ હોસ્પીટલ લઇ ગયા હતા અને બાદમાં હુમલો કરનાર લોકો સામે દાંતીવાડા પોલિસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી.

ભીલાચલ ગામના રબારી માહદેવભાઈ પર થયેલ હુમલાને લઇ દાંતીવાડા પોલીસે આરોપી ઠાકોર અરજણજી અને ઠાકોર રમાજીને પકડી જેલના હવાલે કરી દીધા.

# મીઠી- પાલડીનો વધુ એક મુમુક્ષુ સંયમ માર્ગે પ્રયાણ કરશે

### વડોદરા નગરે મુહુર્ત વધામણા પ્રસંગ યોજાયો

પ્રતિનિધિ મીઠી પાલડી

દિયોદર તાલુકાની ધન્ય નગરી તેમજ દિક્ષા મુમુક્ષુ રત્નોની ખાણ સમી મીઠી પાલડી નગરના વધુ એક મુમુક્ષુ સંયમ પંથે પ્રયાણ કરવા તત્પર બન્યા છે. ગઈકાલે તા. ૫/૩/૨૦૧૭ ના રોજ જેઓના મુહુર્ત વધામણા પ્રસંગ વડોદરા ખાતે યોજાઈ ગયો હતો.

દિયોદર તાલુકાની મીઠી - પાલડી ગામના વતની વોહેરા પ્રવિણકુમાર કાળીદાસભાઈના સુપુત્ર મુમુક્ષુ અંકિતકુમારના સંયમ શુભ દિનના મુહુર્ત વધામણા પ્રસંગે ગઈકાલે મીઠી- પાલડીથી વડોદરા ખાતે બસ યાત્રા દ્વારા


નવિન દોશી

પાલડી જૈન સંઘ- સાજન- માજન મુમુક્ષુ પરિવાર વગેરે પહોંચ્યો હતો. જ્યાં ઉપાશ્રયમાં બિરાજમાન પૂજ્ય ગુરૂભગવંતોએ મુમુક્ષુના દિક્ષાના શુભ મુહુર્તના દિવસ આપ્યા હતા. જે વૈશાખ સુદ-૬ સોમવાર ૧/૫/૨૦૧૭ ના રોજ પરિવારજનો દ્વારા વાંચી સંભળાવામાં આવતાની સાથે સકલ સૌ સંઘ ગુમી ઉઠ્યો હતો... ઉપરોક્ત દિક્ષા પ્રસંગ સુરત નગરે યોજાનાર છે.

ઉપરોક્ત પ્રસંગે વ્યાખ્યાન માંગલિકમાં લાભાર્થી પરિવારો દ્વારા રૂા. ૭૦ નું સંઘ પૂજન પણ કરવામાં આવ્યું હતું.

# શિહોરી ખાતે કાંકરેજ તાલુકા મહાકાલ સેનાની બેઠક યોજાઈ

પ્રતનિધિ કંબોઈ

ગતરોજ ૫/૩/૨૦૧૭ ના બપોરે ૩-૦૦ વાગે કાંકરેજ તાલુકા મહાકાલ સેનાની એક બેઠક શિહોરી ગાયમાતાજીના મંદિર ખાતે મહાકાલ સેના કાંકરેજ તાલુકાના પ્રમુખ શૈલેષસિંહ વાઘેલા (સૂર્યાભાઈ) ના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

આ મિટીંગમાં કાંકરેજ તાલુકાના દરેક ગામોમાંથી મોટી સંખ્યામાં યુવાનોએ હાજરી આપી હતી અને મહાકાલ સેનામાં વધુને વધુ યુવાનોને જોડાવવા હાકલ


સજ્જનસિંહ સોલંકી

કરવામાં આવી હતી. બેઠકમાં આવનાર મહેમાનોનું પ્રમુખ શૈલેષસિંહ વાઘેલા દ્વારા ફુલહાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રાજપૂત સમાજમાં કુરિવાજો, વ્યસનમુક્તિ અને શિક્ષણ બાબતે ચર્ચાઓ કરવામાં આવી હતી.

# વીંછીવાડી નજીક ટ્રેકટરની અડફેટે બાઈક ચાલકનું મોત

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાના વિંછીવાડી ભાંજણા રોડ ઉપર ગતરોજ અજાણ્યા ટ્રેકટર ચાલેક બાઈકને અડફેટે લેતાં બાઈકચાલક અનાભાઈ હીરાભાઈ પટેલ રહે. કોટડા તા. ધાખાવાાળાનું ઘટનાસ્થળે મોત નિપજયું હતું. આ અંગેની ફરીયાદના આધારે ધાનેરા પોલીસે ટ્રેકટર ચાલકની શોધખોળ હાથ ધરી હતી.

# હોંશીયાર વિદ્યાર્થી બનવું હોય તો બહારનું ખાવાનું બંધ કરો - ઈન્દુમતિબેન કારદરે

ડીસા

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન શ્રી સંસ્કાર મંડળ, ડીસા સંચાલિત આદર્શ વિદ્યાસંકુલ ડીસામાં તા.૨૮/૨/૨૦૧૭ ને મંગળવારના રોજ સવારે ૭-૨૦ થી ૫-૦૦ કલાક સુધી શિશુમંદિર, પ્રાથમિક વિભાગ, માધ્યમિક - ઉચ્ચતર વિભાગના સ્ટાફ, ટ્રસ્ટીગણની સામુહીક ચિંતન શિબિર યોજાઈ હતી.

કાર્યક્રમની શરૂઆત ''અગ્નિ હોત્ર'' થી કરવામાં આવી હતી. ત્યારબાદ યોગ અને શાખાના કાર્યક્રમમાં વિવિધ આસનો અને રમતો રમાડવામાં આવી હતી. વિદ્યાભારતી અખિલ ભારતીય પ્રશિક્ષણ પ્રમુખ અશોકજી પાંડાના અધ્યક્ષસ્થાને ૧૦-૧૫ થી ૧૧-૩૦ કલાક દરમિયાન ઉદઘાટન સત્ર યોજાયું હતું. જેમાં અશોકજી પાંડાએ પોતાના વ્યક્તવ્યમાં જણાવ્યું હતું કે, વિદ્યાલય એક સંગઠન રૂપથી ચાલતું હોવું જોઈએ જેમ શરીરના તમામ અવયવો એકાબીના આધારીત કાર્યરત હોય છે તેમ વિદ્યાલયના તમામ પાસાઓ એકબીજા આધારીત હોવાથી જ સંપૂર્ણ વિકાસ શક્ય બને



છે. તેમને શરીરના પગ, પેટ, હાથ, હૃદય, મગજ, આંખ વગેરે અવયવોને વિદ્યાલયના ટ્રસ્ટીગણ, શિક્ષકો, વિદ્યાર્થી, આચાર્ય વગેરે સાથે સરખાવીને ખુબ જ સરસ રીતે નિરૂપણ કર્યું હતું. બપોરે ૨-૩૦ થી ૩-૩૦ કલાક દરમિયાન સત્ર - ૨ ઈન્દુમતિબેન કાટદરે (કુલપતિ પુનરૂ-થાન વિદ્યાપીઠ કર્ણાવતી) ''આચાર્ય ધર્મ'' વિષય ઉપર સુંદર રીતે પ્રવચન કર્યું હતું. તેમણે શિક્ષણક્ષેત્રમાં ચાલી રહેલું યુરો અમેરીકરણ, મારી પાસે ભણતા વિદ્યાર્થીઓની ત્રણ બાબતો જેવી કે નકલ ન કરવી, શ્રધ્ધા - વિશ્વાસ અને સવિનયશીલ તથા વર્ગખંડમાં રહેલા છોકરા છોકરીના વિકાસ માટે આપણે શું કરીએ તે મુદ્દા આધારીત હૃદય સ્પર્શી પ્રવચન કર્યું હતું. આચાર્ય ધર્મ બચાવવો હશે તો શિક્ષક, વાલીઓ અને સમાજે સાથે મળીને વિચાર કરવાની જરૂર છે. સમાપન સત્રમાં સહુ બૌધ્ધિક પ્રમુખ, ગુજરાત પ્રાંત આર.એસ.એસ.ના કૈલાશભાઈ ત્રિવેદીએ વિદ્યાલયનો વિકાસ કેવી રીતે થાય... એ માટે શું શું કરવું જોઈએ એ બાબતે ચર્ચા કરી હતી. આભારવિધી ઉષાબેન લિમ્બાચીયાએ કરી હતી. છેલ્લે શાંતિમંત્ર બોલાવીને કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાભારતીના કાર્યકરો,

અનુસંધાન પાના નં.૬

# ભવિષ્યમાં કોંગ્રેસ ઈતિહાસ બની જશે : મોદી

વારાણસી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પ્રચંડ રોડ શો સતત બીજા દિવસે કર્યા બાદ મોડી સાંજે ઉપસ્થિત મોટી સંખ્યામાં લોકોને સંબોધન કર્યું હતું. મોદીએ ફરી એકવાર કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે કોંગ્રેસની દરેક જગ્યાએ એક પછી એક કારમી હાર થઈ રહી છે. થોડાક સમય પછી કોંગ્રેસ ઈતિહાસ બની જશે અને તેને પુરાતત્વ વિભાગ દ્વારા શોધવાની જરૂર પડશે. મોદીએ હર હર મહાદેવ સાથે પોતાના ભાષણની શરૂઆત કરી હતી અને કહ્યું હતું કે વારાણસીના લોકોના જેટલા અભિનંદન કરાય તેટલા ઓછા છે. રોડ શો ખતમ થયા બાદ મોદીએ ઉપસ્થિત જનસભાને સંબોધતા હરીફો ઉપર એક પછી એક પ્રહાર કર્યા હતા. મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે અહીં એ સપા છે અને બી સપા છે. એ સપા અખિલેશ સમાજ પાર્ટી છે જ્યારે બી સપા બહુજન સમાજ પાર્ટી છે. ઉત્તરપ્રદેશમાં ૩૦ લાખ લોકોને આવાસની જરૂર છે. જ્યારે કેન્દ્રની સરકારે યાદી માંગી ત્યારે અહીંની સરકાર ઉંઘી રહી હતી. આ લોકો યાદી પણ બનાવી શક્યા ન હતા. આવી સ્થિતિમાં આવાસ બનાવવા તેમની પાસેથી અપેક્ષા રાખી શકાય નહીં. તેમણે ઉમેર્યું હતું કે અહીંના વણકર બંધુઓ માટે સુવિધા વધારવા હજારો કરોડ રૂપિયા મુદ્રા યોજનાથી સરકાર આપી રહી છે.

અનુસંધાન પાના નં.૬

# ભાભર ખાતે આંજણા યુવક મંડળ દ્વારા માર્ગદર્શન સેમીનાર યોજાયો


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર ખાતે આવેલ આદર્શ વિદ્યાલયમાં ગુજરાત રાજ્ય આંજણા યુવક મંડળ દ્વારા આયોજીત ૬૪ ગોળ કેળવણી મંડળ અને ૬૪ ગોળ યુવક મંડળ ભાભરના સહયોગથી સામાજિક અને શૈક્ષણિક કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં યુવાનો, વડીલો, વિદ્યાર્થીનીઓ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં આંજણા યુવક મંડળના પ્રમુખ અરવિંદભાઈ ચૌધરી (દેલા), પ્રમુખ જીવરાજભાઈ ચૌધરી (નવાપુરા), ભાભર મહામંત્રી જસપાલભાઈ ચૌધરી, પૂર્વ પ્રમુખ ભરતભાઈ ચૌધરી, મંડળના હોદ્દેદારો ભગીરાજભાઈ કાગ, અજાભાઈ ચૌધરી, સુરેશભાઈ ચૌધરી- દિયોદર, અશોકભાઈ ચૌધરી- પ્રાંતિજ, શિક્ષણ જાણકારો સુરેશભાઈ ચૌધરી- કડી, વિરસંગભાઈ ચૌધરી- મહેસાણા, ડૉ.બાબુભાઈ ચૌધરી- દિયોદર, રતનભાઈ ચૌધરી- રાજસ્થાન વગેરે મહાનુભાવોએ વિદ્યાર્થીઓને સુંદર, સચોટ અને પધ્ધતિસરનું શૈક્ષણિક માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

## તંત્રી સ્થાનેથી ...

**ઉત્સાહ મનુષ્યની ભાગ્યશીલતાનો પ્યાલો છે.**

# કેરળમાં રાજકીય હિંસાની તપાસ ઉચ્ચ સ્તરે ચલાવવી જરૂરી

કેરળના કન્નુર જિલ્લામાં છેલ્લા સાત દાયકાથી ચાલી રહેલી રાજકીય હિંસા આજકાલ રાષ્ટ્રિય ચર્ચાનો મુદ્દો બની ગયેલ છે. ભાજપે અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે દિલ્હી યુનિવર્સિટીમાં થયેલા વિવાદનો જવાબ આપવા માટે કેરળમાં હિન્દુત્વવાદીઓની હત્યાના મુદ્દાને ચગાવવાનો આર.એસ.એસ.એ નિર્ણય કર્યો હોય તેવું ચોક્કસ લાગી રહ્યું છે.

આર.એસ.એસ.ના નેતા કુંદન ચંદ્રાવતે કેરળના માર્કસવાદી મુખ્યમંત્રી પીનારાઈ વિજયનનું માથુ કાપી લાવનારને એક કરોડના ઈનામની જાહેરાત કરી છે, આ એક ગંભીર બાબત કહી શકાય, સમગ્ર રાજ્ય નહિં પરંતુ દેશભરમાં આ મુદ્દો અગ્રસ્થાને ચર્ચાતો થયો છે.

ઈ.સ.૨૦૧૬ માં ડાબેરી મોરચો સત્તા સ્થાને આવ્યો ત્યારથી માત્ર કન્નુર જિલ્લામાં જ રાજકીય હિંસાની ૪૦૦ જેટલી નાની મોટી ઘટનાઓ બની છે. અને આ હિંસા માટે જવાબદાર ૬૦૦ જેટલા ડાબેરી કાર્યકરો ૩૦૦ જેટલા હિન્દુત્વવાદી કાર્યકરો અને ૫૦ જેટલા કોંગ્રેસી કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. કેરળમાં ચાલતા રાજકીય હત્યાકાંડને સમજવા માટે કેરળનો રાજકીય તેમજ સામાજીક ઈતિહાસ તપાસવો જરૂરી બને છે. કેટલાક રાજકીય નેતાઓ ગાંધી અને સરદાર વિચારધારાવાળા હશે પરંતુ તેવા લોકોનું રાજ્યમાં કંઈ ઉપજતું નથી. માથાભારે લોકોથી કેરળની જનતા ત્રસ્ત બની ચૂકી છે.

રાજ્યમાં રાજકીય હિંસાનું કેન્દ્ર ગણાતો કન્નુર જિલ્લો તેના લડાયક મિજાજ માટે વર્ષોથી જાણીતો છે એ વાત સૌ કોઈ જાણે છે. જો કન્નુર જિલ્લામાં વધુ પડતી હિંસા થતી હોય તો તે અંગે સરકારે દરમ્યાનગીરી કરવી જોઈએ. તેવું રાજકીય વિદ્દોનું માનવું છે,

અગાઉ કેરળમાં મોટાભાગના ધંધા અને ઉદ્યોગો પર મુસ્લિમોનો અંકુશ હતો. પડોશમાં આવેલા કર્ણાટકના હિન્દુ વેપારીઓ ધંધામાં ભાગ પડાવવા માંગતા હતા. આ માટે તેમણે ૧૯૪૦ માં રાષ્ટ્રિય સવયંસેવક સંઘની મદદ લઈને કેરળમાં પ્રવેશવાની કોશિષ કરી હતી. તે સમયે કેરળના સામ્યવાદી નેતાઓએ મુસ્લિમ વેપારીઓનો પ્રશ્ન હાથ પર લીધો એટલે તેઓ સામ્યવાદીઓના સમર્થક બની ગયા હતા.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે ધર્માતરણનો વિરોધ કરવાનું શરૂ કર્યું. એટલે કેરળના મુસ્લિમ અને ખ્રિસ્તિઓ તેના વિરોધી થઈ ગયા હતા. જે મૂળભૂત રીતે વ્યાપારી ઝઘડો હતો પરંતુ તેણે કોમી સ્વરૂપ ધારણ કરી લીધું. તેના કારણે ડાબેરી પક્ષોને કેરળમાં પોતાના મૂળિયા મજબૂત કરવાની તક મળી ગઈ હતી. ૧૯૪૮ માં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે ગુરૂ ગોલવણ કરતા નેતૃત્વમાં ત્રિવેન્દ્રમમાં ડાબેરી પક્ષોના વિરોધમાં રેલી કાઢવામાં આવી હતી ત્યારે તેની પર હુમલો કરાયો હતો. જ્યારે ૧૯૫૨ માં અલ્લાપુઝા ખાતે પણ તે પ્રકારની રેલી કાઢવામાં આવી હતી. તેના પર ડાબેરી કાર્યકરો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો અને આ હુમલા પછી ત્રિપૂર, કોટ્ટાયમ, અર્નાકુલમ વગેરે જિલ્લાઓમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના અસંખ્ય કાર્યકરોની હત્યા કરવામાં આવી હતી. ડાબેરીઓને મુસ્લિમ વેપારીઓનો મજબૂત ટેકો હતો ત્યારે સંઘ પરિવાર મુસ્લિમ વેપારીઓનું વર્ચસ્વ ખતમ કરવા માગતો હતો.

કેરળમાં આજની તારીખમાં પણ બહુમતી હિન્દુ પ્રજાની છે, હવે રાષ્ટ્રિય સ્વયં સેવક સંઘના પ્રસ્તાવ હેઠળ હિન્દુઓ વધુ સંગઠિત થઈ રહ્યા છે. તે ડાબેરી પક્ષો સહન કરી શકતા નથી.

# બાળકોને માટીમાં મુક્ત રીતે રમવાનું છોડાવીને મોબાઈલ કે કોમ્પ્યુટર પકડાવી દીધુ... ક્યાંથી તેજસ્વિતા આવે

**સંવેદના**
**પ્રવિણ એમ. નાઈ**

કરીયાણાવાળા ભાઈની દુકાને ત્રીજા ધોરણમાં અભ્યાસ કરતું બાળક પાંચ રૂપિયાનું 'ચંગુમંગુ' (બાળકોને ગમતો એક પ્રકારનો નાસ્તો, જે પ્લાસ્ટીકના પેકેટમાં હોય તે) લેવા આવ્યો. હું અને બીજા એક ભાઈ ત્યાં ઊભા હતા. તે બંનેએ પેલા બાળકને પૂછ્યું... કે તું ક્યા ધોરણમાં ભણે છે.? ત્યારે તેને જવાબ આપ્યો કે, ત્રીજા ધોરણમાં. અમે બીજો પ્રશ્ન પૂછ્યો કે, શું લેવા આવ્યો છે...? તેને કહ્યું કે, પાંચ રૂપિયાનું પડી-કું. તેનું તું શું કરીશ...? એ હું નિશાળમાં લઈ જઈને બપોરે રીશેષમાં ખાઈશ. પછી અમે બીજો પ્રશ્ન કર્યો કે, આટલાથી શું તારૂ પેટ ભરાશે...? ત્યારે તેને જવાબ આપ્યો કે, મારી મમ્મીને ઘરનું કામ ખુબ જ હોય છે.એટલે નાસ્તો બનાવી આપવાનો તેને ટાઈમ જ રહેતો નથી. મારા પપ્પા પણ ધંધા માટે સવારે વહેલા જાય અને સાંજે મોંડા ઘેર આવે છે. નિશાળનો સમય થાય ત્યારે જાતે તૈયાર થઈને ભણવા ઊપડી જઉં છું. મમ્મી મને નાસ્તા માટે પાંચ રૂપિયા આપે તેનું હું 'પડીકું' લઈને શાળાએ જતો રહું છું. આટલું કહીને તે બાળક ખભે દફતર લગાવીને નિશાળ જવા ઉપડી ગયું.

પેલા ભાઈએ મને વાત કરી કે, પ્રવીણભાઈ ભારતદેશમાં જે જે લોકો રહે છે. તે દરેક એવું ઈચ્છતા હોય છે કે, પોતાનું બાળક તંદુરસ્ત રહે. દીર્ઘાયુ પ્રાપ્ત કરે અને રાષ્ટ્રના હિતમાં કામ કરે.... કારણ કે આજનું બાળક આવતીકાલનું ભવિષ્ય છે. વાલીઓ આશાઓ મોટી મોટી રાખે છે. પણ પોતાનું નાનું બાળક શું કરે...? ક્યાં જાય છે.? શું ખાય છે.? તેનું ધ્યાન અમુક વાલીઓ તો બીલકુલ રાખતા જ નથી.વિરાટ કદનું વડનું ઝાડ ત્યારે જ બન્યું હોય કે એ નાનો છોડ હોય ત્યારે યોગ્ય માવજત થઈ હોય. પછી મોટું થયા પછી એને પાણી કે ખાતર આપવાની જરૂર નથી. અમુક સમય બાદ તે પોતાની માવજત જાતે કરી લેશે. વાત સાચી છે. મે એ ભાઈની વાતમાં સૂર પૂરાવ્યો. પહેલાના સમયમાં અને અત્યારે પણ અમુક જગ્યાએ સંયુક્ત કુંટુંબો છે, કે જયાં બાળકો, દાદા - દાદી સાથે રહેતા હોય છે. મમ્મી પપ્પાને ભલે નવરાશની પળો ન મળે પણ એ બંનેની ગરજ આ દાદા - દાદી સારે છે. બાળકનું માનસ કંઈક શિખવાની ઉત્કંઠાવાળું હોય છે. તે અવલોકન શ્રવણ દ્વારા ઘણું બધું શીખી લે છે.

જો અવલોકન,શ્રવણ, જો સંસ્કારમય રીતે હોય તો બાળકમાં ઘણો ફેરફાર સારો થઈ શકે છે. નહીતર આજના આધુનિક સમયમાં મા બાપ મોબાઈલ કે કોમ્પ્યુટરની ગેમ્સ બાળકને પકડાવી દે તો બાળકનો વિકાસ શક્ય નથી. દાદા દાદીની પૌરાણીક વાતો અત્યારે ભૂલાતી જાય છે. બાળકોને મુક્ત રીતે મામાં રમવાનું હવે છોડાવી દીધું છે. ત્યાં આપણે બાળકમાં તેજસ્વિતા લાવવાની વાત કરીએ... ક્યાંથી આવે...!

અમારા બંનેની ચર્ચા પેલા કરીયાણાવાળાભાઈ શાન્તિથી સાંભળી રહ્યા હતા. તેમનાથી રહેવાયું નથી. તે બોલ્યા... તમારા બંનેની ચર્ચા મે સાંભળી. પણ અમેય શું કરીએ... વચ્ચે એ ભાઈને અટકાવીને મેં કહ્યું કે, ના એમાં તમારો વાંક બિલકુલ નથી. તમે તો ધંધા માટે બેઠા છો, એટલે બાળકોને ગમે તે રાખી પણ શકો... પણ મા બાપને સમજવાની જરૂર છે કે અમારૂ બાળક દુકાને જઈને શું ખરીદે છે...? શું ખાય છે..? પછી તો દુકાનદાર પણ જાણે અમારી વાતને ટેકો આપતો હોય તેવું લાગ્યું. તેણે કહ્યું કે, મારી દુકાને ઘણાં બધાં બાળકો એવાં આવે છે કે, તૈયાર નાસ્તો લઈને શાળાએ જવા વાળા ઘરેથી પાંચ કે દશ રૂપિયા લાવે અને અહીથી 'પડીકાં' લઈને શાળાએ જઈને રીશેષમાં ખાય. મારી દુકામમાં સારી વસ્તુઓ પણ છે. પરંતુ અમુક જ બાળકો સારી વસ્તુઓ ખરીરીદવાનો આગ્રહ રાખે છે. બાકીના આ ચીલાચાલુ નાસ્તો જ ખરીદે છે. હું તો ત્યાં સુધી કહું છું કં બાળકના વાલીઓ ગમે તેમ સમય કાઢીને સવારના ઠંડા સમયમાં બાળક માટે પોષ્ટિક આહાર બનાવે તો... ઘણો ફાયદો થઈ શકે. કઠોળ, તલની બનાવટની ચીક્કી, શાકભાખરી ઘરે બનાવેલ કોઈ પણ ગરમ નાસ્તો બાળકના શરીર માટે ખુબ જ હિતકારક રહે છે. બજારમાં મળ તો નાસ્તો પૌષ્ટિક છે જે એવું માની લેવાની જરૂર નથી. પૈસા કમાવવાની હરીફાઈમાં બજારના લોકો કદાચ પૌષ્ટિક ન પણ વેચે... એ માટે જાતે વાલીઓ એ જાગૃત થવાની જરૂર છે. ઘરે કામ તો રહેવાનું જ પણ થોડોક સમય બાળક માટે કાઢીશું તો તેનું પરીણામ સારૂ આવશે. પછી પેલા ભાઈ જે મારી સાથે વાત પહેલાં કરી રહ્યા હતા તે બોલ્યા, પ્રવીણભાઈ, આ દુકાનદારભાઈ બધું જ સમજે છે... પણ બાળકના મા - બાપ સમજવા તૈયાર નથી, જો તેઓ સમજી જાય તો બાળકમાં જે ગુણની આશા રાખીને આપણે બેઠા હોઈએ તે ચોક્કસ આવે.

અંતમાં, દુકાનદારે સરસ મજાની વાત કરી. તેને કહ્યું કે, આજની ચર્ચા બાદ હું એવો નિયમ લઉ છું કે મારા બાળકોને બજારનો ચીલાચાલુ નાસ્તો આપીશ નહી, અને મારી દુકાને પણ પડીકામાં અને શરીરને ફાયદો ન થાય તેવો નાસ્તો વેચવા માટે રાખીશ નહી. બાળકોના વાલીઓ જાગૃત થાય કે ન થાય પણ આજથી હું સાવધાન થઈ જઈશ.. અને બાળકને કંઈક ફાયદો થાય તેવું હું કરીશ. હું અને પેલા બીજા ભાઈએ દુકનદારની વાતને વધાવી લીધી. અને ખુશ થઈને ઘરે જવા પ્રયાણ કર્યું. વાંચક મિત્રો, જો આપ પણ આ વાત સાથે સહમત હોવ તો ૯૪૨૭૯૦૩૨૬૨ નંબર ઉપર અભિપ્રાય આપી શકો છો.

**પ્રવિણ એમ.નાઈ**
**રતનગઢ (તા.કાંકરેજ)**

# સહોદરની સગાઈ વિસરાઈ ગઈ નશે બાજ ભાઈની વધી કરતૂત,

**પથ્થરો વડે છૂંદીને બનાવ્યો મૃત**
**છોટા ઉદેપુર જિલ્લાના નવ ગામના બનાવથી શીખવા જેવું તો ખરૂ**




'મુજકો યારો માફ કરના મૈં નશે મે હું..' નશા અગર શરાબ મેં હોતા તો નાચતી બોટલ મેં શરાબી હું..' 'જામ સે જામ ટકરાયે..' દારૂ, શરાબ,મદિરા ને ટાંકીને હિન્દી ફિલ્મોમાં લખાયેલા ઘણા ગીતો સાંભળવા ગમે છે. પરંતુ જે ઘરમાં એક પિયક્કડ પાક્યો હોય તે પરિવારની શુંવલે થાય છે. ? એના વિશે વિચાર્યુ છે ખરૂ ? નહી ને ?

આજે અહીં બે સગા ભાઈઓ સંજય અને વિજયની વાત કરવી છે. આ બંને શંકર તડવીના સંતાનો..અને શંકર તડવી છોટા ઉદેપૂર જિલ્લાના બોડેલી તાલુકાના નવગામ ખાતે રહે, અને ખેત મજૂરી કરી જીવન વ્યતિત કરે. પરંતુ આ હસતા રમતા પરિવાર પર જાણે કે કોઈની નજર લાગી ગઈ હોય તેમ શંકરભાઈના મોટા પુત્ર સંજયના મિત્રો આડે પાટે ચડી ગયા હતા. તેથી સોબત તેવી અસર તળે સંજયનેપણ દારૂની લત લાગી ગઈ.

શરૂ શરૂમાં તો દારૂ પીવા માટે નાણાંની મદદ મિત્રો કરતા, તેથી વાંધો ન આવતો પરંતુ પછી તો કલ્લુ કહાર રોકડા આપ્યા વગર એક ટીપું પણ આપવા તૈયાર ન હતો. તેથી વગર પૈસા દારૂ ન મળતા સંજય ટળવળતો. ઘરમાંથી પિતા કે નાનો ભાઈ પૈસા ન આપતા. પૈસા મેળવવા ચોરીના માર્ગે વળ્યો. શરૂ શરૂમાં ઘરમાંથી અને જ્યાં ખેત મજૂરી માટે જતા તે ખેતરમાંથી ચોરી કરવાની શરૂ કરી. આ રીતે રૂપીયા મળતા ચોરી માટે ગામ અને પરગામના ખેતર સુધી કાર્યક્ષેત્ર વધાર્યુ. લહેરાતા કપાસની ચોરી કરીને વેચી લઈ સંજય નશામાં ચૂર રહેતો.

પણ..ચોરીનો ઉપદ્રવ વધતા ચોકના બધી ગ્રામજનોએ સંજયને રંગેહાથ પકડવા માંડ્યો. અને ઝઘડા ઘર સુધી પહોંચતા ઘરમાં કકળટ શરૂ થયો. તેથી સંજય વિજય પર હાથ ઉપાડવા માંડ્યો. ગામ આખામાં તડવી કુંટુંમ્બ બદનામ થવા લાગ્યું તેથી વિજયની સગાઈ પણ તૂટી ગઈ. હસતા રમતા પરિવારને ચોર પરિવારનું લેબલ લાગી ગયું. તેથી વિજયના હૃદયમાં આઘાત લાગ્યો.

કારણ વગર બદનામ થયેલા વિજયથી આ સહન થતું ન હતું. તેથી ધૂંધવાતો ફરતો રહેતો હતો. તેની વચ્ચે એક રાતે ખેતરમાંથી મજૂરી કરીને પાછો ફરતો હતો. ત્યારે સંજયને નર્મદા કેનાલ પર નશો કરેલી હાલતમાં પડેલો જોયો અને ક્રોધનો જવાળામુખી ફાટી નીકળ્યો.

રાતના કારણે સીમ શાંત હતી. વિજય સંજયને ઉંચકીને નજીકની ઝાડીમાં લઈ ગયો અને..પથ્થર ઉંચકીને એક પછી એક ઘા તેના માથા પર કરીને સંજયને છૂંદી નાંખ્યો. અને કંઈ જ ન બન્યુ હોય તેમ ઘરે આવીને ઉંઘી ગયો બીજે દિવસે જ્યારે નર્મદા કેનાલ નજીકથી હત્યા કરેલી ફંગોળી દેવાયેલી સંજયની લાશ મળતા મામલો પોલીસ મથકે પહોંચ્યો અને તપાસના ધમધમાટમાં આખરે વિજય ઝડપાઈ જતા શંકરભાઈએ બંને દીકરા ખોવાનો વારો આવ્યો.. એકને જાનથી અને બીજો જેલમાં જતા.

સાચે જ દારૂનું દૂષણ નશેબાજને જ નહીં આખા પરિવારને પીંખી નાંખે છે..નશો કરનારા માટે લાલબત્તિ સમાન આ કિસ્સો આપને કેવો લાગ્યો ? એ મને મેઘવર્ષા.૧૪, સપ્તગિરિ સોસાયટી નં ૩, સાંઈ મંદિર અને બગીચા પાછળ વિશ્વામિત્રી ક્રોસિંગ,માંજલપુર, વડોદરા-૩૯૦૦૧૧ આપવા મો-૯૯૨૫૬ ૨૮૪૯૮ પર જણાવશો હોં કે..!

**સંવેદનાઃ વ્યસન કરાવે હમેંશા પતન**

**મનિષ જોષી,'મૌન'**
**વડોદરા**

# કરીના ખાન કપૂરની માતાને કુછ રંગ હૈ પ્યાર કે અને પેશવા બાજીરાવ જોવાનું ગમે છે



સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝને તેના દર્શકોને હંમેશાં રોમાંચક કાર્યક્રમથી જકડી રાખ્યા છે અને તેથી તેનો મોટો ચાહક વર્ગ ઊભો થયો છે. હાલમાં એક લોન્ચ ઈવેન્ટમાં અભિનેત્રી કરીના કપૂરે પણ હાજરી આપી હતી. આ બંને શો દર્શકોમાં ભારે લોકપ્રિય છે અને ફ્લેગશિપ કેટેગરીના છે. પેશવા બાજીરાવ ઐતિહાસિક ડ્રામા છે, જેમાં બાજીરાવનું બાળપણથી યુવાની સુધીનું જીવન બતાવવામાં આવી રહ્યું છે. તેમાં રુદ્ર સોની, પલ્લવી જોશી, અનુજા સાઠે અને મનીષ વાધવા છે, જ્યારે કુછ રંગ પ્યાર કે ઐસે ભી રોમેન્ટિક ડ્રામા બે જણની પ્રેમકથા છે, જેઓ એકબીજાને ગાઢ પ્રેમ કરે છે, પરંતુ અમુક ગેરસમજણ અને સંજોગોને લીધે છૂટા પડી જાય છે. આ શોમાં શાહીર શેખ અને એરિકા ફરનાન્ડીસ મુખ્ય ભૂમિકામાં છે. સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના દર્શકો સેલિબ્રિટીઓ પણ છે અને તેઓ અન્યોની જેમ જ પ્રાઈમ ટાઈમ કાર્યક્રમ જોવાની મજા લે છે એ જાણવાનું ખરેખર બહુ રસપ્રદ છે.

# આલિયાા ભટ્ટને ચર આવી ગયાં!



આલિયા ભટ્ટ વર્તમાન સમયમાં નિઃશંક રીતે હિંદી ફિલ્મોદ્યોગની સૌથી મોટી ખોજમાંથી એક છે અને હાલમાં તે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર ઈન્ડિયન આઈડલ ૯ના સેટ્સ પર આવી ત્યારે એલ વી રેવંથે આ સુંદર અભિનેત્રીને મોહિત કરવા માટે કોઈ કસર બાકી નહીં રાખી. તેના પ્રયાસો પણ નિરર્થક નહીં ગયા, કારણ કે આલિયા મંચ પર ગઈ અને જીના જીના પર તેના અદભુત પરફોર્મન્સ માટે તેને અભિનંદન આપ્યા અને તેની ખૂબ સરાહના પણ કરી. જોકે આલિયા તેની સામે ઊભી થઈ ત્યારે રેવંથે તેને ઈશ્ક વાલા લવ ગીત સમર્પિત કર્યું અને તેની જોડે નૃત્ય કર્યું. આલિયા આ યુવા ગાયકે તેના પ્રત્યે જાહેર કરેલા પ્રેમથી મોહિત થઈને તેને સ્મિત આપ્યું હતું.આલિયા ભટ્ટે ઈન્ડિયન આઈડલ ૯ના સેટ પર આવવાની તકનો મહત્તમ લાભ ઉઠાવ્યો, કારણ કે તેણે પહેલા વાર પોતાની આગામી ફિલ્મ માટે હમસફર ગીત ગાયું છે. સ્પર્ધકો અને જજો પણ તેના આ સુંદર પરફોર્મન્સથી પ્રભાવિત થઈ ગયા હતા. આલિયાએ જણાવ્યું કે હું લાઈવ ગીત ગાવા માગતી હતી અને પ્રતિભાશાળી સંગીતકારોથી ભરચક ગાયકી રિયાલિટી શોમાં ગીત ગાવા જેવો બીજો સારો અવસર કયો હોઈ શકે.જોતા રહો મોજમસ્તીભર્યો વધુ એક એપિસોડ, ઈન્ડિયન આઈડલ ૯, સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન, આ રવિવારે રાત્ર ૮.૦૦ વાગ્યાથી

## આત્મચિંતન

# પ્રતિભાવાનો આગળ આવે

પ્રતિભાવાનો એ પોતાની ક્ષમતા, વિશેષતાનો પરિચય એ જ રૂપમાં આપવો જોઈએ કે તેઓ આગળ અવો. સત્પ્રવૃત્તિ, સંવર્ધન અને અવાંછનીયતા નાબુદી માટે વાતાવરણ બનાવે. જ્યાં પણ સદાશયતા જીવીત મળે તેને જગાડે, એકત્રીત કરીને યોજનાબદ્ધ રૂપમાં તેને નવસર્જનમાં લગાવે.

ઉત્કૃષ્ટતા હજુ પુર્ણ રૂપે મરી પરવારી નથી. આદર્શોને જીવન વ્યવહારમાં ઉતારનારી જીવટ હજુ પણ હયાત છે. આ બધા તત્વો વિખરાયેલા તથા દબાયેલા પડયા છે. એટલા માટે એનું અસ્તિત્વ સામે નથી આવતું એને સમેટી અને નવસર્જન માટે વિકસીત કરી શકાય તો ઉત્કૃષ્ટતાના પક્ષધરોની મોટી સેના નવ નિર્માણ માટે ઉભી થઈ શકે છે.એના માટે પ્રતિભાવાનાનો સમય અને શ્રમ મળી શકે તો એનાથી ઘણું મોટું કામ થઈ શકે છે.

ધનવાનો, ભાવનાશીલો, કલાકારો તેમજ અન્ય પ્રતિભાશાળી લોકોએ પોતાની પ્રતિભા આદર્શો માટે ઉપયોગ કરવી જોઈએ. પ્રતિભાનો દુરૂયોગ કરી આવનારી પેઢીને ગેરમાર્ગે દોરવાનું કામ કરવું જોઈએ નહીં.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# મેકિંગ ઑફ ડેવલપ્ડ ઈન્ડિયા એવોર્ડ્સ ૨૦૧૭માં સિનેપોલિસ ઈન્ડિયાએ જીત્યો



ભારતના પહેલા અને વિશ્વના ચોથા સૌથી મોટા મૂવી થિયેટર સર્કિટ સિનેપોલિસેમેકિંગ ઑફ ડેવલપમેન્ટ ઈન્ડિયા એવોર્ડ્સ ૨૦૧૭માં 'બેસ્ટ માર્કેટિંગ કેમ્પેઈન ઑફ ધ યર' એવોર્ડપ્રાપ્ત કર્યો. મેકિંગ ઑફ ડેવલપ્ડ ઈન્ડિયા એવોર્ડ્સ વિભિન્ન ક્ષેત્રે નવા તથા શ્રેષ્ઠ રીત-ભાતોની શોધકરવા અને તેના પ્રયોગ કરતી કંપનીઓની ઓળખ કરવા અને તેમને સમ્માનિત કરવા માટે શરૂકરવામાં આવેલી પહેલ છે. એશિયન કન્ફેડરેશન ઑફ બિઝનેસથી સમર્થન પ્રાપ્ત આ એવોર્ડ પ્રાપ્ત થવોસિનેપોલિસ માટે એક મોટી ઉપલબ્ધિ છે અને આ ભારતમાં પોતાના વિકાસ પ્રતિ કંપનીનીપ્રતિબદ્ધતાને દોહરાવે છે.ફિલ્મોના પ્રદર્શન પૂર્વે દેખાડવામાં આવેલા વિજ્ઞાપનનું લોકોએ સ્વાગત કર્યુ અને સિનેમા ઘરોમાં સ્ક્રીનપર ૨.૪ મિલિયનથી વધુ લોકોએ આને જોયું અને આ રીતે પૉપકૉર્નના વપરાશમાં ખૂબ જ વૃદ્ધિ થઈ. સિનેપોલિસ ઈન્ડિયાએ ખાસ રીતે નવીન અને રચનાત્મક આઉટરીચ ક્રિયા કલાપોના માધ્યમથીદર્શકોને સામેલ કરીને ભારતીય વપરાશકર્તાઓ સાથે એક મજબૂત સંબંધ કાયમ કર્યો છે. કંપની સંપૂર્ણ ભારતીય પ્રદર્શન ક્ષેત્રે નવા ચારોમાં અગ્રણી બનીને નિરંતર નવા માનકોને સ્થાપિત કરી રહી છે.

# લેન્કસેસે ટીચ ફોર ઈન્ડિયા સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે ટેકો જાહેર કર્યો

અગ્રણી વૈશ્વિક સ્પેશિયાલ્ટી કેમિકલ્સ કંપની લેન્કસેસની સબસિડિયરી લેન્કસેસ




ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે મહાપાલિકાની સ્કૂલોમાં જતા ગરીબ બાળકોને સુશિક્ષિત કરવા માટે સાથી સ્વયંસેવકોને ટેકો આપવાની તેની નીતિના ભાગરૂપે ટીચ ફોર ઈન્ડિયા (ટીએફઆઈ)ને સહાય આપવાના વચનને પરિપૂર્ણ કરીને ગુણવત્તાયુક્ત શિક્ષણમાં પોતાની વચનબદ્ધતા ફરી એક વાર પ્રદર્શિ કરી છે. લેન્કસેસ ઈન્ડિયાએ આ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા માટે બિન નફો કરતી સંસ્થાના પ્રયાસોને ટેકો આપવાની પાંચ વર્ષની વચનબદ્ધતાના ભાગરૂપ સંસ્થાને રૂ. ૫૨,૮૭,૫૦૦ની રકમનું યોગદાન આપ્યું છે.લેન્કસેસે ૬૫ ટીએફઆઈ ફેલોઝ (૨ વર્ષની ફુલ ટાઈમ પેઈડ વચનબદ્ધતા પર તાલીમબદ્ધ શિક્ષકો)ને અને હમણાં સુધી ૨૦૦૦ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ ટેકો આપ્યો છે. આ યોગદાનને લઈ મહાપાલિકાની સ્કૂલોમાં બાળકોને ભણાવતા સ્વયંસેવકો એવા ફેલોઝ માટે ટેકો તરીકે કામ કરશે, જેઓ સામાન્ય રીતે તેમની સામાજિક જવાબદારીઓ પાર પાડવા માટે નોકરી છોડી દેતા હોય છે.લેન્કસેસ શિક્ષણને સશક્ત બનાવવાનો વિશ્વાસ રાખે છે અને ભારતમાં શિક્ષણ, કુશલતા તાલીમ અને સાંસ્કૃતિક વારસાનાં ક્ષેત્રોમાં ઘણી બધી પહેલો લીધી છે. લેન્કસેસે તે જયાં પણ કામગીરી કરે છે તે દરેક પ્રદેશમાં શિક્ષણને ટેકો આપવા માટે એનજીઓ, ટેકનિકલ સંસ્થાઓમાં અગાઉ પણ યોગદાન આપ્યું છે. ટીચ ફોર ઈન્ડિયા રાષ્ટ્રવ્યાપી એનજીઓ છે, જેનું લક્ષ્ય ભારતમાં શિક્ષણમાં અસમાનતા દૂર કરવાનું છે અને તેના ફેલોશિપ પ્રોગ્રામ મારફત ટીએફઆઈ બે વર્ષ માટે ઓછી આવકની સ્કૂલોમાં ફુલ- ટાઈમ શિક્ષકો તરીકે સેવા આપવા પાત્ર કોલેજના ગ્રેજ્યુએટ્સ અને નોકરિયાત વ્યાવસાયિકોની ભરતી કરે છે. ફેલોઝ ક્લાસરૂમમાં નાવીન્યપૂર્ણ પદ્ધતિઓનો ઉપયોગ કરીને તેમના વિદ્યાર્થીઓ સામનો કરે છે તે શૈક્ષણિક અંતર ભરી કાઢવાનું કામ કરે છે.

# ડીએસપીબ્લેકરોકમાઈક્રોકેપફંડે નવી રોકાણ અરજીઓલેવાનું બંધ કર્યુંઃ

ડીએસપીબ્લેકરોકમાઈક્રોકેપ ફંડ એ સૌથી શ્રેષ્ઠ દેખાવ કરનાર ફંડની સાથે સાથે જ આ કેટેગરીનું સૌથી મોટું ફંડ બન્યું છે. આ ફંડ માટે આકર્ષક રોકાણ તકોશોધવાનું અમે ચાલુ રાખ્યું છે પરંતુ તેના વર્તમાન કદેલિક્વિડિટી સામે મોટો પડકાર સર્જ્યો છે. ફંડનાકદને લીધે પોર્ટફોલિયોમાં કંપનીઓના સ્ટોકનું અર્થપૂર્ણ વેઈટેજ વધારવું સતત મુશ્કેલ બની રહ્યું છે.ફંડ જેમાં રોકાણ કરે છે તે સ્ટોક્સમાં ઈચ્છિત કરતાં ઓછું વેઈટેજઆપવાથી ભવિષ્યમાં વળતર આપવાની તેની ક્ષમતા પર અસર થાય છે. આથી રોકાણકારોનાહિતોને ધ્યાનમાં રાખીને અમે એક સાથે અને એસઆઈપી દ્વારા નવું રોકાણ નહી સ્વિકારવાનો નિર્ણય કર્યો છે. જોકે અમે વર્તમાન એસઆઈપીના રોકાણને સ્વિકારવાનું ચાલુ રાખીશું. ભવિષ્યમાં નાણાની તરલતા અને રોકાણની તક અંગેના અમારા મંતવ્યો બાદ અમે ફંડને નવા રોકાણ માટે ફરીથી ખોલવાની સમીક્ષા કરીશું.

ડીએસપીબ્લેકરોકસ્મોલ એન્ડ મિડકેપ ફંડ એ ૧૦ વર્ષ જૂનું ફંડ છે અને તેણે બેન્ચમાર્ક(નિફ્ટી ફ્રી ફ્લોટમિડકેપ૧૦૦)ના ૧૨.૦૫ ટકાની તુલનાએ તેના પ્રારંભથી ચક્રવૃદ્ધિ દરે૧૬.૨૭ ટકાનું વળતર આપ્યું છે.

# મ્યુઝિક બ્રોડકાસ્ટ લિમિટેડ ૧૫ એન્કર રોકાણકારોને રૂ. ૧૪૬.૫૬ કરોડના ૪૪.૦૧ લાખ ઈક્વિટી શેર ફાળવશે

મુંબઈ

મ્યુઝિક બ્રોડકાસ્ટ લિમિટેડ ( "કંપની" અથવા "ઈશ્યૂઅર")એ આઈસીઆઈસીઆઈ સીક્યોરિટીઝ લિમિટેડ (ઓફરના"બુક રનિંગ લીડ મેનેજર") સાથે કન્સોર્ટીયમમાં ઈક્વિટી શેર દીઠ રૂ.૩૩૩ની એન્કર ઈન્વેસ્ટર એલોકેશન પ્રાઇઝ પર એન્કર રોકાણકારોને કુલ રૂ. ૧૪૬.૫૬ કરોડના ૪૪,૦૧,૧૫૮ ઈક્વિટી શેર ફાળવણી કરવાની યોજનાને અંતિમ ઓપ આપ્યો છે. કંપનીએ સોમવારે ૬ માર્ચ, ૨૦૧૭ના રોજ રૂ. ૪૦૦ કરોડ ("નવા ઈશ્યૂ") સુધીના નવા ઈશ્યૂને સમાવતા પ્રીમિયમ ("ઓફર") પર રોકડ માટે રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર")નો આઈપીઓ (ઇનિશિયલ પબ્લિક ઓફર) રજૂ કરવાની અને વિક્રેતા શેરધારકો દ્વારા ૨,૬૫૮,૫૧૮ ઈક્વિટી શેરના વેચાણ માટે ઓફર ("ઓફર ફોર સેલ") રજૂ કરવાની યોજના બનાવી છે. આ ઓફર ૮ માર્ચ, ૨૦૧૭ને બુધવારે બંધ થશે. ઓફરની પ્રાઇઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૩૨૪થી રૂ. ૩૩૩ નક્કી કરવામાં આવી છે. બુક રનિંગ લીડ મેનેજર સાથે ચર્ચા કરીને કંપની સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (મૂડી અને પ્રકટીકરણની જરૂરિયાતો ઈશ્યૂ કરીને) નિયમન, ૨૦૦૯, સંશોધન મુજબ ("આઈસીડીઆર નિયમન") એન્કર રોકાણકારોની સહભાગિતાનો વિચાર કરી શકે છે. એન્કર રોકાણકારો ઓફર ખુલવાની તારીખ એટલે કે ૩ માર્ચ, ૨૦૧૭ને શુક્રવારના એક કાર્યકારી દિવસ અગાઉ બિડ કરી શકશે. બિડ લઘુતમ ૪૫ ઈક્વિટી શેર અને પછી ૪૫ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.ઓફરના એકમાત્ર બુક રનિંગ લીડ મેનેજર ("બીઆરએલએમ") આઈસીઆઈસીઆઈ સીક્યોરિટીઝ લિમિટેડ છે.

# સોની પિક્ચર્સ નેટવર્કસ ઈન્ડિયાએ ઝી નેટવર્કસ પાસેથી ટેન સ્પોર્ટ્સ સંપાદનનુ પ્રથમ ચરણ પુરુ કર્યુ



સોની પિકચર્સ નેટવર્કસ ઈન્ડિયા ( એસપીએન ) અને તેની સહયોગીઓએ ઝી એન્ટરટેઈનમેન્ટ એન્ટરપ્રાઈઝ્સલિમિટેડ પાસેથી ટેન સ્પોર્ટસ નેટવર્કસના સંપાદનનુ પ્રથમ ચરણ પુરુ કર્યુ.ત્યારે સંપાદનના પ્રથમ ચરણ પુરા કર્યા બાદ હવે એસપીએન પાસે હવે કુલ નવ સ્પોર્ટસ ચેનલોનો સમાવેશ થયો છે.● સોની સિક્સ અને સોની સિક્સ એચડી● સોની ઈએસપીએન અને સોની ઈએસપીએન એચડી● ટેન ૧ , ટેન ૧ એચડી , ટેન ૨ , ટેન ૩ , અને ટેન ગોલ્ફ એચ ડીતે ઉપરાંત અંતિમ તબક્કામાં કેટલીક ખાસ વસ્તુઓનો સમાવેશ કરવામાં આવશે. તે ઉપરાંત અમુક સુધારા વધારા સંપાદનના છેલ્લા ચરણમાં કરવામાં આવશે. જે રીતે એસપીએનઅને ઝીના ટીમના સભ્યોએ આ અનોખા સંપાદનના પ્રથમ ચરણને પુરુ કર્યુ છે. ત્યારે હાલ એસપીએન તેના દર્શકોને પહેલા કરતા વધુસુદઢ અને ગુણવત્તાથી સભર રમત જગતની દુનિયા સુધી પહોચાડી રહ્યુ છે. જેમાં આંતરાષ્ટ્રિય ક્ષેત્રે રમાય રહેલી મોટી ટુર્નામેન્ટ અને ટોમેસ્ટિક લિગનો સમાવેશ થાય છે.

# અમદાવાદ ખાતે પ્રથમ મેગા વુમન કોન્કલેવનું આયોજન કરાયું



અમદાવાદ

વેલ્થ ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ ખાતે પ્રથમ મેગા વુમન કોન્કલેવ "EmpowHER" નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ૪૦૦ થી વધું છોકરીઓ એ ભાગલીધો હતો અને ડાન્સ, સિંગીગ, ડ્રામા અને રેમ્પવોક દ્વારા પોતાની અંદર રહેલી પ્રતિભાઓ બતાવી હતી.રેમ્પવોક "લાઈફસાઈકલ ઓફ વુમન" અને "વુમન ઈન કોર્પોરેટ વર્લ્ડ" એમ બે થીમ પરકરવામાં આવ્યું હતું.કાર્યક્રમ ની શરૂઆત પેનલ ડિસ્કશન થી કરવામાં આવી હતી જેમા જાનકી વસંત,અનુરીતા રાઠોર અનેતન્વી ભટ્ટ દ્વારા છોકરીઓ ને જાગૃત કરવામાં આવ્યું હતું.ત્યારબાદ ડાન્સ,સિંગીગ,ડ્રામા અને રેમ્પવોકકરવામાં આવ્યું હતું જે બોલીવુડ ના લોકો દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં જતીન લીમ્બાડ,પ્રિયંકાત્રીવેદી,હર્ષીલ દક્ષીની,શ્રદ્ધા ડેન્ગર જેવા લોકો દ્વારા જજ કરવામા આવ્યું હતું.વેલ્થ ફાઉન્ડેશન ના ફાઉન્ડર મુકેશ પડયાચી એ જણાવ્યું કે અમારા આ ફાઉન્ડેશન ને એક વર્ષ પુરુ થયુંછે અને હવે અમે અમદાવાદ,મુંબઈ,બરોડા અને સુરત ખાતે વુમન એમ્પાવરમેન્ટ યુનિટ થકીમહિલાઓ જે કાર્ય પુરુષ વગર નથી કરી શકતી તે શીખવ્વાના છીએ.અમને આ ઈવેન્ટ માં ખૂબજ સારો પ્રતિસાદ મળ્યો છે અને અમે ભવિષ્યમાં આવા ઈવેન્ટ કરતા રહીશું.

# શેરધારકોની કુશલ ટ્રેડલિંકના ૧:૧ બોનસ શેરને માન્યતા

અમદાવાદમાં વડામથક ધરાવતી કુશલ ટ્રેડલિંક લિ. (બીએસઈ સ્ક્રિપ કોડઃ ૫૩૬૧૭૦)ના શેરહોલ્ડરોએ ૧:૧ "માણમાં બોનસ શેર જારી કરવા માટે ટપાલથી મતદાન દ્વારા મંજૂરી આપી છે. કુશલ ટ્રેડલિંકના બોર્ડ ઓફ ડાયરેક્ટરોએ ૨૦મી જાન્યુઆરી, ૨૦૧૭ના બોનસ ઈશ્યુ કરવા માટે સૂચન કર્યું હતું, જે ૨૯મી જાન્યુઆરીથી ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭ સુધી ટપાલથી મતદાનને આધીન હતું. શેરહોલ્ડરો દ્વારા આપવામાં આવેલી મંજૂરીને આધારે હવે કુશલ ટ્રેડલિંક પોતાની અધિકૃત મૂડી વધારવા માટે રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ પાસે જરૂરી અને કાનૂની ફોર્મ્સ ભરશે અન ત્યાર પછી કંપની બોનસ ઈશ્યુની વિધિ પૂર્ણ કરવા માટે આ"ળ વધશે.કાનૂની ફરજો પૂરી પાડ્યા પછી બોનસ ઈશ્યુ માટે રેકોર્ડ તારીખ બોર્ડ ઓફ ડાયરેક્ટરો દ્વારા નિશ્ચિત કરાશે અને તે વિશે બોમ્બે સ્ટોક એક્સચેન્જને જાણ કરાશે. બોનસ શેર શેરહોલ્ડરો ધરાવે છે તે શેરોની સંખ્યાને આધારે વધારાના ખર્ચ વિના હાલના શેરહોલ્ડરોને અપાનાર વધારાના શેરો છે. આ કંપનીની સંચયિત કમાણી છે, જે ડિવિડંડના સ્વરૂપમાં નહીં પરંતુ ફ્રી શેર્સમાં પરિવર્તિત કરવાના રૂપમાં આપવામાં આવે છે.

# ખાલીદ સિદ્દીકીનો કલર્સના એક શ્રૃંગાર સ્વાભિમાનમાં પ્રવેશ



કલર્સનો ફેમીલી ડ્રામા એક શૃંગાર સ્વાભિમાન પોતાની માતા શારદાના માન તથા આત્મ સન્માન માટે કોઈપણ હદે જવા તૈયાર એવી બે દીકરીઓ મેઘના અને નૈનાની પોતાની અત્યંત રસપ્રદ વર્ણન વડે દર્શકોને ગમી જનાર છે. જ્યાં છોકરીઓ પોતાના લગ્ન અનુક્રમે કુણાલ અને કરણ પછીથી ચૌહાણ પરિવારમાં પોતાના પગ સ્થિર કરવા સંઘર્ષરત છે. ત્યાં જ શારદા પોતાની દીકરીઓના લગ્ન દરમ્યાન થયેલું દેવું પાછું ચુકવવા સંઘર્ષ કરી રહેલ છે. કહાણીમાં ડ્રામાના તાજગીપૂર્ણ તત્વનો પરિચય આપતાં અભિનેતા ખાલીદ સિદ્દીકી છે જે મુખ્યમંત્રી વિક્રમસિંહ રાઠોડની ભૂમિકા ભજવી રહેલ છે. એક સંસ્કારી રાજકારણી અને વિધુર વિક્રમસિંહ રાઠોડ પોતાના કામની પુજા કરે છે અને પોતે જે કંઈપણ કરે છે તેમાં એક પ્રમાણિક અભિગમ રાખે છે. એનો વિનમ્ર સ્વભાવ અવારનવાર મહિલાઓનું ધ્યાન ખેંચનાર બનાવે છે પણ તેને ઘણી વખત ગેરસમજથી આડંબરી પણ ગણી લેવાય છે.

શોમાં એનો પ્રવેશ શારદાના જીવનમાં એક નવો વળાંક લઈને આવશે. એ બુંદીમાં નંદકીશોર ચૌહાણના વ્યવસાયમાં વધારો કરવાના શમણાં માટે જોખમી છે. મેઘનાના લગ્નમાં એની ગેરવર્તણુંક બાબતે જાણ્યા પછી એક કારખાનું શરૂ કરવાની નંદકીશોરની દરખાસ્તને એક તરફ કરી દેવાશે. પોતાના પ્રોજેકટને ફરીથી ટ્રેક પર લાવવા આતુર નંદકીશોર વિક્રમના મંતવ્યને બદલવા શારદાની મદદ માંગશે. જાણવા માટે જોતા રહો સોમથી શુક્ર રાત્રે ૯.૩૦ કલાકે કલર્સ પર.






# રાત્રિના સમયે દૂધ પીવાથી ઊંઘની બીમારી દૂર થઈ શકે

ઘણા લોકોને રાત્રે ઊંઘ ન આવતી હોવાની અથવા તો વારંવાર તેમની આંખ ખુલી જતી હોવાની ફરિયાદો હોય છે. આ સમસ્યાથી છુટકારો મેળવવા માટે તેઓ રાત્રે ઊંઘ આવે તેના માટે દવા લેતા હોય છે. પરંતુ શું તમે જાણો છો કે, આ સમસ્યા કોઈ દવા વગર પણ દૂર થઈ શકે છે. એક નવા સંશોધનમાં આ અંગેની વિગત સપાટી પર આવી છે.સંશોધનમાં જાણવા મળ્યું છે કે, રાત્રીના સમયમાં ઊંઘતા પહેલા જો ગાયનું દૂધ પીવામાં આવે તો તેનાથી સારી ઊંઘ આવી શકે છે. જેથી કોઈ ઊંઘની દવા લીધા વિના જ આ સમસ્યા દૂર થઈ જશે.

રાત્રિના સમયમાં પીવામાં આવેલ દૂધમાં વિશેષરૂપથી ટ્રીપ્ટોફેન અને મેલાટોનિન પ્રચુર માત્રામાં જોવા મળે છે. મેલાટોનિન એક સ્વાભાવિકરૂપથી બનનાર હોર્મોન્સ છે, જે સુવા અને ઉઠવાના ચક્રને નિયંત્રણમાં રાખે છે અને ટ્રિપ્ટોફેન સેરોટોનિન અને મેલાટોનિનમાં બદલાઈ જાય છે. સંશોધનમાં જણાવાયું છે કે, ઉંદરોને દિવસમાં દૂધ, રાત્રે દૂધ, પાણી અને ડાયજેપામ આપવામાં આવ્યા અને ત્યારબાદ તેમને ૨૦ મિનિટ સુધી ફરતા સિલેન્ડર ઉપર રાખી દેવામાં આવ્યા.

જે ઉંદરોને ઊંઘ આવતી હતી તેમને સિલેન્ડર ઉપર ટકી રહેવામાં ઘણી મુશ્કેલી પડી રહી હતી. દિવસે દૂધ પીનારા ઉંદરો કરતા રાત્રિના સમયમાં જે ઉંદરોને દૂધ આપવામાં આવ્યું હતું તેમને વધુ ઊંઘ આવતી હતી જેના કારણે તેઓ એટલા સક્રિય પણ નહતા રહી શકતા. લાંબા સમયથી દૂધનો ઉપયોગ સારી ઊંઘ લેવા માટે કરવામાં આવી રહ્યો છે. આ અંગેનો અહેવાલ જનરલ ઓફ મેડિસિનલ ફૂડમાં પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

# કફ બ્રોન્કાઈટીસની દવા એન્ટીમ ટાર્ટ

**હોમીયોપેથીક એક સરળઉપાર** — ડૉ. જગદીશ ધોળકીયા

**જીજ્ઞાસુ મિત્રો,**

કફ બ્રોન્કાઈટીસની દવા એન્ટીમ ટાર્ટ

હોળી નજીક આવી રહી છે ફાગણ મહીનામાં કફ શરદીની વ્યાધિ વિશેષ રહે છે. શિયાળો પુરો થઈ ઉનાળો શરૂ થાય છે. આ બે ૠતુમાં કે જેને વસંત ૠતુ કહેવામાં આવે છે તેમાં નાક, ગળું અને ફેફસાંને ખુબ જ સાચવવા પડે છે. શરદી થાય, કફ થાય વિગેરે વ્યાધિ થતી હોય છે.બરોબર કાળજી લેવામાં ન આવે તો બ્રોન્કાઈટીસ કે ભવિષ્યમાં બ્રોન્કીયલ અસ્થમા થવાની સંભાવના વધી જાય છે.સામાન્ય રીતે આ ૠતુમાં એન્ટીમટાર્ટ, બ્રાયોનિયા, કાલીકાર્બ, એકોનાઈટ, ઈપીકાક, નેટ્રમસલ્ફ, ફેરમફોસ, કાલીમ્યુર વિગેરે દવાઓ ઉપયોગમાં લેવામાં આવે છે. આજે આપણે એન્ટીમટાર્ટ દવાની માહિતી મેળવીશું.

એન્ટીમોનીયમ ટાર્ટારીકમ : એન્ટીમ ટાર્ટ

આ દવા નાકની શરદી, ફેફસાં ઉપર વિશેષ કામ કરે છે.

(૧) પ્રથમ તો બાળકો માટે આ દવા ખાસ ઉપયોગી છે બાળકોને વારંવાર બ્રોન્કાઈટીસના એટેક આવે વાતાવરણ બદલાય એટલે ખાંસીના કસકા થયા કરે, છાતીમાં કફ ભરાઈ જાય, કાઢી શકાય નહીં, છાતીમાં કફ બોલે, બાળકોને તેડીને ફરવું પડે, ગોદમાંથી નીચે ઉતારો તો તકલીફ વધી જાય.

ઘણીવાર બાળકોને ન્યુમોનિયાની અસર થાય, પ્રથા ઠંડી લાગે શરીર ધ્રુજવા લાગે. વારંવાર એટેક આવે, હાંફ ચડે, શ્વાસ લેવામાં તકલીફ પડે, ત્યારે આ દવા આપવામાં આવે છે.

૨.બ્રોન્કાઈટીસ :બ્રોન્કાઈટીસની આ ખાસ દવા છે. જેમાં ટુંકીયામાં સોજો આવે, એરપેસેજમાં અવરોધ આવે, દર્દી કફ કાઢી શકે નહીં, જ્યાં સુધી કફ ન નીકળે ત્યાં સુધી સતત ખાંસી આવે, છાતી ખખડવા લાગે, રૂંધામણો થાય, બાળકોની કેપીલરી બ્રોન્કાઈટીસની આ ખાસ દવા છે. સહેલાઈથી ગળફો નીકળે નહીં, રાતના સમયમાં ખાંસી વધી જાય, દર્દી ખાંસી ખાઈને એટલો થાકી જાય છે તેમજ કમજોર રહે છે કે સુઈ રહે છે. ઉઠી શકતો નથી આખો દિવસ તંદ્રામાં રહે છે નાડીના ધબકારા વધી જાય છે, જમણાં ફેફસામાં કફ ભરાઈ જાય ત્યારે આ દવા વિશેષ ઉપયોગી બને છે.

૩.દમ-અસ્થમા : દમ કે અસ્થમાની આ ખાસ દવા છે. રાત્રીનાત્રણ વાગે દમનો એટેક આવે એટલે દર્દીને પથારીમાંથી ઉભા થઈ જવું પડે છે. દર્દીને શરૂઆતમાં ખુબ જ ખાંસી આવે છે દર્દી ઉભો થઈશકતો નથી તેમજ સુઈ શકતો નથી. ગળામાં કફ ખખડે છે ફેફસામાં પણ કફ ભરાયેલો હોવાથી ફેફસાં પણ ખખડે છે. જે ગળામાં આવે તેને વિઝાંગ સાઉન્ડ એટલે કે સીસોટી જેવો આવે, ગળફા ખુબ ખાંસવા છતાં સહેલાઈથી નીકળી નહીં.

૩. ફેફસાંમાં સોજો આવે : શ્વાસ લેવામાં તકલીફ પડે, શરીર લીલું થઈ જાય, હૃદયના ધબકારા વધી જાય, હૃદય પહોળું થઈ જાય, આમ નાડી કમજોર રહે, પણ નાડી તેજ ગતિથી ચાલે.

બાળક જન્મે અને એસ્ફીક્ષીયા થાય શ્વાસ લેવામાં અવરોધ થાય તો એન્ટીમટાર્ટ દવા આપવાથી શ્વાસ સહેલાઈથી બાળક લઈ શકે છે.

૪. ઓરી અછબડા: બાળકોને ઓરી કે અછબડા નીકળે ત્યારે બાળકને તાવ આવે, તાવની સાથે ઉલટી થાય.આ દવા ટાઈફોઈડ મેનીન્જાઈટીસ તેમજ કાલા અઝારના તાવમાં ઉપયોગમાં આવે છે.

માથામાં તેમજ કપાળમાં દુ:ખાવો થાય, માથામાં ચક્કર આવે આંખો બંધ કરે ત્યારે માથામાં ચક્કર આવે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

# હળદર –એક અનોખું ઔષધ

**આયુર્વેદનું અમૃત** — વૈદ્ય મહેશ અખાણી

સામાન્ય રીતે હોસ્પિટલોનો વિકાસ દર ત્યાં આવતા દર્દીઓની સંખ્યાના આધારે ગણવામાં આવતો હશે, પરંતુ આપણા આયુર્વેદ પાસે આવતા દર્દીઓ ની ગણતરી શું કરી શકાય ખરી , આયુર્વેદ તો ઘર- ઘર માં ગુંજે છે. શરદીમાં લોકો સૂંઠ, તાવમાં મરી, ઝાડામાં દહીંને જીરું અને સૂંઠનો ભરપુર ઉપયોગને દાડમનો રસ, માથું દુઃખે તો સુંઠના પાણીના નાકમાં ટીપા નાખશે, તાવમાં કરિયાતું- સુદર્શન લેશે ને લંઘન કરશે, ચામડીના રોગમાં લીમડાનો ભરપુર ઉપયોગ કરશે, વાગ્યા ઉપર હળદર લગાવશે તો કાકડા હળદરથી જ મટાડશે, શિયાળામાં તેલ માલીશને હોળી – ધૂળેટીમાં ચણા, ધાણી ને ખજુર આરોગશે....... આ આપણો આયુર્વેદ જ છે ને. જે સર્વ વ્યાપક છે. અનાદી છે. અનંત છે. શાશ્વત છે. સનાતન છે. ઈમરજન્સીમાં પણ અકસીર છે. ....આવો આજે આપણે આજે આપણા રસોડામાં રહેલી હળદર વિશે વિચારીએ.

એક-બે અનુભવ..

તાવ, શરદી, ઉધરસ જયારે ખૂબજ ફેલાયેલા ત્યારે એક મારા મિત્ર મને કહે, આમારા સંયુક્ત કુટુંબ ના બધાજ સભ્યો ને શરદી, તાવ, ખાંસી થઈ આવી પણ આમારા આ એક અત્રી ને ક્યારેય કોઈ બીમારી થતી નથી કારણ કે તે ત્રણ વર્ષ નો હતો ત્યારથી કાયમી હળદરને મધ લ્યે છે, આજે તે છ વર્ષનો થયો. આજે તેની યાદશક્તિ એટલી સરસ છે કે તેને આજે છ વર્ષની ઉમરમાં શ્રીમદ્ ભગવત ગીતાના સાત અધ્યાય કંઠસ્થ છે.

એક બહુ મોટા સમારોહમાં દરરોજના હજાર- બારસો દર્દીને ગળાની તકલીફ થઈ આવી, ત્યારે ત્યાં હાજર એંસી જેટલા તબીબો પણ દવાઓ કરી ને મૂંઝાયા તે સમયે અમે સૌને હળદર, જેઠીમધ ને ત્રિફલાના ચૂર્ણનું મિશ્રણની પડીકી લોકોને આપી અને સૌને રોગમુક્ત કરી શકયા હતા તેનો હું પોતે જ સાક્ષી છુ.

હળદર થી શરદી, ઉધરસ, શ્વાસ, ખંજવાળ, કાકડા, એલર્જી ના રોગો થતા નથી. રોગ પ્રતિકાર શક્તિ ખુબ વધે છે. હળદર ઉતમ ઘા રૂઝવનાર છે, મૂઢ મારનો સોજો મટાડનાર છે, લોહી વધારનાર, લોહી શુદ્ધ કરનાર, લોહી વહેતું બંધ કરનાર છે. ચરબી ઓગલનારને કોલેસ્ટેરોલ કંટ્રોલ કરનારને હૃદયને માટે ઉપયોગી હળદર છે.

★ **પ્રમેહ માં..** આમળાંના રસ કે ચૂર્ણ ને હળદર સાથે લેવાથી પ્રમેહ કાબુમાં આવે, પેસાબમાં જતી ધાતુ અટકે, બહેનોને સફેદ કપડા આવવાનું દર્દ મટે, એલર્જીના દર્દ દુર થાય.

★ **કુષ્ઠ- ચામડીના રોગોમાં....** એક મહીના સુધી ગાય ના મૂત્ર સાથે ૪૦ ગ્રામ જેટલો લીલી હળદર નો રસ લેવાય તો તમામ ચામડીના રોગો મટે છે.. સાથે નમક, ખટાસ, મીઠાસ બંધ કરવી જરૂરી છે

★ **એલર્જી...** શરીરે ખંજવાળ આવે, લાલ લાલ ચકામાં થઈ જાય, સોજા પણ આવે, એલર્જીના કારણે શરદી, ખાંસી, ખંજવાળ ને શ્વાસ થાય ત્યારે.... હળદરને ગાયના ઘીમાં સેકી તેમાં અડધી સાકર તથા ચોથા ભાગમાં એલાયચી, મરી, તજ ઉમેરી ને ડબી ભરી દેવી. આ એલર્જીની કોઈપણ તકલીફ માં ૧-૧ ચમચી લેવી. Avil ro cetra-jin લેવાની શક્ય છે કે જરૂર નહિ પડે.

★ **હાડકું સાધવામાં મદદ કરનાર;** હળદરને દૂધ સાથે લેવાથી ભાગેલું હાડકું ઝડપથી સંધાય છે. અને હળદરનો ગરમ પાણી સાથે લેપ કરવાથી મૂઢ મારનો સોજો, ઘા, ભાગેલા હાડકાનો સોજો પણ ઝડપથી મટે છે.

**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.**
**કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)**
**મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# શું તમારા હાથ કાંપવા લાગે છે?

**સાઈકોથેરાપીસ્ટ**

જે હાથ બાળપણથી અત્યાર સુધી સ્થિત રહી તમામ કાર્યો પૂરા કરવામાં સહાયક બન્યા તે હવે કયા કારણે એકાએક કાંપવા લાગ્યા છે. ઈચ્છો તો પણ તમારા હાથ સ્થિર રહી નથી શકતા. આ સમસ્યા માટે અનેક કારણો જવાબદાર છે અને તેને હળવાશથી લેવા ન જોઈએ

એસેન્શિયલ ટ્રિમર્સ આ નર્વસ સિસ્ટમની અત્યંત સામાન્ય પ્રકારની બીમારી છે જેની શરૂઆત હાથથી થાય છે પરંતુ ટૂંક સમયમાં જ કાંપવાની સમસ્યા હાથ, બાજુઓથી થઈ માથા સુધી પહોંચી જાય છે. તે અવાજ અને શરીરના અન્ય ભાગોને પણ પ્રભાવિત કરે છે. આ પ્રકારની બીમારી ધ્રુજવાની અન્ય સમસ્યાઓથી અલગ છે કારણ કે આ હાથને ત્યારે પ્રભાવિત કરે છે જ્યારે હાથમાં કોઈ મૂવમેન્ટ થાય છે. સ્થિર રાખેલા હાથમાં એસેન્શિયલ ટ્રિમર્સ નથી હોતા. આ વારસાગત બીમારી હોય છે જે માતા-પિતામાંથી બાળકો સુધી પહોંચે છે. બીજી તરફના ટ્રિમર્સમાં શરીર સ્થિર હોવા છતાંય શરીરના અંગો કાંપવા માટે વિવશ બને છે. શું છે સમસ્યા? એસેન્શિયલ ટ્રિમર્સ કોઈ પણ ઉંમરે થઈ શકે છે પરંતુ વધતી ઉંમરમાં આ બીમારી વધારે હોય છે. આ બીમારી પ્રાણઘાતક ભલે ન હોય પરંતુ ઉંમર પસાર થવાની સાથે તે ગંભીર બનતી જાય છે અને ક્વાલિટી લાઈફ ખતમ થઈ જાય છે. હાથમાં લીધેલ ચ્હાનો કપ ધ્રૂજવા લાગે છે. પાણીનો ગ્લાસ તથા થાળીમાંથી લીધેલ કોળિયો મોંઢામાં પહોંચે તે પહેલા જ એવું લાગે છે કે જાણે હમણા જ નીચે પડી જશે. બેન્કમાં ચેક પર કરવામાં આવેલા હસ્તાક્ષર મેચ નથી થતાં.

**ઈલાજ** આ બીમારીનો ઈલાજ અઘરો હોય છે. તે માટે દવાઓ તો છે પરંતુ કોઈ પણ દેવા એક સમાન હંમેશા કામ નથી કરતી. સર્જરી પણ એક વિકલ્પ છે જ્યાં સર્જન ડીપ બ્રેન સિમ્યુલેશન માટે મગજના ઊંડાણમાં એક ડિવાઈસ ઈમ્પ્લાન્ટ કરાય છે જેથી કરીને ટ્રિમર્સને રોકી શકાય. પાર્કિન્સોન્સ ડિસીસ ટ્રિમર્સ પાર્કિન્સોન્સ ડિસીસનો પ્રાથમિક સંકેત માનવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં ૧ કરોડ કરતાં પણ વધારે લોકો તેનાથી પીડિત છે. પાર્કિન્સોન્સ ડિસીસથી પીડિત તમામ લોકોના હાથ કાંપવા લાગે એ જરૂરી છે પરંતુ બીમારીના પ્રારંભિક તબક્કામાં હાથ, પગ કે કોઈ એક આંગળીમાં ટ્રિમર્સ અનુભવાય છે. મોટાભાગે ટ્રિમર્સ શરીરના એક ભાગને જ પ્રભાવિત કરે છે. આ જ કારણ છે કે તેને રેસ્ટિંગ ટ્રિમર્સ કહેવામાં આવે છે. જ્યારે પણ દરદી મૂવમેન્ટ કરે છે ત્યારે તેના હાથ પગનું કંપન બંધ થઈ જાય છે. બીમારી ઉંમરની સાથે-સાથે વધતી જાય છે. કંપન કે ધ્રૂજારી હંમેશા બીમારીને કારણે નથી થતી હાથમાં કંપનનો અર્થ હંમેશા એ જ નથી હોતો કે દરદીને કોઈ ગંભીર બીમારી છે.

ક્યારેક-ક્યારેક શરીર કોઈ અન્ય સમસ્યાથી ગ્રસ્ત હોય ત્યારે પ્રતિક્રિયા સ્વરૂપે કંપન થવા લાગે છે. તેમાં સૌથી સામાન્ય છે માદક દવાઓના વ્યસનીની શારીરિક પ્રતિક્રિયા. માદક દવાઓના સેવનથી મગજમાંથી નીકળનાર ડોપામિન નામક રસાયણનો સ્ત્રાવ બંધ થઈ જાય છે. આ રસાયણ મગજના એક ભાગમાંથી માહિતી અન્ય ભાગો સુધી પહોંચાડવામાં મદદ કરે છે.

બી-૧૨ની ઊણપ વિટામિન બી-૧૨ની ઊણપના કારણે નર્વસ સિસ્ટમ જે રીતે કામ કરવી જોઈએ તે રીતે કામ નથી કરતી. જો તેની કમીના કારણે હાથમાં ધ્રૂજારી અનુભવાય તો નિશ્ચિત પણે જ આ માટે વિટામિન બી-૧૨ના ઈન્જેક્શન લગાવવા જોઈએ. વધારે પડતું ટેન્શન આર્થિક ચિંતાથી લઈને સંબંધોને લગતી સમસ્યાઓ, આરોગ્ય સંબંધી સમસ્યાઓથી લઈને રહેતી વધારે પડતી ચિંતાથી શરીર ધ્રૂજારી સાથે પ્રતિક્રિયા વ્યક્ત કરે છે. આ ઉપરાંત લો બ્લડ શુગરના કારણે પણ હાથ પગમાં કંપન થવા લાગે છે. હાયપોગ્લાયસીમિયામાં શરીરને ટેન્શનને રિસ્પોન્સ કરતાં શરીરને ધ્રૂજાવે છે.

આ શરીરનું સેફ્ટી મિકેનિઝ્મ છે. ઓવરએક્ટિવ થાઈરોડના કારણે પણ સમગ્ર શરીરમાં કંપન થાય છે. ઊંઘમાં ખલેલ પડે છે અને હૃદયના ધબકારા વધી જાય છે.

# ‘પ્રેમ’ એ પરમેશ્વર છે

સેકસપીયરે પ્રેમ માટે કહ્યુંછે કે પ્રેમ આંખોથી નહીં પણ હૃદયથી જુએ છે. તેથી જ પ્રેમના દેવને આંધળો કહ્યો છે. પ્રેમને કોઈ બંધન નથી વળી પ્રેમનો વિસ્તાર પણ અમાપ અનંત સુધી વિસ્તરેલો છે. પ્રેમનો ઉદ્ભવ દરેકના હૃદયમાંથી એક બિંદુની જેમ અનુભૂતિ રૂપે થાય છે અને પછી અમાપ રૂપે વિસ્તાર પામે છે. પ્રેમને કોઈ મર્યાદાઓ હોતી નથી. પ્રેમનું પાત્ર ભગવાન પણ હોઈ શકે છે કે પછી તો કોઈ સ્ત્રી, પુરુષ, બાળક પશુ, પક્ષી કે ફુલ ગમે તે હોઈ શકે છે. પ્રેમ સર્વવ્યાપી છે. પ્રેમને જે રૂપ સાથે પણ કોઈ સંબંધ નથી કે જાહોજલાલી સાથે પણ કોઈ સંબંધ નથી. પ્રેમ એ બંગલાઓમાં, મહેલોમાં, ઝુંપડપટ્ટીમાં કે ચાલીઓમાં બધે જ અસ્તિત્વ ધરાવે છે. વળી પ્રેમનું પાત્ર કોઈ સ્વરૂપવાન સ્ત્રી કે પુરુષ હોય એવું પણનથી. પ્રેમ તો પારસમણી છે.

પ્રેમ સ્થુળ શરીર સાથે નહીં પણ એ સ્થુળ શરીરમાં બિરાજમાન આત્મા સાથે થાય છે. મંદિરને ઓટલે વાડકો લઈ ભીખ માગનાર યુવાનનું હૃદય પણ કોઈના માટે પ્રેમથી તરબોળ હોઈ શકે છે. પ્રેમને ઉંમર સાથે પણ કોઈ સંબંધ નથી હોતો. પ્રેમ કંઈ ઉંમરની મર્યાદામાં બંધાતો નથી. પ્રેમથી વંચીત કોઈ રહીશકતું નથી. પછી ભલે તે નિવૃત્તિને આરે ઉભેલો વૃદ્ધ હોય કે પછી યુવાનીને ઉંબરે પગલાં ભરતી કોઈ મુગ્ધા હોય. ઘણીવાર તો વ્યક્તિ પ્રેમ કરતી હોય છતા પ્રેમથી અજાણ હોય છે. કારણ કે પ્રેમ એ કેમ કે સ્વયં ઈશ્વર પણ પ્રેમથી અળગા રહી શકયા નથી. મીરાનો કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ જગતે સ્વીકાર્યો છે. રાધાનો કૃષ્ણ પ્રત્યેનો અને કૃષ્ણનો રાધાપ્રત્યેનો અમાપ પ્રેમ જગતે સ્વીકાર્યો છે. એવો દિવ્ય અલૌકિક પ્રેમ જગતને પ્રેરણા આપે છે. મહાવીર સ્વામીને લોકોએ પથ્થરો માર્યા, એમનાકપડા ફાડયા, ગામમાં રોકાવા પણ ના દીધા છતાં એમણે પ્રેમનો માર્ગ ના છોડયો અને માનવ સમાજને ઉપદેશ આપીને મોક્ષનો સરળ માર્ગ અપનાવ્યો.

શેખી, મજનુ, મહીવાલ, સુરદાસ, તુલસીદાસ વગેરેનો પ્રેમ

**મન બિલોરી કાચ** — મંજુ પ્રજાપતી

લાગણીના ઉચ્ચત્તમ સ્વરૂપમાંથી બિંદુરૂપે જન્મ લે છે. જીવનમાં જે કંઈ ઉણપ હોય અને એ ઉણપની પુર્તિ સ્વીકારતા નથી. પ્રેમની જરૂર જેટલી નાના બાળકને હોય છે એટલી જ એંશી વર્ષના વયોવૃદ્ધ માનવીને પણ હોય છે. પ્રેમને નીતિમત્તાના એક જ માપદંડથી જ માપવો જોઈએ તે સર્વોત્તમ શુદ્ધ સ્વરૂપ છે. તેને ધાર્મિક કે સામાજીક વાડીવેલાથી બાંધવાની જરૂર નથી. નારી પ્રત્યે અલૌકિક રૂપથી આરંભ થયો હતો પરંતુ એ નિખાલસને પવિત્ર પ્રેમની ધારા તેમના અંતરમાં અનંત અને આધ્યાત્મિક ભક્તિભાવ રૂપી પ્રેમમાં બદલાઈ ગયો. ભગવાન રજનીશે કહ્યું છે કે મનુષ્ય એ વ્યર્થ વાસના નથી એ એક પરમાત્મા છે અને પ્રેમે જ વ્યક્તિને આત્મા આપે છે. ડાહ્યા માણસો પ્રેમના પ્રકારો પાડે છે કે પ્રેમ અમુક જ પ્રકારનો હોઈ શકે પરંતુ પ્રેમ એ કોઈ રમતના દાવ નથી કે કવાયતના તાલ નથી કે તેના પ્રકારો પાડી શકાય. કેમ કે પ્રેમ એ તો દિવ્ય જયોતિ છે. પ્રેમ એ અવિરત વહેતું ઝરણું છે. પ્રેમ એ ઈશ્વરની ખંડ આરાધના છે. પ્રેમ એ પવિત્ર આત્માની પુજા છે. પ્રેમ એ ભક્તિ ભાવથી કરેલું સારૂં કાર્ય છે. પ્રેમ એ ઈશ્વરની પ્રાર્થના છે. પ્રેમ જ સર્વસ્વ છે. જેના દ્વારા થાય તે વ્યક્તિ માટે પ્રથમ સહજ લાગણી પેદા થાય છે.પછી એ લાગણીનો પ્રવાહ પ્રેમ તરફ દોરી જાય છે. આપણા આત્મામાં પ્રેમનો વિકાસ થતાં આપણે નરમાંથી નારાયણ પણ બની શકીએ છીએ. પ્રેમથી ધૈર્ય, સહિષ્ણુતા, દવા, કરૂણા, ત્યાગ, દ્રઢતા આ બધા જ ગુણો આપણામાં વિકસે છે. નિર્ભય બની પ્રેમના આધારે સૌના વ્હાલા થઈ જીવી શકીએ છીએ પરંતુ પ્રેમ એ નિઃસ્વાર્થ, કપટરહીત અને પવિત્ર હોય એ જરૂરી છે. જેમ બાલદીમાં એક કાણું હોય તો એ પાણી ભરવા માટે નકામી બની જાય છે. એમ પ્રેમ જો સર્વ દોષોથી રહીત ના હોય તો તે શક્તિશાળી રહેતો નથી. પાપીઓને પણ સુધારી શકે છે. પ્રેમ એ ખરેખર પ્રેમ છે, લૌકિક હોય કે આધ્યાત્મિક, પરંતુ નિઃસ્વાર્થ સાચો પ્રેમ હોય

અનુસંધાન પાના નં.૬ ઉપર

# માઈગ્રેન કાયમ માટે મટી શકે છે

**આરોગ્ય સંહીતા**

માઈગ્રેનના એટેક વખતે અરૂચિ, મોંમા પાણી આવવું, ઊલટી વિગેરે થાય. સાઈનોસાઈટીસથી થતો માથાનો દુ:ખાવો માઈગ્રેનને મળતો હોય છે. આ રોગ જૂનો થાય કે વધારે તીવ્ર થાય તો આંખ કાનની તકલીફ ઊભી કરી શકે છે

કેટલાક રોગો પર આપણે કાબૂ મેળવ્યો છે. દા.ત શીતળા, ટી.બી. તેમજ કેટલાક રોગો અસાધ્ય મનાતા હતા એની ચિકિત્સા પણ થાય છે અને સફળતા પણ મળે છે. દા.ત ડાયોબિકકોમા કેન્સર, ભારતના ભવ્ય ભુતકાળમાં બધા જ રોગોની ચિકિત્સા થતી હતી. કેટલાક રોગો એવા છે કે, જેના કષ્ટમાંથી કાયમી મુક્તિ આજની ચિકિત્સાથી પણ મળતી નથી એટલું નહીં. ઊલ્ટાનો એવા રોગનો ફેલાવો વધ્યો છે. દા.ત. માઈગ્રેન, ડીપ્રેશન, અસ્થમા, ડાયાબિટીસ વગેરે. માઈગ્રેન એટલે અર્ધો માથાનો દુ:ખાવો, આયુર્વેદના શિરોરોગ અર્ધાવભેદક સાથે સરખાવી શકાય. લોકો આ વ્યાધિને આધાશીશી કહે છે. આ શબ્દ ગામડામાં જાણીતો છે. શહેરમાં આધાશીશીનું નહિ પણ માઈગ્રેનનું નામ જાણતા હોય છે. એક જમાનો એવો હતો કે, આ રોગના દર્દીને ગાયના ઘીમાંથી બનાવેલ ગરમ ગરમ જલેબી અથવા માલપુવા સવારમાં ખવડાવવામાં આવતા અને પથ્યાદિક કવાથ સવાર સાંજ આપવામાં આવતો હતો. દર્દીઓ કાયમ માટે સારા થતાં હતા. સાથે વાતકફ વધે નહી એવો આહાર પણ આપવામાં આવતો.

અર્ધાવભેદક માટે આયુર્વેદમાં કહ્યું છે કે, અવભિનતિ વિદારરતિ ઈતિ અવભેદકઃ વાયુના પ્રકોપથી કે, પ્રદૂષિત થયેલો વાયુ કફ સાથે મળીને અર્ધામાથામાં (કપાળથી લમણા વિ.)માં સોયા ભોંકાયા જેવી તીવ્ર પીડા કરે તે વ્યાધિ અર્ધાવભેદક તરીકે ઓળખાય છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

# વિભાજન દુ:ખ તણાવ ઈર્ષાનું જનક છે મન: તેની ભ્રામકતા મિટાવો, પામો આત્માનંદ...!

**માનસ** — ડૉ. પ્રવીણ પટેલ

**ગતાંકથી ચાલુ**

આમ પરમ આનંદમયતાને ઉપલબ્ધ થવામાં, અનાવૃત્ત થવાની શકયતાઓ વધુને વધુ ઘટતી જાય છે. આ ઉપરાંત પાશ્ચિમાત્યના વિખ્યાત મનોવિજ્ઞાની સિગ્મન્ડ ફ્રોઈડ આવા પ્રકારની એક સમજુતી પણ આપે છે. મનુષ્યનું મન (ઈગો) કે ‘નકલી’ હું બાહ્ય અનેક પ્રકારની મુશ્કેલીઓ, સમસ્યાઓ, પોતાના દોષો, બાહ્ય નુકશાનો, બાહ્ય દુ:ખો, બાહ્ય પ્રતિકુળ પરિસ્થિતિઓની મન પર થતી ગંભીર નુકશાનકારક પરિસ્થિતિઓ અને કેટલીક આવી આંતરિક તણાવજન્ય અવસ્થાઓ કે હકીકતોથી સ્વબચાવ કરવા ડીફેન્સ મીકેનીઝમ સ્વબચાવની પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. જેમ કે ડેનીયલ તેમાં તે પોતાની ભુલ કે પોતાની ખરાબ અવસ્થાને પૂર્ણ રીતે નકારી દે છે અને આ રીતે દલીલ કે મત રજુ કરે છે.

ઉદાહરણરૂપે પોતે કોઈ ખરાબ અવસ્થા કે પરિસ્થિતિમાં હોય અથવા પોતે દોષિત હોય તો તે હકીકત હોવા છતાં તેનો તદ્દન ધરાર અસ્વીકાર કરે છે. વળી કયારેક તે તેના માટે દોષનો ટોપલો બીજી વ્યક્તિ કે પરિસ્થિતિ ઉપર ઢોળે છે. તેને પ્રોજેકશન પ્રક્ષેપણ કહે છે. કયારેક તે પોતાનાં ખરાબ પ્રદર્શન કે પોતાની ભુલ કે ક્ષતિ માટે પોતે તો આંશિક રીતે જ જવાબદાર છે અને તેનું વર્તન કે પ્રદર્શન સંજોગો પ્રમાણે વ્યાજબી હતું તેમ માને છે અને બીજાને મનાવે પણ છે. આને રેટીનાલાઈઝેશન પણ કહે છે.

આમ માણસનો આવો હું વાસ્તવિકતાથી જોજનો દુર હોવા છતાં પોતે વાસ્તવિક છે એવા ભ્રમમાં રહે છે અને રાખે છે. હું નો આવો વાસ્તવિક હોવાનો ખોટો ભ્રમ તો કોઈ પ્રયત્ન થવાની શકયતાને પણ નાબુદ કરી નાખે છે. આમ કરીને તે પોતાનું કાયમી અસ્તિત્વ ટકાવી રાખે છે અથવા તેને વધારે મજબુત બનાવે છે. આ મજબુતાઈ ‘હોવાપણા’ ની કે આત્માની આજુબાજુનાં આવરણો (નકલી હું)ની હંમેશ માટે જળવાઈ રહેવાની શકયતા વધારે છે. જ્યાં સુધી ઈગોનો પડદો રહે છે, અંતરાત્મા તે પડદાની પાછળ નિઃસહાય, લાચાર રહે છે. તેને ઉપલબ્ધ થવાનું અને પરમ આનંદમય બનવાનું વધુ મુશ્કેલ કે અશકય થઈ જાય છે.

માણસ પોતાના આ નકલી હું ઈગોને જ પોતે કે પોતાનું અસલી સ્વરૂપ માની બેસે છે અને તેના લીધે જ એમ કહી શકાય કે બધા જ દુ:ખો માટે પોતે જ જવાબદાર છે. જો આટલો સ્વીકાર પણ તે કરવા લાગે તો તેને સમજાઈ જશે કે તેના પરમાનંદ, ખુશી, પ્રબુદ્ધતા (આત્માનાં અમરત્વનાં કારણે) તેની અંદર જ પડેલાં છે અને તેનાં સુધી પહોંચવા તેને ‘હું’ની પેલે પાર ગુણાતીતમાં ભૌતિક વિશ્વની મર્યાદાઓથી પેલે પાર જવું પડશે. હું નો પડદો ચીરીને આગળ વધવું પડશે કે પછી પડદો ચીર્યા વગર પણ આજુબાજુ ઉપર, નીચે ગમે ત્યાંથી પડદાની પેલે પાર પહોંચવું પડશે અને તે જ સ્વર્ગ છે, પરમાનંદ છે, ચિદાનંદ છે,

અનુસંધાન પાના નં.૬ ઉપર

# સગર્ભા વેળાની તકલીફોને રોકવા કસરત અતિ જરૂરી

**આરોગ્ય**

**પ્રથમવાર માતા બનવા જઈ રહેલી મહિલાને નિયમિત ભોજન, વજન ન વધે તે બાબત પર ધ્યાન આપવા સલાહ**

**કેલોરિક નિયંત્રણ પણ અતિજરૂરી : રિપોર્ટમાં દાવો**

તાજેતરમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સતત શારરિક પ્રવૃતિઓ અને હેલ્થી લાઈફ સ્ટાઈલ તેમજ કેલોરિક નિયંત્રણ સગર્ભાવસ્થા દરમિયાનની અનેક તકલીફને દુર કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે પ્રથમ વખત માતા બનવા જઈ રહેલી મહિલાઓને અનેક બાબતો તરફ ધ્યાન આપવુ જોઈએ. અમેરિકામાં તાજેતરમાં આ સંબંધમાં અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં અનેક મહત્વપૂર્ણ બાબતો સામે આવી હતી. આમાં જાણવા મળ્યું હતું કે સગર્ભા મહિલામાં વજન મહત્વપૂર્ણ રહે છે. સ્થુળતાને ઘટાડવામાં કસરતની ભૂમિકા રહોય છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છેકે હાઈપર ટેન્શન અને ડાયાબિટીસને રોકવામાં પણ આ વ્યવસ્થા ઉપયોગી સાબિત થાય છે. કેલોરિક નિયંત્રણ પણ ઉપયોગી છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે નવા અભ્યાસના તારણો સગર્ભા રહેલી સ્થુળ મહિલાઓને વધુ ચોક્કસ પ્રકારની સલાહ આપવાની બાબત કેમ જરૂરી છે તે સમજવામાં પણ ઉપયોગી રહેશે. વજન વધવાની બાબત પર સતત નજર રાખવામાં આવે તે જરૂરી છે. અમેરિકામાં જાણીતી સંસ્થાના તબીબોએ આ મુજબની વાત કરી છે. સગર્ભાવસ્થા દરમિયાન દરેક મહિલાના વજનમાં વધારો થાય છે. આવી સ્થિતીમાં પહેલાથી જ વધારે વજન ધરાવનાર અને સ્થુળ મહિલાઓ માટે અનેક શારરિક તકલીફ ઉભી થઈ શકે છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

**હોમીયોપેથીક**

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

જે લોકો ફરસાણ તળેલું ખાય તેને પેટની વ્યાધિ થાય,

પેટમાં ગેસ થાય, પેટ ફુલી જાય અને ઉલટી થાય, દર્દીને ઓડકાર આવે, દર્દીને આખો દિવસ ઠંડુ પાણી પીવાની ઈચ્છા થાય, દર્દીને ખાટી વસ્તુ ખાટાં ફળો ખાવાની ઈચ્છા થાય પણ પચે નહીં.

દર્દીને પાણી જેવા લીલા રંગના ઝાડા થાય, ઝાડો ખુબ જ ગંધાય, પેટમાં દુઃખાવો થઈને ઝાડો થાય, ઠંડો પરસેવો થાય વિગેરે લક્ષણોમાં આ દવા ઉપયોગી છે. રાજકોટના ડૉ. આલાપ ધોળકિયા જુના હઠીલા રોગો માટે શનિવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે. દર રવિવારે અમદાવાદમાં અક્ષત કોમ્પલેક્ષ ગુરુકુળ મેમનગર ખાતે મળશે.

**ડૉ. જગદીશ ધોળકિયા**
**ડૉ.આલાપ ધોળકિયા ડીસા**

**મન બિલોરી કાચ**

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

તો નિશ્ચિત રૂપથી ચમત્કારીક, શક્તિશાળી અને ભયબંધનથી મુક્તિ આપનારી અખંડ આરાધના બની રહે છે.

પ્રેમ પ્રાણી પ્રત્યે હોય, નારી પ્રત્યે, પુત્ર પ્રત્યે, પતિ પ્રત્યે, સમાજ, દેશ કે સંસાર પ્રત્યે હોય, આ પ્રેમ જ્યારે પુષ્પ બને છે ત્યારે તે ભક્તિમય સ્વરૂપમાં રૂપાંતરીત થાય છે અને એનું ફળ માત્ર માનવીનું આત્માનું કલ્યાણ જ હોય છે

પરંતુ શરત એ છે કે જેને પ્રેમ કરવામાં આવે એને પુર્ણ મન, વચન અને કર્મથી કરવામાં આવે પુર્ણપણે સમર્પીત થઈ કરવામાં આવે. જેમાં મારા તારાના, પારકા પરાયાના, ઉંચ નીચના , અમીરી ગરીબીના તમામ ભેદ ઓળંગીને એકાકાર થઈ ગયા હોય ત્યારે એ પ્રેમ અંતર આત્માની ભકિતનું રૂપ બની જાય છે.

જેવી રીતે સ્વચ્છ અને શીતળ વહેતા ઝરણાનું જળ પીનારના આત્માને નીરવ શાંતિ થાય છે એવી રીતે પ્રેમના અમૃતથી ભરેલી વ્યક્તિનો સહવાસ આપવાને શાતા આપે છે. પ્રેમ વગરનો જ માણસ સાવ નિરસ છે. પાણી વગરના ખાલી ઘડા જેવો છે. જેમ તરસ્યો માણસ ખાલી ઘડા આગળ જઈને ઉભો રહેતો એની તરસ છીપાતી નથી અને તે વ્યાકુળ બની જાય છે. એમ પ્રેમ વગરના માણસો એ માત્ર લોહીમાંસના હાડપીંજર જેવા હોય છે. જેનામાં ભગવાને વાચા નથી મુકી, બુદ્ધિ નથી મુકી એવા પક્ષીઓ અને પ્રાણીઓ પણ પ્રેમને વશ થઈ જાય છે. તો માણસની તો વાત જકયાં કરવી ? સાચા હૃદયનો પ્રેમ અને પ્રેમ ભરેલી એક ક્ષણ સામી વ્યક્તિને પરમાત્મા બનાવી દે છે. પ્રેમથી પરમાત્માની ઝલક એનામાં ઉતરી આવે છે. એટલે જ જ્યારે આપણે કોઈને પ્રેમ કરીએ છીએ ત્યારે આપણને તે દેવી દેવ સમા સર્વગુણ સંપન્ન લાગે છે. પ્રેમનું સ્વરૂપ તો ખુબ પવિત્ર છે. જીવનના ખેલને આનંદમય બનાવવા પ્રેમની જરૂર દરેકને હોય છે. સાચા હૃદયનો પ્રેમ મળી જાય તો જીવનમાં ખુલ્લું આવી જાય. પ્રીય પાત્ર મળતા સાગર સમાનહૈયું આનંદના હીલોળે ચડે છે. પ્રેમ પાછળ માણસ આંધળો બને છે તેનું મુખ્ય કારણ માણસની માનસીક જરૂરીયાત હોય છે. દરેક વખતે એને શારીરિક સંબંધો સાથે જોડીને એને બદનામ કરવાની જરૂર નથી. આવી ગંભીર ભુલો આપણા સમાજ હંમેશા કરતો આવ્યો છે. પ્રેમને સદીઓથી સત્યતાની એરણ પર ચકાસવામાં આવ્યો છે. હંમેશા પ્રેમને પોતાની પવિત્રતાના પુરાવા આપવા પડયા છે. પ્રાણીઓ પણ પ્રેમ વિના રહી શકતા નથી તો આપણે તો ભાવાત્મક માણસ છીએ. શા માટે આપણે પ્રેમને એક પરમેશ્વરના સ્વરૂપ સમાન ના ગણીએ.

**-મંજુ પ્રજાપતી**

**માનસ..**

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

સર્વસ્વ છે, સમગ્ર છે બધું જ છે.

ફકત આ ભ્રમ ભાંગવાનો છે. ઈગો હું ભલે રહ્યો પણ તેની આજુબાજુ કે ઉપરથી પસાર થઈ, એકત્વ, આનંદ, પ્રેમના મહાસાગરમાં ડુબકી લગાવવાની છે.

ઈગો તેની જગ્યાએ ભલે રહે, પરંતુ તેની હયાતીનાં સર્વ કંઈ કારણો જાણી લેવાં પુરતાં છે અને તે જાણી લીધા પછી કે અનુભવી લીધા પછી ઈગોની મોજુદગીથી તે બેઅસર બની જાય છે. આવા આનંદના ધોધને તે કદીય અટકાવી શકતો નથી. હવે તે ઈગો તમારો ગુલામ બની જાય છે અને ગુલામને પાછળ પડયો રહેવા દો. કયારેક તેની જરૂર પડે તો તેનો ઉપયોગ કરી લો અને પાછો તેને ખીલે બાંધી દો..આત્મદર્શન પછી તો તે આપોઆપ જ ખીલે બંધાઈને રહેશે !

આપણે આગળ જોયું કે, વસ્તુ, પરીસ્થિતિ, પદાર્થો બાહ્ય હોય છે.માણસનાં મન-શરીરની બહાર છે.મનુષ્ય તો માત્ર તેનાં ઉપરથી આવતા કિરણોના ગુચ્છને કે અવાજ તરંગોને સંવેદે છે અને પછી તેનો અર્થ પ્રાપ્ત કરે છે અને આ અર્થ પરથી વિવાદો, મતો, માન્યતાઓ બાંધે છે.

આ વિવાદો, મતો તો મનના જ્ઞાનકોષોના તરંગો છે. એક સ્પંદન પામતી સામાન્ય ઉર્જા છે અને આ ઉર્જાની ગુણવત્તા અને માત્રામાં થતા ફેરફારોથી મનુષ્ય આનંદ, દુઃખ કે એવું ઘણું બધું અનુભવે છે. ભૌતિક વસ્તુ તો હજુ પણ બહાર છે અને તે કદાચ ન પણ હોય.કે

**ડૉ. પ્રવિણ પટેલ**

**આરોગ્ય**

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

અભ્યાસના ભાગરૂપે મહિલાઓને જુદા જુદા વર્ગમાં રાખવામાં આવી હતી અને તેમની તમામ પ્રકારની પ્રવૃતિઓ પર નજર રાખવામાં આવી હતી. નિયમિત ગાળામાં ચકાસણી કરવામાં આવી હતી. જરૂરી મેડિકલ ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા.

અંતે જાણવા મળ્યું કે નિયમિત કરસત સગર્ભા મહિલાઓને ઘણી તકલીફથી દુર રાખે છે. આગામી દિવસોમાં અમેરિકી અભ્યાસમાં વધુ ચકાસણી હાથ ધરવામાં આવનાર છે. તબીબોને પણ અભ્યાસના તારણો ઉપયોગી સાબિત થઈ શકે છે. સગર્ભા મહિલાઓને નિયમિત ભોજનની સલાહ પણ ઉપયોગી છે. જેથી અભ્યાસમના તારણોને ઘ્યાનમાં લઈને વધવુ જોઅએ

**મહિલાઓને ટિપ્સ......**

સગર્ભા અવસ્થા દરમિયાન મહિલાઓને કોઈ તકલીફ ન પડે તે માટે નિયમિત કસરત જરૂરી હોય છે.

હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં પણ હવે આ બાબત તો જાહેર કરવામાં આવી ચુકી છે. સગર્ભા વેળાની તકલીફને કઈ રીતે ટાળી શકાય તે નીચે મુજબ છે.

નિયમિત હળવી કસરત તબીબોને પુછીને કરવાથી ફાયદો થાય છે તે બાબત સાબિત થઈ છે

સગર્ભા વસ્થા દરમિયાન વજન ન વધે તે બાબત પણ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે

પૌષ્ટિક ભોજન પર ધ્યાન આપવાથી સીધો ફાયદો થાય છે

તબીબોની સલાહ મુજબ તમામ દવાનો ઉપયોગ કરવાની ૮ સલાહ પણ તબીબો આપે છે

ચોક્કસ સમય પર તબીબોનો સંપર્ક પણ જરૂરી છે.

**આરોગ્ય સંહીતા**

**અનુસંધાન ૫ નુ ચાલુ..**

અંગ્રેજીમાં હેમીક્રેનીયા (લ્લીસૈબચિહૈય) કહે છે. આ દુઃખાવો ૧૫ દિવસ મહિને કે તેથી વધારે સમય થતો હોય છે. સામાન્ય માથાના દુઃખાવાની દવાની ખાસ ફેર પડતો નથી. પ્રકાશ અને તીવ્ર અવાજથી દુઃખાવો વધે છે. માઈગ્રેનના એટેક વખતે અરૂચિ મોંમાં પાણી આવવું, ઊલટી વિ. થાય. સાઈનોસાઈટીસથી થતો માથાનો દુઃખાવો માઈગ્રેનને મળતો હોય છે. આ રોગ જૂનો થાય કે, વધારે તીવ્ર થાય તો આંખ કાનની તકલીફ ઊભી કરી શકે છે.

અભણ કરતાં ભણેલ સુધરેલા લોકોમાં પુરુષ કરતાં મહિલાઓમાં આ રોગનો ફેલાવો વધારે હોય છે. અત્યંત સંવેદનશીલ કોમળ અને ભવિષ્ય માટે મોટા મોટા પ્લાન બનાવનારને આ રોગ થવાની શક્યતા વિશેષ રહે છે. ડોકટરો પણ આ રોગથી બચી શકતા નથી. કોઈ મહિલાને માસિક વખતે તે કોઈને કોઈ દારૂ પીધા પછી માઈગ્રેશનનો એટેક આવે છે. હાલમાં બાળકોને માઈગ્રેશનથી પીડાતા જોયા છે. આર્યુર્વેદની દૃષ્ટિએ અજીર્ણથી, રૂક્ષ ભોજનથી, હિમથી પૂર્વ દિશાના પવનથી, વધારે પડતા સેક્સથી, વધારે ચાલવાથી, અતિશય શ્રમ કરવા વિગેરેથી વાયુના પ્રકોપ થાય છે. આ પ્રકૂપિત વાયુ એકલો કે કફ સાથે માથામાં જઈ તીવ્ર વેદના કરે છે. પ્રદૂષિત વાયુને કારણે અસરગ્રસ્ત ભાગની ધમની (રક્તવાળી) માં સ્પાઝમ થાય છે અને પછી પહોળી થાય છે. બન્ને સ્થિતિમાં તીવ્ર શિરઃશૂલ ઉપડે છે. આ માઈગ્રેનનાં એટેક ટૂંક સમયમાં આવ્યા કરે તો દર્દીનું જીવન કંટાળાજનક બની જાય છે. આયુર્વેદિક ચિકિત્સાથી આ રોગ કાયમ માટે મટે છે. એવો અમારો અનુભવ છે. પથ્ય ખોરાક સાથે ચિકિત્સા શરૂ રાખવાથી જરૂર સારૂં થાય છે. રૂક્ષ, અતિ ખાટા અને આથો આવેલ પદાર્થો ત્યજવા. આ રોગથી જલદી સારૂં થવું હોય તો આગળ આપેલા કારણો ત્યજવા. માઈગ્રેનના વેગ વખતે માથાના તીવ્ર દુઃખાવામાંથી છૂટવા પ્રકાશ વિનાના રૂમમાં આરામ કરવો, ઘોંઘાટથી બચવું, તાત્કાલિક રાહત માટે નષ્ય અને લેપનું ઘણું જ મહત્વ છે. બકરીના દૂધમાં સૂંઠ ઘસી એના ચાર ટીપાનું નષ્ય આપવું અથવા નગોડ પાન અને ચણાભાર હીંગ મેળવી અને વાટવું. પ્રવાહીનું નષ્ય આપવું અથવા ગાયના ઘીનું નષ્ય આપવું. માથું દુઃખતું બંધ થયા પછી સવાર સાંજ ૧૫ દિવસ નષ્ય ચાલુ રાખવું સાથે સાથે વાવડીંગ અને કાળા તલ દૂધમાં વાટી લેપ કરવો અથવા સરગવાના પાનમાં મરી વાટવા પછી કપાળ પર લેપ કરવો. તુવેરના પાન અને ઘેરો મેળવી વાટી રસ કાઢવો. આ રસનું નષ્ય આપવાથી તુરત જ આધાશીશી ઉતરે છે. ખાવાના ઔષધોમાં શિરશુલા દિવ, જરસ ૨ રતિ, ગોદંતી ૪ રતિ, સુવર્ણ સુતશેખર ૧/૨ તાલિસાદિ ૧ ગ્રામ ભેળવી. ઘી સાકર સાથે સવાર સાંજ ૧ માસ લેવું. આ સાથે પથ્યાદિ કવાથ શરૂ કરવો. એક મારો ફરી એટેક આવે નહીં તો પથ્યાદિક્કવાથ ૩ થી ૪ માસ શરૂ રાખવો. પરેજી ૧ વર્ષ રાખવી. માનસિક વધે એવા કામોથી દૂર રહેવું.

# તમે લીંબૂને મિક્સ કરી કેટલાક બ્યૂટી પેક બનાવી શકો છો

૧. લેમન-પિપરમેંટ ફૂટ સ્ક્રબ

લીંબૂના છાલટાને મીઠુ અને પિપરમેંટના તેલ સાથે મિક્સ કરી સ્ક્રબ બનાવો અને તેને તમારા પગ પર મસાજ કરો અને ધોઈ લો તમારા પગ નરમ અને સૉફટ થઈ જશે.

૨. મધ-લીંબૂનો ફેસ પેક

મધમાં લીંબૂનો રસ મિક્સ કરી પેક બનાવો અને તેને ચેહરા પર ૧૫ મિનિટ લગાવી ઠંડા પાણીથી ધોઈ લો. ચેહરો ચમકવા લાગશે.

૩. મધ-લીંબૂ બૉડી બટર

મધની સાથે લીંબૂ મિક્સ કરી આખા શરીર પર લગાડો. તેથી તમારી ત્વચા નરમ થઈ જશે.

૪. મધ-નારિયેળ તેલ

નારિયેળ તેલ વાળની મજબૂતી માટે ઓળખાય છે. આથી લીંબૂ મિક્સ કરી આ તેલ વાળ માટે વરદાનથી ઓછું નહી છે. એક મોટી ચમચી લીંબૂનો રસ નારિયેળ તેલમાં મિક્સ કરી તમારા વાળની બધી સમસ્યાઓને ખત્મ કરે છે.

# હીંગનું પાણી છે કેટલું લાભકારી, જરૂર જાણો

ભોજનમાં સ્વાદ અને સુગંધ માટે હીંગનો પ્રયોગ ખાસ રૂપથી કરાય છે અને પેટ માટે પણ તે ખૂબ ફાયદાકારી ગણાય છે. આમ તો આરોગ્ય માટે હીંગના એક નહી પણ ઘણા ફાયદા છે . વિશ્વાસ નહી હોય તો જાણો આ ખાસ ફાયદા

૧. કબ્જિયાતની શિકાયત થતા હીંગનો પ્રયોગ લાભ આપશે. રાત્રે સૂતા પહેલા હીંગનો ચૂર્ણ પાણીમાં મિક્સ કરી પીવો અને અસર જુઓ સવારે પેટ પૂરી રીતે સાફ થઈ જશે.

૨. જો ભૂખ નહી લાગે કે ભૂખ ઓછી થઈ ગઈ છે તો ભોજન કરતા પહેલા હીંગને ઘીમાં શેકીને આદું અને માખણ સાથે લેવાથી ફાયદ થશે અને ભૂખ ખુલીને લાગશે.

૩. ત્વચામાં કાંચ કે કાંટા કે અણીદાર વસ્તુ ચુભી જાય અને કાઢવામાં પરેશાની આવી રહી હોય તો તે સ્થાન પર હીંગ કે પાણી કો લેપ લગાડો. ચુભી વસ્તુ પોતે બહાર નિકળી આવશે.

૪. જો કાનમાં દુખાવો થઈ રહ્યા હોય તો, તલના તેલમાં હીંગને ગર્મ કરીને , તે તેલની કે -બે ટીપા કામમાં નાખવાથી કાનનો દુખાવો પૂરી રીતે ઠીક થઈ જશે.

૫. દાંતમાં કેવિટી થતા પર પણ હીંગ તમારા માટે કામની વસ્તુ સિદ્ધ થઈ શકે છે. જો દાંતમાં કીડા છે તો રાત્રે દાંતમાં હીંગ લગાવીને કે દબાવીને સૂઈ જાઓ. કીડા પોતે નિકળી આવશે.

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**હેપ્પી બર્થ-ડે કરણ**



પિતા :- દવે વિષ્ણુપ્રસાદ
માતા :- અંજનબેન દવે
બહેન : દ્રષ્ટિ દવે
જન્મ તા.૬/૩/૨૦૦૩
ઉ.વ.૧૪
મુ.થરાદ જી.બ.કાં.

નામ :....................... પતિ/પિતા :.......................
માતા : .......................જ.તા. ................ઉ.વ.
પરિચયઃ .......................................................
સરનામુ : .......................................................
મોકલનારની સહી : ..............................................

# અજમાના ઔષધિય ગુણ

અજમાના રાસાયણિક તત્ત્વોમાં કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, ફેટ, ફાઈબર, મિનરલ્સ-કેલ્શિયમ, ફોસ્ફરસ, આયર્ન, નિકોરિનિક એસિડ રહેલા હોય છે

અજમો આર્યર્વેદિક ઔષધિ માનવામા આવે છે. અજમો દરેક રસોડામા રસાઈના વખાર માટે વપરાય છે. આ રીતે આપણા દૈનિક ભોજનમાં અજમાનો સમાવેશ થાય છે. અજમો શરીરમાં થતા વાત-વિકાર જેવા કે સાંધામા દુખાવો, લકવા વગેરે વાતજન્ય સમસ્યાઓ માટે સૌથી શ્રેષ્ઠ ઔષધિ અજમો છે. પેટમા ગેસ થયો હોય ત્યારે પણ અજમાની ફાંકી મારી લેવાથી રાહત મળે છે. આર્યુવેદમા અજમાનુ નામ યવાની છે. અંગ્રેજીમા તેને અજોવાન કહે છે. તેનુ લેટિન નામ ટ્રૈકી સ્પર્મમ અમ્મી છે. અજમાના રાસાયણિક તત્વોમા કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, ફેટ, ફાઈબર, મિનરલ્સ-કેલ્શિયમ, ફોસ્ફરસ,આયર્ન, નિકોરિનિક એસિડ રહેલા હોય છે. અજમામાંથી વિશેષ પ્રકારનુ તેલ નીકળે છે. જેનો મુખ્ય ઘટક થાઈમોલ હોય છે. જે કીટાણુનાશક, દુખાવો મટાડનાર એન્ટીફંગલ ( એલર્જી મટાડનાર ) હોય છે. અજમાના ગુણ : અજમો સ્વાદે તીખો હોય છે. તે લઘુ, રુક્ષ,રસ-કટુ, તિક્ત, ઉષ્ણ અને વિપાક-કટુ હોય છે. તે હ્યદયની દુર્બળતા કરે છે. તેમાં પાચન ગુણ હોય છે જેનાથી શરીરમા રહેલા ઝેરી પદાર્થો, સોજો અને ખોરાક પચાવનાર અગ્નિમાં વૃદ્ધિ થાય છે. તે પેટમા દર્દ, ગેસ, ભૂખ ઓછી લાગવી, શ્વાસ અને ખાંસીની સમસ્યા, સ્ત્રીઓને માસિક ધર્મ સમયે થતા દર્દમા ઉપયોગી છે. ચર્મ સબંધી રોગ પાઈલ્સમાં લાભકારી છે. દારૃ પીનાર વ્યકિતને જયારે દારૃની લત છોડવી હોય ત્યારે તેને જયારે પણ દારૃ પીવાનુ મન થાય ત્યારે અજમો ચાવીને ખાવો જોઈએ. જે સ્ત્રીઓને પ્રસવ થયો હોય તે અજમો ખાય તો પાચનક્રિયા સારી બને છે. ભૂખ વધે છે. ગર્ભાશયની શુદ્ધિ થાય છે કમરમાં થતો દુઃખાવો મટી જાય છે. દૂધ, મિઠાઇ અને ઘઉં જેવો ભારે ખોરાક ના પચતો હોય તો અજમો ગરમ પાણીમાં નાંખીને પીવાથી લાભ થાય છે. શરીરના કોઈ પણ અંગમા દર્દ થાય તો અજમો વાટીને તેનુ તેલ લગાવો. આ તેલમા રાઇનુ તેલ મેળવીને શરીર પર માલિશ કરવાથી આરામ મળે છે. ચર્મ સબંધિત સમસ્યાઓ અને વીંછી ડંખ મારે ત્યારે તેનો લેપ બનાવીને તે જગ્યાએ લગાવામા આવે તો ડંખનો ધા રુઝાય છે. અજમાને પાણીમાં ઉકાળીને ના પીવુ જોઈએ કારણ કે આવુ કરવાથી અજમામા રહેલા તત્વો અને તેલ નાશ પામે છે. શરદી - ઉધરસ અને તાવ આવે ત્યારે અજમાને શેકીને તેની કાપડની પોટલી બનાવવી આ પોટલીને વારં વારં સૂંઘવાથી શરદી અને ઉધરસમાં રાહત મળશે. પેટમા કરમિંયા પડયા હોય તો અજમાથી મટી શકે છે. જે વ્યકિતમાં લોહી ઓછું હોય અને જે સ્ત્રી ગર્ભવતી હોય તેમણે આ પ્રયોગ ના કરવો જોઈએ. માથામાં જૂ કે લીખ પડી હોય ત્યારે અજમાનુ ચૂર્ણ પાંચ ગ્રામ, ફિટકરી ચૂર્ણ બે ગ્રામ છાશ સાથે લગાવીને માથામાં લગાવાથી તેનો નષ્ટ થાય છે. પુરુષતત્તવ પ્રાપ્તિ માટે પણ અજમો શ્રેષ્ઠ માનવામા આવે છે.

# શિહોરી પે.કેન્દ્ર શાળા નં-૧ માં બાલસભા યોજાઈ



પ્રતિનિધિ શિહોરી

આજરોજ તા. ૪/૩/૨૦૧૭ ને શનિવારના રોજ શ્રી શિહોરી પે.કેન્દ્ર શાળા નં-૧ માં બાલસભા યોજાઈ. જેમાં બાળકોએ વિવિધ કૃતિઓ રજૂ કરેલ. બાલસભાનું સંચાલન ડાભી આરતીબા રામભાએ કરેલ. બાલસભાને સફળ બનાવવા માટે આચાર્ય નરેન્દ્રસિંહ વાઘેલા અને સ્ટાફમિત્રોએ સહયોગ આપેલ.

**બેંગલોર ટેસ્ટ મેચ અતિ રોમાંચક તબક્કામાં**

# ભારત ઉપર ઓસ્ટ્રેલિયાની ૪૮ રનની મહત્વપૂર્ણ લીડ

બેંગલોર

બેંગલોરના ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના બીજા દિવસે ઓસ્ટ્રેલિયાએ મેચ ઉપર પકડ મજબૂત બનાવી હતી. આજે રમત બંધ રહી ત્યારે ઓસ્ટ્રેલિયાએ છ વિકેટે ૨૩૭ રન બનાવ્યા હતા. આની સાથે જ ભારત ઉપર હવે ૪૮ રનની મહત્વપૂર્ણ લીડ મેળવી લીધી છે અને તેની ચાર વિકેટ હજુ હાથમાં હોવાથી મહત્વની લીડ મેળવી લીધા બાદ જ ભારતની બીજી ઈનિંગ્સ શરૂ થાય તેવી શક્યતા છે. જોકે આજે ઓસ્ટ્રેલિયન બેટ્સમેનો અપેક્ષા કરતા નબળા સાબિત થયા હતા. ભારત તરફથી રવિન્દ્ર જાડેજાએ ૪૯ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે ઈશાંત, ઉમેશ અને અશ્વિને ૧-૧ વિકેટ ઝડપી હતી. આવતીકાલે ત્રીજા દિવસની રમત આ ટેસ્ટ મેચમાં નિર્ણાયક બની શકે છે. અત્રે ઉલ્લેખનિય છે કે બેંગ્લોરના ઐતિહાસિક એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે શરૂ થયેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ભારતનો જોરદાર ધબડકો થયો હતો. ઓસ્ટ્રેલિયાના સ્પીનર લિયોનના તરખાટ સામે ભારતીય બેટ્સમેનોએ શરણાગતિ સ્વીકારી લીધી હતી અને ટીમ ઈન્ડિયાના તમામ બેટ્સમેનો ૧૮૯ રનમાં ઓલઆઉટ થઈ ગયા હતા. ભારતના પ્રથમ દાવમાં ૧૮૯ રન ઓલઆઉટના જવાબમાં ઓસ્ટ્રેલિયાએ ગઈકાલે પ્રથમ દિવસે કોઈપણ વિકેટ ગુમાવ્યા વગર ૪૦ રન કર્યા હતા. ૪૦ રનના સ્કોરથી આગળ રમતા ઓસ્ટ્રેલિયન બેટ્સમેનો પણ લાંબા સમય સુધી ટકી શક્યા ન હતા. ખતરનાક બેટ્સમેન ડેવિડ વોર્નર ૩૩ રન બનાવ્યા બાદ આઉટ થયો હતો.

ત્યારબાદ કેપ્ટન સ્ટીવ સ્મીથ માત્ર ૮ રન કરીને જાડેજાની બોલીંગમાં આઉટ થયો હતો. ઓસ્ટ્રેલિયા તરફથી માર્શે ૬૬ અને રેનશોએ ૬૦ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી પણ બાકીના બેટ્સમેનો નિયમિત ગાળામાં આઉટ થતા રહ્યા હતા.

જેથી ઓસ્ટ્રેલિયાને પણ જંગી લીડ બીજા દિવસે મેળવી લેવામાં સફળતા હાથ લાગી ન હતી. ઓસ્ટ્રેલિયા પહેલાથી જ શ્રેણીમાં ૧-૦ની લીડ ભારત ઉપર ધરાવે છે. ૪ ટેસ્ટ મેચની શ્રેણીની પ્રથમ ટેસ્ટ ઓસ્ટ્રેલિયા સામે ૩૩૩ રનના જંગી અંતરથી ગુમાવી દીધા બાદ વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ પર બીજા દાવમાં ટેસ્ટ મેચને બચાવવા માટે તીવ્ર દબાણ રહેશે. ઈતિહાસ પર નજર કરવામાં આવે તો વર્ષ ૧૯૩૨માં ટેસ્ટ ક્રિકેટ રમવાની શરૂઆત કર્યા બાદથી હજુ સુધી માત્ર ત્રણ વખત જ ભારતીય ટીમ પ્રથમ ટેસ્ટ મેચ ગુમાવી દીધા બાદ શ્રેણીમાં વાપસી કરવામાં સફળ રહી છે.

**વાવ નગરે...**

**પાના નં.૮ ચાલુ**

કે ફાગણ સુદ-૮ તા. ૫/૩/૨૦૧૭ ના રવિવારના રોજ સવારે ૯/૦૦ કલાકે ભવ્ય વર્ષીદાન યાત્રાનો રજવાડી વરઘોડો નીકળ્યો હતો. વહેલી સવારે સંગીતના નાદ સાથે અને દીક્ષાર્થી બહેનો અમર રહો ના અવાજ સાથે નીકળેલા રજવાડી વરઘોડો સમગ્ર વાવ નગરના દરેક વિસ્તારોની પ્રદક્ષિણા કરી વસ્ત્રો, રૂપિયાનું દાન કર્યું હતું. દીક્ષાર્થી બહેનોને નિહાળવા માટે સમગ્ર વાવ નગરની જનમેદની ઉમટી પડી હતી. આ પ્રસંગે દીક્ષાના વરઘોડામાં ગુરૂભગવંતો અને સાધુ મહારાજો પણ જોડાયા હતા. બપોરે ૩:૦૦ કલાકે મુમુક્ષુ દીક્ષાર્થી બહેનોનું અંતિમ વાંચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રાત્રે ૮:૩૦ કલાકે ગુજરાતના નામાંકિત સંગીતકાર હાર્દિકભાઈ શાહ અને જૈન સમાજ સમુદાય, અને સમગ્ર ગ્રામજનોની હાજરીમાં બંને દીક્ષાર્થી લાડલી બહેનોને ભાવભીની વિદાય આપવામાં આવી હતી. જે પ્રસંગે વિશાળ સંખ્યામાં જનમેદની હાજર રહી આ પ્રસંગને દીપાવ્યો હતો.

**પાલનપુરમાં શિવસેના...**

**પાના નં.૮ ચાલુ**

વાહન ચેકીંગ દરમિયાન નગરપ્રમુખ શિવસેનાનું બોર્ડ લગાવેલ હોન્ડા સીવીકા ગાડી આવતાં તેને રોકવાની કોશિશ કરતાં ચાલકે પોતાની ગાડી ભગાડી મુકી હતી. આથી પોલીસે તેનો પીછો કરી પાલનપુર હાઈવે એરોમા સર્કલ ઉપરથી ગાડીને ઝડપી લીધી હતી. પોલીસે ગાડીની તલાશી લેતાં તેમાંથી કિ.રૂા. ૮૬,૪૦૦ નો ૧૯૨ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે ગાડીમાં બેઠેલ બાબુલાલ મોતીજી રત્નાજી પ્રજાપતિ, નરપતભાઈ વાઘજી જીવાજી રાજપુરોહિત તથા દિલીપકુમાર કપુરચંદ ચમનાજી રાજપુરોહિત ત્રણેય રહે. સાયલા જિ. જાલોર રાજસ્થાનવાળાઓને ઝડપી લઈ ગાડી તથા રોકડ મળી કુલ રૂા. ૩,૮૯,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**બટાટાના ભાવમાં...**

**પાના નં.૮ ચાલુ**

ઉત્પાદન પણ બમ્પર થવા પામ્યું છે ચાલુ સાલે બનાસકાંઠા મા ૩.૫૦ કરોડથી વધું કટ્ટાનુ ઉત્પાદન થવા પામ્યું છે અને સામે ૨૦૦ કોલ્ડ સ્ટોરેજ આવેલા હોવાથી ૩ કરોડ ઉપરાંત નું સ્ટોક થઈ સકે તેમ છે પરન્તુ ગત વર્ષની સરખામણીમાં ચાલુ સાલે અડધાથી ઓછો ભાવ મળી રહ્યો છે જેથી ખેડૂત ને વ્યાપક નુકશાન થઈ રહ્યુ છે હાલ બટાટા નાં ભાવ રુ ૫૦ થી ૬૦ પ્રતિ મણ નાં મળી રહ્યાં છે જે પ્રમાણે ખેડૂતનાં બટાટા વિઘામાં રુ ૧૫ થી ૨૦ હજાર થી વધુ થતા નથી સામે વાવેતર સમય ખેડૂતે રુ ૭૦૦ નાં કટ્ટાનાં ભાવે બિયારણ,રાસાયણિક ખાતર અને દવા સાથે નૉ રુ ૩૦ હજાર થી વધું નૉ ખર્ચ થઈ રહ્યો છે જેથી ખેડૂત મૂડીમાં પણ નુકશાન સાથે કોઈ વેપારી ખેતરમાં ખરીદવા તૈયાર નથી જેથી ખેડૂતની હાલત દયનિય થવા પામી છે ખેડૂત નુકશાની માંથી કઇ રીતે બહાર આવે તે માટે હવાતિયા મારી રહ્યાં છે. સાથે બટાટા નૉ નિકાલ કઇ રીતે કરવો તે ખેડૂત ને સમજાતું નથી.ખેડૂત કહે છે અમને સરકાર સહાય આપે નહીં તો અમારાં હાલ ખરાબ થઈ જશે.અને આત્મહત્યા કરવી પડશે.

બટાટા ને લઈને હવે રાજકારણ નૉ પગ પેસારો સરૂ થવા પામ્યું છે ખેડુતો નાં ખેતરો ની મુલાકાત ડીસાનાં ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ એ લીધી હતી અને ખેડુતો નાં હાલ પૂછ્યા હતાં. જોકે લાચાર ખેડુતો નેતાઓને જોઇ કઈક સહાય મળશે તેવી આશા જોઇ રહ્યાં છે ધારાસભ્ય એ જણાવ્યું હતુ કે ખેડૂતનાં બટાટા ખેતરોમાં પડ્યા છે કોઈ ખરીદવા તૈયાર નથી ત્યારે સરકાર સહાય આપે તે માટે સરકારમાં રજુઆત કરવાની ખાત્રી સાથે સરકાર પર પ્રહારો કર્યા હતાં.

જિલ્લામાં બટાટામાં ખેડૂતને વિઘે ૧૫ હજારનું મૂડીમાં નુકશાન આવે છે જે પ્રમાણે ખેડુતોને કરોડોનું નુકશાન વેઠવું પડે તેમ છે સરકાર અનેક વખત સભાઓ મા બટાટા સોનાનાં થશે અને વિદેશ થી વેપારીઓ બટાટા ખેતરોમ ઉંચા ભાવે ખરીદશે અને ઉધોગો સ્થપાશે તેવી તેવી જાહેરાત કરી રહ્યાં હોય પરન્તુ આજે બટાટા નાં વેપારી ને મૂડી ના મળતાં આત્મવિલોપન કરે તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે છતા પણ સરકાર નું પેટ માંથી પાણી પણ હલતું નથી જોકે આવનારા સમયમાં ખેડુતો સરકારનાં વિરોધમાં આંદોલન કરશે તો નવાઈ નહીં.

**શ્રી ધાન્ધાર મોઢ...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા. સમાજના પ્રમુખ કિર્તીભાઈ મોદીએ શાબ્દિક સ્વાગત કરી આવકાર્યા હતા. તેમજ આવેલ મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે ''સમાજ ચિંતક'' ટ્રોફી તથા પુષ્પગુચ્છ તથા શાલ ઓઢાડી સ્વ. દિનેશચંદ્ર એમ. પરિવાર, ડૉ.વસંતભાઈ મોદી તથા ડૉ.ચિરાગભાઈ મોદીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ મફતભાઈ મોદીએ સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે વધુ અભ્યાસ કરો તેવી લાગણી દર્શાવી હતી.

આ પ્રસંગે તેજસ્વી તારલાઓને પ્રથમ ઈનામ કલ્પેશકુમાર બાબુલાલ મોદી, બીજુ ઈનામ મુકેશકુમાર અમૃતલાલ ચોક્સી, તૃતિય ઈનામ પ્રેમીલાબેન મુકેશકુમાર મોદી દ્વારા આપવામાં આવ્યા. તેમજ સમાજના ખજાનચી નટુભાઈ મોદીએ નવા તથા જુના હિસાબો રજૂ કરી લોકોને વાકેફ કર્યા હતા. સમાજમાં નવનિયુક્ત નોકરીઓ મેળવી તેઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે વસંતભાઈ મોદી, પ્રકાશભાઈ મોદી, મુકેશભાઈ મોદી, શૈલેષભાઈ મોદી, અજીતભાઈ મોદી, રાજેન્દ્રકુમાર મોદી, મેહુલકુમાર મોદી, સુનીલભાઈ મોદી તથા મનિષભાઈ મોદી, દશરથભાઈ મોદી, ભાવેશ મોદી, કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન ચંદુભાઈ એ.ટી.ડી. (રાષ્ટ્રિય પારિતોષિક શિક્ષક) તેમજ આભારવિધિ અશ્વિનભાઈ મોદીએ કરી હતી.

**ભાભર મુકામે...**

**પાના નં.૩ ચાલુ**

વાળીને જિલ્લાને જીવતો રાખવાનું અને તમામ સમાજોને જોડવાનું મહાન કામ એક વિઝનરી તરીકે કર્યું છે. તેમણે મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું કે બનાસ ડેરી ધ્વારા બનાસ રેડિયો શરૂ કરવામાં આવશે. અને જિલ્લાની તમામ દૂધ મંડળીઓમાં રેડિયો મુકવામાં આવશે. તેમણે ઉમેર્યુ કે પશુપાલકોને બિમારી સમયમાં કોઇ તકલીફ ન પડે તે માટે બનાસ ડેરી ધ્વારા અધતન સુવિધાઓવાળી હોસ્પીટલ શરૂ કરવામાં આવશે. તેમણે કહ્યું કે બાદરપુરા ઓઇલ મીલ ધ્વારા રાયડા અને મગફળીની ખરીદી કરી ખેડુતોને પુરતા ભાવ અને નફો મળે તેનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વની માંગને અનુરૂપ કાંકરેજી ગાયના એ-૨ મિલ્ક પ્રોજેકટનો સફળતાપૂર્વક પ્રારંભ કરવામાં આવ્યો છે તેમ તેમણે જણાવ્યું હતુ.

**હોંશીયાર વિદ્યાર્થી...**

**પાના નં.૩ ચાલુ**

સંસ્કારમંડળના હોદ્દેદારો, વાલી મંડળના હોદ્દેદારો, સમગ્ર સ્ટાફગણ, આમંત્રિત મહેમાનો, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન દિપ્તીબેન અને ભરતભાઈ ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સમુહ ભોજનની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમની સમગ્ર વ્યવસ્થા શાળા પરિવાર દ્વારા કરવામાં આવી હતી.

**ભવિષ્યમાં કોંગ્રેસ...**

**પાના નં.૩ ચાલુ**

ગોરખપુરમાં યુરિયા ખાતર માટે કારખાનાની શરૂઆત થઈ ચુકી છે. એમ્સનું નિર્માણ કરાઈ રહ્યું છે. એક પછી એક પગલાં લેવાઈ રહ્યા છે. ગુજરાતથી અહીં સુધી એક પાઈપ લાઈન લાવવામાં આવી રહી છે. જેમાં એલપીજી ગેસ પહોંચશે. અહીં ઘરમાં પણ નળથી જ ગેસ મળશે અને રોજગાર પણ મળશે. સપા સરકારને વીજળીની યોજના લેવાથી ઈનકાર કરી દીધો હતો. અમે ઈચ્છીએ છીએ કે દરેક ઘરમાં ૨૪ કલાક વીજળી પહોંચે. ગરીબ વ્યક્તિ પણ વીજળી વગર રહી શકે તેમ નથી. ૨૦૨૨ સુધી કોઈપણ વ્યક્તિ એવી ન રહે જેની પાસે પોતાનું ઘર ન રહે તેવું આયોજન થઈ રહ્યું છે. અમે રીંગ રોડ બનાવાનું કામ શરૂ કરી ચુક્યા છીએ. વારાણસી-ગોરખપુર માર્ગ બનાવી રહ્યા છે. સરકારની અડચણોના કારણે તકલીફ આવી રહી છે. જે માટીમાંથી નીકળીને આવે છે તેમાં નિર્ણય લેવાની શક્તિ હોય છે પરંતુ જે લોકો ઘલુઆ હોય છે તેમને નિર્ણય લેવામાં ડર લાગે છે. તેમણે વન રેન્ક વન પેન્શન, સર્જિકલ સ્ટ્રાઈક અને વિકાસના મુદ્દા પર વાત કરી હતી અને કહ્યું હતું કે મતબેંકની રાજનીતિ માટે ભાજપે ક્યારેય કોઈ ચૂંટણી લડી નથી. તેમણે ભ્રષ્ટાચારનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે પહેલાના સમયમાં કોંગ્રેસના શાસનમાં કોમનવેલ્થ કૌભાંડ, ટુજી કૌભાંડ, કોલસા કૌભાંડ, સબમરીના કૌભાંડ જેવા સમાચાર દરરોજ સાંભળવા મળતા હતા. કેટલા રૂપિયા ડુબ્યા તેવા સમાચાર દરરોજ સાંભળવા મળતા હતા પરંતુ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. હવે કેટલા રૂપિયા આવ્યા તેવા પ્રશ્નો થઈ રહ્યા છે. કેટલાક લોકો ભ્રમ ફેલાવી રહ્યા છે કે નાના કારોબારીઓને તકલીફ થશે. ઈન્કમટેક્સથી પણ તકલીફ થશે. મોદીએ ઉમેર્યું હતું કે નોટબંધીનો નિર્ણય લેવામાં આવ્યા બાદ સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ અને બહુજન સમાજ પાર્ટી સહિત વિરોધીઓ ભેગા થઈ ગયા હતા. કારણ કે તેમની નૌકા ડુબી રહી હતી. સર્વાંગી વિકાસના મુદ્દે મોદીએ વિસ્તારપૂર્વક વાત કરી હતી. જાપાની તાવના કારણે મોટી સંખ્યામાં લોકો ઉત્તરપ્રદેશમાં મરી જાય છે પરંતુ આની તરફ ધ્યાન આપવામાં આવ્યું નથી. ઉત્તરપ્રદેશમાં કોઈ ચીજની કમી નથી પરંતુ માત્ર એક યોગ્ય સરકારની કમી છે. માત્ર યોગ્ય સરકાર રહે તો કુદરતી સંસાધનોથી ભરપુર રાજ્ય સર્વોચ્ચ સપાટી ઉપર પહોંચી શકે છે. દેશના પૂર્વમાં વિકાસની ગતિ ચાલી રહી નથી. પૂર્વાંચલ વિકસિત થશે તો ઉત્તરપ્રદેશ વિકસિત થશે. અમારી તમામ યોજના હિન્દુસ્તાનને મજબૂત કરવા માટેની છે. સબ કા સાથ સબ કા વિકાસ સાથે આગળ વધી રહ્યા છીએ.

# રાધનપુરમાં સંતવાણીની રમઝટ




પ્રતિનિધિ                રાધનપુર

રાધનપુરમાં વલ્લભનગર સ્થિત ભીડભંજન હનુમાનજી મંદિરના મહંત પૂ.કરશનદાસ બાપુ વૈષ્ણોદેવી અને હરિદ્વારની યાત્રા કરીને આવ્યા બાદ શનિવારે રાત્રે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારબાદ સંતવાણીનો કાર્યક્રમ યોજાયો હતો અને મોડી રાત સુધી સંતવાણીની રમઝટ જામી હતી. જેમાં પ્રસિદ્ધ કલાકારો રઘુરામભાઈ વઢીયારી, મેઘજીભાઈ અને ગાયિકા ચંદ્રિકાબેન ઠાકોરે કર્ણપ્રિય ભજનોની રમઝટ જમાવી હતી. જ્યારે લોકસાહિત્યકાર કાંતિભાઈ વઢિયારીએ માહિતીસભર અને રસપ્રદ લોકસાહિત્ય પીરસ્યુ હતું. આ સંતવાણીમાં રાધનપુર, સમી, સાંતલપુર, કાંકરેજ તાલુકાઓ સહિત દૂર દૂર ગામોના ભાવિકજનો ઉપસ્થિત રહ્યા હતા. અગ્રણીઓ દ્વારા પૂ.કરશનદાસ બાપુનુ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

# પરિણીતાને ત્રાસ આપનાર પતિ સહિત ચારને એક વર્ષની કેદ

મોડાસા

અરવલ્લીના માલપુર તાલુકાના નાથાવાસ ગામે પરણાવેલ મહિલાને પતિ તેમજ સાસરીયા દ્વારા માનસિક અને શારિરીક ત્રાસ આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાવામાં આવી હતી. મહિલા અત્યાચારને લગતો આ કેસ મેઘરજ ખાતેની કોર્ટમાં ચાલી જતાં નામદાર પ્રિન્સીપાલ જજની કોર્ટે જ આરોપીઓને એક વર્ષની સાદી કેદ અને રૂા. બે હજારના દંડની સજા ફરમાવી હતી. જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો વધુ બે માસની સજાનો હુકમ કોર્ટ દ્વારા કરાતાં આ ચૂકાદાને આવકારવામાં આવ્યો હતો.

# પાટણમાં ગોલવાડ નજીક બાઈક અને રીક્ષા અથડાતા ત્રણને ઈજા

પાટણ

પાટણમાં રાજકાવાડા વિસ્તારમાં આવેલી ન્યુ જનતા હોસ્પિટલથી ગોલવાડ તરફ જવાના માર્ગ પર ટ્રાફિકના કારણે આંતરે દિવસે અકસ્માતના બનાવો બને છે, સદર માર્ગ પર આડેધડ વાહનો અને પરચુરણ લારીઓ પાર્ક કરેલી હોવાથી અન્ય વાહન ચાલકોને આવજા કરવામાં ભારે પરેશાન થવું પડે છે. ત્યારે ગત શુક્રવારે સાંજે રાજકાવાડાથી ગોલવાડ રમેશભાઈ ગીગાભાઈ સુથાર બાઈક ઉપર જતાં હતા ત્યારે ગોલવાડ તરફથી ભારે સ્પીડમાં આવતી રીક્ષા બાઈકને અથડાતા રીક્ષામાં સવાર મુસાફરોમાંથી ૩ જણાને સામાન્ય ઈજાઓ થઈ હતી. અત્રે નોંધવું ઘટે કે રાજકાવાડામાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

# પઢારીયા ગામે પતિના ત્રાસથી પરિણીતાનો આપઘાતનો પ્રયાસ

મહેસાણા

મહેસાણા તાલુકાના પઢારીયા ગામે ચાવડા રંજન એન.ના લગ્ન રાજેન્દ્રસિંહ સાથે થયેલ છે. તેણીએ નોંધાવેલ ફરિયાદમાં પતિ રાજેન્દ્રસિંહ બચુજી ખોટો વહેમ રાખી અવારનવાર ઝઘડો કરી માનસિક ત્રાસ ગુજારતા હતા. જે ત્રાસ તેણીથી સહન ન થતાં બે દિવસ અગાઉ રંજનબેને શરીર પર જાતે કેરોસીન છાંટી આગ ચાંપી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી તેણી ગંભીર રીતે દાઝી જતાં અમદાવાદ સારવાર અર્થે ખસેડવામાં આવેલ. આ અંગે લાંઘણજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવામાં આવી હતી.

# વિજયનગરના પરોસડામાં ઠાકોર સેના દ્વારા દેશી દારૂના અડ્ડાઓ પર જનતા રેડ

વિજયનગર

વિજયનગર તાલુકાના પરોસડા ગામે પોલીસ તંત્રની રહેમ નજર હેઠળ ચાલી રહેલા દેશી દારૂના ૪ અડ્ડાઓ પર શનિવારે ઠાકોર સેનાએ જનતા રેડ કરી ૨૩૦ લિટર દેશી દારૂ ઝડપી લીધો હતો અને પોલીસને બોલાવી સોંપ્યો હતો.શનિવારે રાજસ્થાનની ઝાડોલ અંબાસા અને ઝેર બોર્ડર પરના પરોસડા ગામે ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા દેશી દારૂના અડ્ડા ઉપર ત્રાટકી દારૂબંધી કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. દારૂ વેચીએ કે ના વેચીએ છતાંય પોલીસને હપ્તો તો આપવો જ પડે ઠાકોર સેનાના અગ્રણી વિષ્ણુભાઈ અર્જુનભાઈ ઠાકોરના જણાવ્યા મુજબ, અમોએ પરોસડા ગામમાંથી દેશી દારૂના અડ્ડાઓ બંધ કરાવવા પોલીસ અને મામલતદાર કચેરીને લેખિતમાં જાણ કરી હતી છતાંય કોઈજ કાર્યવાહી નહી કરાતા બુટલેગરો ચૌહાણ રેવાભાઈ નાનજીભાઈ, ભગોરા લાલાભાઈ ગોવિંદભાઈ, ભગોરા રસિકભાઈ લાલુજી અને ખોખરીયા કમસુભાઈના અડ્ડાઓ ઉપર ત્રાટકી ૨૩૦ લિટર દેશી દારૂ પકડી પડ્યો હતો જેને અમોએ કાલવણ બીટ જમાદાર ઈશ્વરભાઈ પટેલને સોંપ્યો હતો. દારૂ વેચનારાઓએ જણાવ્યું હતું કે અમો દારૂ વેચીએ કે ના વેચીએ છતાંય પોલીસને હપ્તો તો આપવો જ પડે છે.

# પાટણમાં વિકાસ લક્ષી યોજનાઓની સમીક્ષા કરાઈ

પાટણ

ડિસ્ટ્રીકટડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરીગ કમિટીની સમીક્ષા બેઠક સાંસદ લીલાધર વાઘેલા અને દિલીપભાઈ પંડયા, જિ. પં.ના પ્રમુખ પશીબેન ઠાકોર, ડીડીઓ રાજેશ રાજયગુરૂની હાજરીમાં મળી હતી. જેમાં મનરેગા, ઈન્દિરા આવાસ, સ્વચ્છ ભારત, મિશન મંગલમ, જળસ્ત્રાવ વિકાસ, આરોગ્ય, પ્રધાનમંત્રી યોજના સહીતની યોજનાની સમીક્ષા કરાઈ હતી.

# કડીના બુડાસણ ગામે ચૂંટણીની અદાવતમાં મારામારી: સામસામી ફરિયાદ

મહેસાણા

કડીના બુડાસણ ગામ ખાતે સરપંચ પદની ચૂંટણીની અદાવતમાં બે પક્ષો વચ્ચે તકરાર બાદ મારામારી થવા પામી હતી. જેથી બંને પક્ષોએ કડી પોલીસ સ્ટેશને ક્રોસમાં ફરિયાદ નોંધાવી હતી.

જાણવા મળતી વિગતો અનુસાર બુડાસણ ગામના રમેશભાઈ કેશવલાલ પટેલે ગામના મેરાજભાઈ રબારી સહિત ૧૦ વ્યક્તિ સામે બુધવારે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર રમેશભાઈ પટેલ સરપંચ પદની ચૂંટણીમાં હારી ગયા હતા અને આરોપી મેરાજભાઈ રબારી જીતી ગયા હતા, રમેશભાઈ પટેલ સહિત ગામની કેટલીક વ્યક્તિઓ વેરાઈ ચકલાના દર્શન કરી પરત જતા ગામમાં ઉભા હતા ત્યારે આરોપી બંદૂક લાકડી લઈને આવી ગાળો બોલી મારામારી કરી હતી.

સામા પક્ષે વિષ્ણુગીરી ગૌસ્વામીએ પણ ગામના રમેશભાઈ કેશવલાલ પટેલ સહિત ૧૦ વ્યક્તિઓ સામે ગુરૂવારે કડી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવેલ કે વિષ્ણુગીરી ગૌસ્વામી બુધવારે હનુમાન મંદિરે હવન હોઈ તેની વાતચીત કરવા મટે મેઘરાજભાઈ રબારીને ત્યાં આવ્યા હતા. ત્યારે ચોકમાં આરોપીઓ ઉભા હતા અને લાકડીઓથી હુમલો કરી માર મારી ઈજા પહોંચાડી હતી. જેથી કડી પોલીસે બંને પક્ષોની ફરિયાદને લઈ વધુ તપાસ ચલાવેલ છે.

# સરવણા પાસેથી ૨.૪૦ લાખનો અને વડાલી નજીકથી ૧.૧૩ લાખનો દારૂ ઝડપાયો

હિંમતનગર/ વડાલી:ગાંધીનગર આર.આર.સેલ દ્વારા નેશનલ હાઈવે નં.૮ ઉપરથી એક ટ્રકમાં માર્બલ પાવડરની આડમાં લાવવામાં આવી રહેલો રૂા.૨.૪૦ લાખનો દારૂ ઝડપી પાડી એક જણાની અટકાયત કરી ગાંભોઇ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જ્યારે વડાલી-ઈડર માર્ગ પર આવેલા વિજયનગર ત્રણ રસ્તા પરથી કારમાં રૂા.૧.૧૩ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપી લઇ એક શખ્સની અટકાયત કરી હતી. પોલીસે કાર સહિત રૂા.૫.૧૪ લાખથી વધુનો મુદ્દામાલ કબજે લઇ કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગરના સરવણા ગામ નજીક આર.આર.સેલ. ગાંધી નગરને મળેલી બાતમીના આધારે શામળાજી તરફથી આવી રહેલ ટ્રકને ઉભો રખાવી તપાસ કરતા માર્બલ પાવડરની આડમાં સંતાડીને ૬૦૦ બોટલ વિદેશી દારૂ કિંમત રૂા.૨,૪૦,૦૦૦નો લઇ જવાઇ રહ્યો હતો. પોલીસે ચાલક સુનીલકુમાર જાટ (રહે.મોહનપુર, તા.નંગલ ચૌધરી, જિ.મહેન્દ્રગઢ હરીયાણા) ની અટકાયત કરી દારૂ તથા ટ્રક મળી કુલ રૂા.૧૨, ૪૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો.

જ્યારે ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલને રાજસ્થાનથી અમદાવાદ તરફ વિદેશી દારૂ ભરી કાર આવવાની બાતમી મળતાં સેલની ટીમે મંગળવારે વહેલી સવારે વડાલી-ઈડર માર્ગ પર વોચ ગોઠવી હતી. તે દરમિયાન વિજયનગર ત્રણ રસ્તા પર આવેલી હોટલ નજીક વાહનોની તપાસ હાથ ધરતા વડાલી તરફથી આવતી સ્વીફ્ટ કારને રોકી તલાશી લેતાં તેમાંથી વિદેશી દારૂની ૯૦૦ બોટલ પોલીસને હાથ લાગી હતી, તે સાથે પોલીસે રમેશ ઉર્ફે સાઇ કમલેશ ગોલાણીને ઝડપી લીધો હતો. પોલીસે ૧,૧૩,૦૪૦ની કિંમતના વિદેશી દારૂ તેમજ રૂા.૪ લાખની કાર સહિત કુલ ૫.૧૪ લાખથી વધુનો મુદ્દામાલ ઝડપી લઇ વડાલી પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનનો ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની વધુ તપાસ હાથ ધરી છે.

# સિધ્ધપુરના કાકોશી ગામે પોલીસમાં દારૂના અડ્ડાની વિગતો આપવા બાબતે મારામારી : બંને પક્ષે પોલીસમાં ફરિયાદ

પ્રતિનિધિ                સિધ્ધપુર

સિધ્ધપુર તાલુકાના કાકોશી ગામ ખાતે દારૂના અડ્ડાઓની માહિતી પોલીસને આપવા મુદ્દે અને તે અડ્ડાઓ સામે કાર્યવાહી કરવાની રજૂઆતને લઈને બે પક્ષો વચ્ચે મારામારી સર્જાઈ હતી. જેની બંને પક્ષોએ કાકોશી પોલીસ મથકમાં સામસામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગતો અનુસાર સિધ્ધપુરના ડિંડરોલના સરપંચ નેનાજી ઠાકોરે સહેસાના હરીજી ઠાકોર સહિત પાંચ જણા સામે કાકોશી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર આરોપીઓએ ગત શનિવારે કાકોશી ખાતે સરપંચ નેનાજી ઠાકોરને કહેલ કે કેમ અમારા ખોટા નામ પોલીસને આપે છે? તેમ જણાવી હુમલો કરી માર માર્યો હતો અને મારામારી દરમ્યાન તેમના રૂા. ૧૦ હજાર સેરવી લીધા હતા.

જ્યારે સામા પક્ષે સહેસાના દલાજી ઠાકોરે ડિંડરોલના નેનાજી ઠાકોર સહિત નવ જેટલી વ્યક્તિ સામે કાકોશી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર આરોપીઓએ ગાડીમાં આવી દલાજી ઠાકોરને માર મારી રૂા. ૭ હજારની લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.

કાકોશી પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બહુચરાજી- જોટાણા તાલુકાનો પ્રગતિ સેતુ કાર્યક્રમ ફારસરૂપ સાબિત થયો

ચાણસ્મા

બેચરાજી અને જોટાણા તાલુકાનો પ્રગતિ સેતુ કાર્યક્રમ બેચરાજી ખાતે કડી પ્રાન્ત અધિકારીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં બંને તાલુકામાંથી ૧૯ પ્રશ્નો રજુ થયા હતા, પરંતુ અરજદારોની પાંખી હાજરી અને પ્રશ્નોની સંખ્યા ઓછી હોવાના કારણે પ્રગતિ સેતુ કાર્યક્રમ માત્ર ફારસરૂપ સાબિત થયો હતો.

જાણવા મળતી વિગતો અનુસાર બેચરાજી ખાતે ૨૮/૨/૧૭ ના રોજ કડીના પ્રાન્ત અધિકારીની અધ્યક્ષતામાં બેચરાજી અને જોટાણા તાલુકાનો પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં તાલુકા કક્ષાના અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તથા સરકારના વિવિધ ખાતાના અધિકારીઓએ હાજરી અપી હતી. પરંતુ તાલુકામાંથી માત્ર ૧૯ પ્રશ્નો જ રજુ થયા હતા. જેમાં બેચરાજી તાલુકાના માત્ર બે અરજદારો હાજર રહ્યા હતા. અને બે જ પ્રશ્નો રજુ થયા હતા.

બેચરાજીના અરજદાર જસુભાઈ કાપડીયાએ હરગોવન પુરા વિસ્તારમાં દસ ટકા લોકફાળાથી બનાવેલ ગટર ટુંક સમયમાં જ નિષ્ફળ જતાં ચોમાસામાં પાણીનો નિકાલ ન થવાના કારણે ગંજ બજાર નજીક પાણી ભરાઈ રહે છે. જેથી શંખલપુર જવાનો રસ્તો બંધ થઈ જતાં આ કામમાં વ્યાપક થયેલી ગેરરીતિની તપાસ ચલાવવાની માગણી ઉઠી હતી.

જ્યારે શંખલપુર જવાનો રસ્તો રેલવે ફાટકનો વળાંકવાળો હોવાથી વાહન ચાલકોને મુશ્કેલી પડતી હોઈ તેને પહોળો કરવા રજુઆત થઈ હતી. જો કે સમયનો વ્યય અને સરકારનો આ કાર્યક્રમ માત્ર ફારસરૂપ સાબિત થયો હતો.

# બહુચરાજીની નારણપુરા વાડીમાં નિ:શુલ્ક મેગા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



ચાણસ્મા

બહુચરાજીની નારણપુરા વાડીમાં ગત રોજ રવિવારે ગ્લોબલ હોસ્પિટલ અમદવાદ દ્વારા વિનામૂલ્યે મેગા સર્વરોગ નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો. જેમાં બહુચરાજી પંથકના ૭૦ થી વધુ ગામોના ૧૩૬૦ જેટલા દર્દીઓએ નિષ્ણાત તબીબોની સેવાનો લાભ લીધો હતો.મહેસાણા જિલ્લાના પછાત ગણાતા બહુચરાજી તાલુકાના લોકોને ઘરઆંગણે જ હૃદયરોગ, શ્વાસ, હાડકા, આંખો સહિતના રોગોનું નિદાન થઈ શકે તે માટે કાલરી ગામના વતની બહુચરાજી ટેમ્પલ ટ્રસ્ટના ટ્રસ્ટી સુરેશભાઈ જાની દ્વારા તેમની ગ્લોબલ હોસ્પિટલના ઉપક્રમે રવિવારે બહુચરાજીમાં મેગાસર્વ રોગનિદાન કેમ્પનું આયોજન કરાયું હતું. કેમ્પને ધારાસભ્ય રાજનીભાઈ પટેલ, ગ્લોબલ હોસ્પિટલ ચેરમેન ડો. અનંત યાદવ અને એમડી સુરેશભાઈ જાનીના હસ્તે ખુલ્લો મૂકાયો હતો. કેમ્પમાં આંખોના રોગના ૭૩૦ દર્દીઓને આંખોની ચકાસણી બાદ વિનામૂલ્યે ચશ્માનું વિતરણ કરાયું હતું. જ્યારે હૃદયરોગ-શ્વાસ રોગના ૧૯૦ દર્દીઓ, બાળરોગના ૧૪૫ દર્દીઓ, સ્ત્રીરોગના ૮૫ દર્દીઓ તેમજ હાડકા, પેટ સંબંધી સહિતના રોગના ૨૧૦ મળી કુલ ૧૩૬૦ દર્દીઓએ નિષ્ણાત તબીબોની સેવાનો લાભ લીધો હતો. મા દરે વતનનું ઋણ ચૂકવવાના આશયે અગ્રણી સુરેશભાઈ જાની દ્વારા યોજાયેલા આ કેમ્પને લોકોને બિરદાવ્યો હતો.

# ઉ.ગુજરાતમાં અરવલ્લી સહિત કેટલાક જિલ્લામાં ગ્રીન હાઉસ ખેતી નિષ્ફળ

મોડાસા

ઉત્તર ગુજરાત સહિત સાબરકાંઠા- અરવલ્લીમાં સરકારી સબસીડીનો ભરપુર લાભ લઈ ઉભી કરવામાં આવેલી ગ્રીન હાઉસ ખેતીનો મૃત્યુઘંટ વાગી ગયો છે, હવામાન અનુકુળ નહિં રહેતા તેમજ જરૂરી વળતર નહિ આવતાં શરૂ કરાયેલી ગ્રીન હાઉસ ખેતી સાથે સંકળાયેલા ખેડૂતોને મોટું નુકસાન થયું છે.

ખેડૂતો ગ્રીન હાઉસ ખેતી તરફ વળે તે ઉદ્દેશથી સરકાર તરફથી ૬૦ થી ૮૦ ટકા સુધીની સબસીડી પણ આપવામાં આવતી હતી. જેમાં કેટલાક ખેડૂતોએ તો માત્ર સબસીડીનો લાભ મેળવવા માટે ગ્રીન હાઉસ ખેતીમાં ઝંપલાવ્યું હતું. પણ તેમાં વાતાવરણ સારું ન રહેતા તેમજ જરૂરી માર્ગદર્શનના અભાવે ગ્રીન હાઉસ ખેતીમાં મોટુ નુકસાન વેઠવાનો વારો આવતાં હવે ખેડૂતો આ ખેતીને સમેટી રહ્યા છે.

મુખ્યત્વે ફુલથી લઈ શાકભાજી તેમજ સુધારેલી જાતને વિકસાવવા ગ્રીન હાઉસનો વ્યાપ વધ્યો હતો. પરંતુ હવે ખેડૂતો અન્ય ખેતી તરફ વળ્યા છે. કેટલાક ખેડૂતોએ તો બેન્કોમાંથી લોન લઈ ગ્રીન હાઉસ ખેતીને વિકસાવવા પ્રયાસો કર્યા હતા.

# છેવાડાના ગામો વિકાસથી વંચિત ન રહે અને વિકાસ કામોમાં પારદર્શકતા જાળવવા અધિકારીઓને અનુરોધ કરતાં પ્રભારી મંત્રી



પાટણ

પાટણ જિલ્લા આયોજન સમિતિની બેઠક પાટણ નવા સરકીટ હાઉસ ખાતે જિલ્લાના પ્રભારી મંત્રી અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાસણ વિભાગના રાજયકક્ષાના મંત્રીશ્રી કેશાજી ચૌહાણના અધ્યક્ષસ્થાને મળી હતી. આયોજન સમિતિના ઉપાધ્યક્ષ અને જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી પશીબેન ઠાકોર ઉપસ્થિયત રહયા હતા. અધ્યક્ષસ્થારનેથી બોલતાં પાટણ જિલ્લા ના પ્રભારી મંત્રીશ્રી કેશાજી ચૌહાણએ અધિકારીઓને પાટણ જિલ્લાષના છેવાડાના ગામો વિકાસથી વંચિત ન રહે અને વિકાસ કામોમાં સમતુલા જળવાય તેવું નક્કર આયોજન કરવા જણાવ્યું હતું. એકમત બની વિકાસના કામોમાં ઝડપ પારદર્શકતા જળવાય અને કામોની ગુણવત્તા જાળવવા પર મંત્રીશ્રી ચૌહાણે ભાર મુકતાં અમલીકરણ અધિકારીઓને ૧૦ ટકા કામોનું જાત નિરક્ષણ કરવા તથા આયોજનમાં મુકેલ કામોમાં સુધારણાની દરખાસ્તો હોય તો સંપૂર્ણ ચકાસણી કર્યા પછી મોકલી આપવા જણાવ્યું હતું

મંત્રી કેશાજી ચૌહાણે અગાઉ મંજુર કરેલ કામોનું અનિવાર્ય સંજોગોમાં ફેરફાર કરવા માટેની સત્તા જિલ્લામ કલેકટરશ્રીને સુપ્રત કરી હતી. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાંણ, શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીશ્રી દિલીપભાઇ ઠાકોર, સંસદીય સચિવ(પંચાયત) શ્રી રણછોડભાઇ દેસાઇ, નાગરજી ઠાકોર ચર્ચામાં ભાગ લીધો હતો.

વર્ષ ૨૦૧૭-૧૮ના આગોતરા આયોજનના કામોમાં તાલુકા આયોજન સમિતિએ ભલામણ કરેલા આયોજનને બહાલ રાખી હતી. પાટણ, સરસ્વ તી, સિધ્ધપુર, ચાણસ્મી, સમી, શંખેશ્વર, હારીજ, રાધનપુર અને સાંતલપુર તાલુકાઓના વિકાસના વિવિધ કામોની વિકેન્દ્રી ત જિલ્લાર આયોજન અંતર્ગત વર્ષ ૨૦૧૭-૧૮માં વિવિધ જોગવાઇઓ મુજબ રૂ. ૧૩૮૦.૪૫ લાખના ૭૬૮ કામોની બહાલી આપવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૬-૧૭માં વિવેકાધિન જિલ્લા.કક્ષા સામાન્ય , ખાસ અંગભૂત હેઠળ મંજુર કરેલ રૂ. ૧૯.૨૩ લાખના કામ ફેર કરેલ ૧૨ કામોની બહાલી આપી હતી. વર્ષ ૨૦૧૭-૧૮માં સામાજિક અને શૈક્ષણિક માટે ખાસ પ્લામન હેઠળ રૂ. ૧૨ લાખના ૬ કામોની બહાલી આપવામાં આવી હતી. વર્ષ ૨૦૧૭-૧૮ના આગોતરા આયોજનમાં ગ્રામ્ય્ રસ્તાબના સી.સી. રોડ, નાળાનાં કામ, પીવાના પાણીની વ્ય૧વસ્થાઠ, પાણીની ટાંકી, પાઇપ લાઇનનું કામ, વીજળીકરણ, હવાડો, ગટરના કામો, ભૂમિ સંરક્ષણ, સ્મળશાનભૂમિના વરંડા વગેરે જેવા અનેક કામોની મંજૂરી આપી હતી. આ બેઠકમાં તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, નગરપાલિકાઓના પ્રમુખશ્રીઓ, પદાધિકારીઓ જિલ્લામ કલેકટરશ્રી કે.કે.નિરાલા, જિલ્લાજ વિકાસ અધિકારીશ્રી રાજેશ રાજયગુરૂ,નાણાં વિભાગના પ્રતિનિધિશ્રી નીતીનભાઇ વાઘેલા,નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી કે.જે.પટેલ, સહિત જિલ્લીના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિકત રહયા હતા. પ્રાન્ત અધિકારીશ્રી જસવંત જેગોડાએ સંચાલન અને આભારવિધી કરી હતી.

# ઉનાવામાં કૃષ્ણપરાના રોડ પર જીપની પાછળ બાઈક અથડાતાં બેને ઈજા

ઊંઝા

ઊંઝા નજીકના ઉનાવા ગામે બસસ્ટેન્ડ નજીક ટ્રાફિકની સમસ્યા દિવસે દિવસે ગંભીર બની રહી છે. ત્યારે બેફામ રીતે વાહન ચલાવતા વાહન ચાલકો વિરૂધ્ધ પોલીસ દ્વારા કોઈપણ જાતની કાર્યવાહી થતી નથી. ત્યારે ગત શુક્રવારે રાત્રે કૃષ્ણપરા તરફ જતા રોડ પર રસ્તાની સાઈડમાં ઉભેલી જીપને પાછળથી બાઈક અથડાતાં બે જણાને ઈજા થઈ હતી. જ્યારે બાઈકના આગળના ભાગે નુકસાન થયું હતું. કૃષ્ણપરાના રોડ પર અઠવાડિયામાં બે ત્રણ આવા અકસ્માતના બનાવો બન્યા સિવાય રહેતા નથી. રસ્તાની સાઈડ ઉપર વાહન ચાલકો પોતાના વાહન પાર્ક કરી ગયા પછી ત્રણ- ચાર કલાકે આવતા હોવાથી ક્યારેક વાહન ચોરીના બનાવો પણ બને છે.

# પાયોનિયર પ્રાયમરી સ્કૂલ - ગોલાપુર, પાટણ ખાતે ટેલેન્ટ હબ કાર્યક્રમ યોજાયો



પાટણ

કે.સી.પટેલ વિદ્યાસંકુલ પાટણ સંલગ્ન પાયોનિયર સ્કૂલના ધોરણ ૧ થી ૮ ના તમામ બાળકોએ વર્ષભેર અભ્યાસિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું જીવંત પ્રાત્યક્ષિક બતાવવાનો કાર્યક્રમ ટેલેન્ટ હબ તારીખ ૪ અને ૫ ફબ્રુઆરી શનિવાર અને રવિવાર એમ બે દિવસ સવારે ૧૦ થી ૬ દરમ્યાન સાકાર પાર્ટીપ્લોટ ખાતે કરવામાં આવ્યો.

જેમાં પાટણના મે. કલેકટર કે.કે નિરાલા સાહેબ ઉપસ્થિત રહી રીબીન કાપી દિપપ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. ત્યારબાદ જુદા જુદા દરેક કોર્નરની તેઓ એ મુલાકાત લીધી હતી જેમાં સરકારની અલગ અલગ સર્વિસિવાનનું કોર્નર - કોમ્પ્યુટર કોર્નર-વકૃત્વ વિભાગ - મેથ્સ એન્ડ સાયન્સ કોર્નર-આર્ટ એન્ડ ક્રાસ્ટ કોર્નર - પેઈન્ટિંગ કોર્નર - અંધશ્રધ્ધા નિવારણ વિભાગ - સ્પોર્ટ્સ કોર્નર - સેલ્ફડીફેન્સ કોર્નર - મ્યુઝિક - સીગીંગ અને સ્ટેજ ડ્રામા વગેરે વિભાગોની પ્રત્યક્ષ મુલાકાત લઈ તમામ વિદ્યાર્થીઓના પ્રદર્શનથી પ્રભાવિત થઈ બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

ત્યારબાદ મેં. કલેકટર કે.કે નિરાલાએ વિદ્યાર્થીઓ તથા વાલીઓ અને આવેલ તમામ લોકોને સંકુલના આ કાર્યક્રમથી બાળકોમાં જ્ઞાનની ક્ષિતિજો ફેલાય છે આવા કાર્યક્રમથી બાળકોનું વિઝન કલીયર થાય છે અને સાચા અર્થમાં આ ભાર વગર ભણતર કહી શકાય ઉપરાંત તેઓએ જણાવ્યું કે અત્યાર સુધી પરંપરાગત કાર્યક્રમો કરતા આ કાર્યક્રમ એક અલગ પ્રકારનો યુનિક કાર્યક્રમ છે. જેમાં બાળકો પોતાની કેળવણીનું પ્રત્યક્ષ દર્શન કરાવે છે. જે બાળકનો આત્મવિશ્વાસ વધારે છે. આવા કાર્યક્રમો બીજી શાળાઓને પણ પ્રેરણાદાયક છે.

ત્યારબાદ સંસ્થાના ચેરમેન કે.સી.પટેલે જણાવ્યું કે શાળાના વિદ્યાર્થીઓ તથા તમામ સ્ટાફમિત્રોની મહેનતથી આવનાર પ્રત્યેક વ્યક્તિ પ્રભાવિત થશે. સાચા અર્થમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓનું સંકલન જોવા મળે છે. ઉપરાંત તેમણે જણાવ્યું કે આ કાર્યક્રમ બે દિવસ માટે છે. જેમાં શહેરના તમામ વાલીઓ મિત્રોને આ ટેલેન્ટ હબની અવશ્ય મુલાકાત લેવી જોઈએ જે માટે સંસ્થા પરિવાર વતી જાહેર નિમંત્રણ પણ આપવામાં આવેલ છે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરનાર તમામ વિદ્યાર્થીઓ - શિક્ષકોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના તમામ ટ્રસ્ટી હેમંતભાઈ તન્ના વિકાસ ભાઈ પટેલ, આર.સી.પટેલ વિવેકભાઈ પટેલ વગેરે ઉપસ્થિત વિદ્યાર્થીઓમાં ઉત્સહ વધાર્યો હતો.

yhSLke swLke yËkõík hk¾e

# ðkðLkk ¼k[÷e økk{Lkk ÞwðkLkLkk {uMkhkLkk òLkÚke {khe Lkk¾ðkLke Äf{e

## 6 EMk{ku rðYæÄ ðkð Ãkku÷eMk {Úkfu økwLkku LkkUÄkÞku

ík.«ríkrLkrÄ

ðkð ík÷wfLkk ¼k[÷e ... hnuíkk yLku ðkð ¾kíku ... Vkuxku MxwzeÞku Ähk ... økku®ðËhk{ Ãktzâk ... sqLke yhSLke VrhÞkËLk ... hk¾e VkuLk WÃkh òL ... Lkk¾ðkLke Äf{e {ríkt ... Ãktzâkyu 6 EMk{ku rðYæ ... 3/3/h017 Lkk hkus ðkð ... {Úkfu VrhÞkË LkkUÄkðe ... çkLkkðLke rðøkík ... ðkð ík÷wfLkk ¼k[÷e økk...

íntík÷k÷ økku®ðËhk{ ík ... ÃkkuíkkLkk Ãkkt[ Mktík ... ¼k[÷e {wfk{u hnu Au. íÞkhu ... Mkk{kSf yËkõíkLku æÞkLku ... hnuíkk yLku ðkð ¾kíku

fkuLkk rðYæA VrhÞkË

rðnk¼kE {Þkhk{¼kE Ãktzâk ... [uíkLk¼kE h÷w¼kE Ãktzâk ... økku®ðËhk{ Ãktzâk ... Ëuðhk{¼kE Mkðk¼kE Ãktzâk ... «¼w¼kE ÷¾ehk{¼kE Ãktzâk ... ({økLk¼kE fwt¼k¼kE Ãktzâk ... hnu.ðkÞkËh ík. ÚkhkË, yÄ ... fMíkwh¼kE Ãktzâk ... hnu. ¼k[÷e ík. ðkð

sqLke yhSLke yhSLke ... ÃkkuíkkLkk Ãkkt[ Mktík ... ÔkkuâkkLkku LkkuUÄ ... ðkð Ãkku÷eMkLku ... VrhÞkËLk ykÃkhu 6 EM ... ík.06 (h) ... 114 ... Lk Úkíkkt VrhÞkËLk ... yðkík Lkk ðÄw íkÃkkMk

# çkxkxLkk ¼kð{kt LkwfþkLkLku ÷ELku ¾uzqíkkuLku ðnkhu ze



¼hŒ ,wtËuþk

ÄkhkMkÇÞ økkuðk ... ¾uzwíkLkk «&™ ... hswykík fhðkLke ¾k...

zeMkk hswykŒ™u ÷R™u ... [k÷w ,k÷u ƒxkxk™kt ÄkhkMkÇÞ ...ý ¾uŒhku ... „„zŒk ƒ™k,fktXk{kt ykðÔkt nŒkt y™u ... ¾uzwŒku™u fhkuzku™kt ...ðkhu ykÔÞku Au íÞkhu ...

,{,ú Ëuþ{kt ƒxkxk ... Wí…kË™ y™u ... „wshkŒ™kt ƒxkxk ... …hLŒw ¼kð ™kt {¤Ekt „wshkŒ™kt ... ¾uzwŒku …kÞ{÷ ÚkE ... ,k÷u ƒxkxk ™kt ... ÚkŠík nkuðkÚke ÄkhkMkÇÞ ...

# Yk. 86,400 Lkk rðËuþe ËkY MkkÚku ºkýLke yxfkÞík

Mkw[Lkk ... Ãkku÷eMk ... Ãkkt[ ... ÃkkMk{kt ... Ãkku÷eMkLkku ... 86,400 ... ËkY ... Lkk ...

Ãkku÷eMkLku ... rðËuþe ËkY ...



MktsÞ òu»ke

# Ëeykuh ík÷wfLkk ... Ãkk÷eMk ... ÞwðkLkLkk {uMkhkLkk

ík÷wfk «ríkrLkrÄ

Ëeykuh ík÷wfLkk ... h017Lkk hkus ... LkkSf huÕðu ... ÃkkuíkkLkk ... (W.ð.30) hnu.{uMkhkyu ... ÞwðkLk rðLkk¼kE ... Ãkku÷eMkLkku ...

# Ãkk÷LkÃkwhLke Mkeðe÷ nkuÂMÃk÷{kt {ríkLkLkwt çkk¤f {¤íkkt

MktsÞ òu»ke

ƒ™k,fktX™e …k÷™…wh™e ... yuf …kt[ {rn™k™wt ƒk¤f {¤Ek ... nŒe. r,rð÷™k ÷uƒkuhuxhe ... ™k hzðk™ku yðks ... ™sh …zŒk «Úk{ ... ðkhMk™e þkuÄ fhe nŒe ... ðkh, ™ {¤Ek ytŒu ...

# ðkð Lkøkhu çku ËeûkkÚkeo çkLkþu Ëeûkk ðhMkkuzku ÞkuòÞku





rð»ýw Ãkh{kh

ík.«ríkrLkrÄ ÃkkLkuhk

ÃkkLkuhkLkk {ÄwMkwËLk {kfuox{kt ykðu÷k MkwÃkh Ãke÷kh zeSx÷ Vkuxku MxwzeÞku{kt þrLkðkhLke hkºku þkuxoMkfeoxLkk fkhýu ykøk ÷køkíkt ¼khu LkwfþkLk Úkðk Ãkk{íkwt ...

# ÃkkLkuhkLke {ÄwMkwËLk {kfuox{kt ykøk ... VkuxkuMxwzeÞku ¼M{

# ƒ™k,fktXk rsÕ÷k™e ykt„ýðkze fkÞofh y™u Œuzk„h ƒnu™ku™u nzŒk÷ ,{uxe Vhs …h nksh ÚkðkŒkfeË

Vhs …h nksh ™ne Úk™kh nzŒk÷e W…h „ ykt„ýðkze™e ƒnu™ku™u ... ,uðk ,{kó fhðk{kt ykðþu ...

ƒ™k,fktXk rsÕ÷k™e ... ykt„ýðkze fkÞofh y™u Œuzk„h ƒnu™ku ... 22/2/2017 ... 8/3/2017 ... ykt„ýðkze ... nzŒk÷ ...

# ÄkLkuhk{kt çkLkkðLke Vuþçkwf ykEzeÚke fhíkk VrhÞkË

ÄkLkuhk{kt ... Vuþçkwf ykEze ... {Lkkðe VkuxkuøkúkVe ... ík.«ríkrLkrÄ ... ðkð ... ÃkkuíkkLkk ... ÃkkLkuhk Ãkku÷eMk ...

©e ¼e÷ze Lkkøkhef ... Mknfkhe {tz¤e ÷e., {w.

({wËíkðeíke çkkfeËkhku òuøk ònuh¾çkh)

ykÚke {tz¤eLkk ík{k{ Mk¼kMkË ¼kEykuLku sýkððkLkwt fu, [k÷w ð»ko (h017) {tz¤eLku hÃk ðÄw ÷kUøk xÙkLMk{ Úkíkk nkuE hsíkMÞrík Wsðýe fhðkLke Au íkku su Mk¼kMkË ÃkkMkuÚke MktMÚkkLkwt fkuEÃký òíkLkwt {wËíkðeíke ÷nuýwt çkkfe nþu íkku{s {wËíkðeíke çkkfeËkhLkk ò{eLk nþu yuðk Mk¼kMkËku ík.31/3/h017 MkwÄe ÷kuLk íkÚkk rºk{kMkef ÔÞks ¼hÃkkE fhðkLkwt hk¾þku. rºk{kMkef ÔÞks ([zu÷ ÔÞks) ík{k{ {wËíkðeíke çkkfe nþu íkku yuðk ík{k{ Mk¼kMkËkuLku hsíkMÞrík røkVx {¤ðkÃkk{ hnuþu Lknª.

ykŠz¼kE çke. Ãkxu÷

{uLkush

{k[[÷÷f {tz¤eLke ykËuþÚke

# zeMkk{kt yðLkðe rÃk[fkheykuLkwt ykf»koý



rðLkkuË çkkhkuxe

htøkkuLkk Ãkðo nku¤e- Äw¤uxeLku nðu økýíkhe Lkk rËðMkku çkkfe hÌkk Au íÞkhu zeMkkLke çkòh{kt yðLkðe ykf»kof rÃk[fkheykuLkwt ykøk{Lk ÚkE økÞwt Au. ykt çkòh{kt ¼kíkkíkh {ÃkkkEzh {uLk, {uxw- Äkík¤w, çkk÷-ðeh, zkuhuÞkuLkk rÃk[fkhe yLkuhe rÃk[fkheykuLkk [k÷w Ãkzâk Au. {kxk {kÚku ... {kuxu ¼køku {kuxe ÃkwøkeLkwt ykf»kof {¤u Au. {kuxk ¼køkLkk ík{k{ {kÃkLkk Ãkk{ke ... ÷k¾ku ...